

પેજ-08
કાર્તિકની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને સ્થાને...

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
IPL 2025 માટે રજત પાટીદારને સોંપાઇ RCB ટીમની કમાન



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 33.00 | 18.00 |
| વડોદરા | 33.00 | 17.00 |
| સુરત | 34.00 | 19.00 |

પેજ 5




આવકવેરા ધારાની કલમોમાં સુધારો કરવાની સંપૂર્ણ સત્તા સીબીડીટીને હસ્તક

14 FEBRUARY-2025 FRIDAY

પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે સોંપી...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76138.97 | ▼ | 032.11 |
| નિફ્ટી | 23031.40 | ▼ | 013.85 |
| સોનું | 85,781.00 | ▲ | 300.00 |
| ચાંદી | 94,988.00 | ▼ | 514.00 |

વર્ષ-14 । અંક-087 । વિક્રમ સંવત-2081 । મહા વદ-02 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મણિપુરમાં લાગુ થયું રાષ્ટ્રપતિ શાસન

**21 મહિનાથી ચાલી રહેલી હિંસામાં અત્યાર સુધીમાં 300થી વધુ લોકોનાં મોત**

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

કેન્દ્ર સરકારે ગુરુવારે મણિપુરમાં રાષ્ટ્રપતિ શાસન લાગુ કરી દીધું છે. 9 ફેબ્રુઆરીના રોજ મુખ્યમંત્રી એન બિરેન સિંહે રાજ્યપાલને પોતાનું રાજીનામું સુપરત કર્યું હતું. રાજ્યમાં 21 મહિનાથી ચાલી રહેલી વંશીય હિંસા (3 મે, 2023) ને કારણે 300થી વધુ લોકોના મોત થયા છે. આ કારણે બિરેન સિંહ પર રાજીનામું આપવાનું ઘણું દબાણ હતું. વિપક્ષી પક્ષો પણ આ મુદ્દા પર NDA પર સતત સવાલ ઉઠાવી રહ્યા હતા. ITLFએ કહ્યું- અમારી માગ અલગ વહીવટની કુકી સમુદાયના ITLF સંગઠનના પ્રવક્તા ગિન્જા વૂલજોંગે જણાવ્યું હતું કે, બિરેન સિંહે મણિપુર વિધાનસભામાં અવિશ્વાસ પ્રસ્તાવમાં હારના ડરથી રાજીનામું આપી દીધું છે. તાજેતરમાં તેમની એક ઓડિયો ક્લિપ લીક થઈ હતી, જેની સુપ્રીમ કોર્ટે નોંધ લીધી છે. આવી સ્થિતિમાં, ભાજપ માટે પણ તેમને બચાવવા મુશ્કેલ લાગે છે. બિરેન સિંહ મુખ્યમંત્રી રહે કે ન રહે, અમારી માગ અલગ વહીવટની છે. મૈતેઈ સમુદાયે અમને અલગ કરી દીધા છે. હવે આપણે પીછેહઠ કરી શકીએ નહીં. ઘણું લોહી વહી ગયું છે. ફક્ત રાજકીય ઉકેલ જ આપણી સમસ્યાઓનો ઉકેલ લાવી શકે છે. કુકી સમુદાય હજુ પણ અલગ વહીવટની માગ પર અડગ છે. રાહુલે કહ્યું- પીએમએ તાત્કાલિક મણિપુર જવું જોઈએ એન બિરેન સિંહના રાજીનામા બાદ રાહુલ ગાંધીએ કહ્યું કે હિંસા, જાનમાલના નુકસાન છતાં, પીએમ મોદીએ એન બિરેન સિંહને પદ પર જાળવી રાખ્યા છે, પરંતુ હવે લોકોના વધતા દબાણ, સુપ્રીમ કોર્ટ દ્વારા તપાસ અને કોંગ્રેસ દ્વારા અવિશ્વાસ પ્રસ્તાવને કારણે એન બિરેન સિંહને રાજીનામું આપવાની ફરજ પડી હતી. X પોસ્ટમાં તેમણે કહ્યું કે, આ સમયે સૌથી મહત્વપૂર્ણ બાબત એ છે કે રાજ્યમાં શાંતિ પુનઃસ્થાપિત કરવી અને મણિપુરના લોકોના ઘાને મટાડવાનું કામ કરવું.

**મણિપુરમાં 21 મહિનાથી ચાલી રહેલી વંશીય હિંસા**



## હિંસા પર બિરેન સિંહે કહ્યું હતું... મને માફ કરો

ડિસેમ્બર 2024માં મણિપુરના મુખ્યમંત્રી બિરેન સિંહે રાજ્યમાં થયેલી હિંસા અને તેમાં થયેલા જાનહાનિ બદલ માફી માંગી હતી. બિરેન સિંહે કહ્યું હતું કે, આખું વર્ષ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ રહ્યું છે. મને આ વાતનું ખૂબ દુઃખ છે. 3 મે, 2023થી આજ સુધી જે કંઈ બન્યું છે તેના માટે હું રાજ્યના લોકોની માફી માગું છું. સીએમ બિરેન સિંહે સચિવાલયમાં મીડિયા સાથેની ચર્ચા દરમિયાન કહ્યું કે, ઘણા લોકોએ પોતાના પ્રિયજનો ગુમાવ્યા છે. ઘણા લોકો પોતાના ઘર છોડીને ચાલ્યા ગયા. હું ખરેખર દિલગીર છે. હું માફી માંગવા માગું છું. મણિપુરમાં 3 મે 2023થી કુકી-મેઈતેઈ સમુદાય વચ્ચે હિંસા ચાલુ છે. મેઈતેઈ-કુકી સમુદાય વચ્ચે હિંસા ફાટી નીકળ્યાને 600 થી વધુ દિવસ વીતી ગયા છે. બિરેને સિંહે કહ્યું, 'મણિપુરમાં મે 2023થી ઓક્ટોબર 2023 દરમિયાન ગોળીબારની 408 ઘટનાઓ નોંધાઈ હતી. નવેમ્બર 2023થી એપ્રિલ 2024 સુધી 345 ઈવેન્ટ્સ હતી. મે 2024થી અત્યાર સુધીમાં 112 ઘટનાઓ નોંધાઈ છે.

## લીક થયેલી ઓડિયો ક્લિપમાં મુખ્યમંત્રી પર હિંસા ભડકાવવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો

3 ફેબ્રુઆરીના રોજ સુપ્રીમ કોર્ટે મણિપુર હિંસા કેસની સુનાવણી કરી. કુકી ઓર્ગેનાઈઝેશન ફોર હ્યુમન રાઈટ્સ ટ્રસ્ટ (KOHUR) વતી કોર્ટમાં એક અરજી દાખલ કરવામાં આવી હતી જેમાં કેટલીક ઓડિયો ક્લિપ્સની તપાસની માગ કરવામાં આવી હતી. એવો દાવો કરવામાં આવ્યો હતો કે ઓડિયોમાં મુખ્યમંત્રી કથિત રીતે કહી રહ્યા છે કે તેમણે મૈતેઈઓને હિંસા ભડકાવવા દીધી અને તેમને રક્ષણ આપ્યું. અરજદારોના વકીલ પ્રશાંત ભૂષણે કહ્યું કે, જે ક્લિપ બહાર આવી છે તે ખૂબ જ ગંભીર છે. આના પર, CJI સંજીવ ખન્ના અને જસ્ટિસ પીવી સંજય કુમારની બેંચે મણિપુર સરકારને ખાતરી કરવા કહ્યું કે, આ બીજો મુદ્દો ન બને. આ અંગે સુપ્રીમ કોર્ટે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબ (CFSL) પાસેથી 6 અઠવાડિયાની અંદર સીલબંધ પરબિડીયુંમાં રિપોર્ટ માંગ્યો છે.

## હિંસા વચ્ચે મણિપુરના મુખ્યમંત્રી પદેથી એન. બિરેન સિંહે આપી દીધું હતું રાજીનામું

મણિપુરમાં શાંતિ સ્થાપી શકે એવા મુખ્યમંત્રી મળવા મુશ્કેલ છે. એન. બિરેન સિંહે લાંબા સમય સુધી હિંસાચાર જોયા કર્યો હતો. તેમની પાસેથી રાજીનામું ઘણો સમય પહેલાં લઈ લેવા જેવું હતું. જો કે, બે પક્ષો વચ્ચે વેરઝેર મોટા પાયે વધી ગયા પછી તેમણે રાજીનામું આપ્યું હતું. મણિપુરમાં નવા રાજ્યપાલ એ.કે. ભલ્લાએ શપથ લીધા પછી મુખ્યમંત્રી બિરેન સિંહે રાજીનામું આપી દીધું હતું. છેલ્લાં બે વર્ષમાં મણિપુરની હિંસાએ અનેકનો ભોગ લીધો છે અને આ અન્યથા શાંત રાજ્ય હિંસાચારની આગમાં લપેટાઇ ગયું છે. મણિપુરમાં અશાંતિ ઊભી થવા પાછળનું મુખ્ય કારણ નબળી રાજ્ય સરકાર હોવાનું જાહેરમાં ચર્ચાઇ રહ્યું છે. બિરેન સિંહે તોફાનીઓ સામે સમયસર પગલાં ભર્યા નહીં અને 'હોતી હૈ ચલતી હૈ'વાળી નીતિ અપનાવી.

# નાણાંમંત્રી સીતારમણે લોકસભામાં રજૂ કર્યું નવું ઈન્કમ ટેક્સ બિલ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

નાણાંમંત્રી નિર્મલા સીતારમણે લોકસભામાં નવું ઈન્કમ ટેક્સ બિલ 2025 રજૂ કર્યું છે. જેને 7 ફેબ્રુઆરી, 2025ના રોજ કેબિનેટ બેઠકમાં મંજૂરી મળી હતી. નવું બિલ 60 વર્ષ જૂના ઈન્કમ ટેક્સ ઍક્ટનું સ્થાન લેશે. જે ટેક્સ સિસ્ટમને સરળ, પારદર્શક અને પ્રભાવશાળી બનાવશે.



### નવા ઈન્કમ ટેક્સ બિલમાં પ્રસ્તાવિત સુધારાઓ

**ટેક્સ યરનો ઉપયોગ:** નવા બિલમાં અસેસમેન્ટ યરના સ્થાને ટેક્સ યર શબ્દનો ઉપયોગ થશે. જે 1 એપ્રિલથી 31 માર્ચ સુધીનો રહેશે. નવો બિઝનેસ શરુ થાય તો તેનો ટેક્સ યર પ્રારંભના દિવસથી જ શરુ થશે અને તે વર્ષના નાણાકીય વર્ષના અંતે પૂર્ણ થશે.

**કાયદાકીય ભાષા સરળ બનાવી:** નવા બિલમાં કાયદાકીય શબ્દોને સરળ અને ટૂંકાવામાં આવ્યા છે. જેથી સમજવામાં સરળતા રહે. બિનજરૂરી જોગવાઈઓને દૂર કરી જૂના 823 પાનાંના સ્થાને નવું ઈન્કમ ટેક્સ બિલ 622 પાનામાં તૈયાર કરાયું.

**ચેપ્ટર્સ, શિડ્યુલ્સ વધ્યા :** નવા બિલમાં ચેપ્ટર્સની સંખ્યા 23, કલમો 298થી વધી 536 થઈ છે. જ્યારે શિડ્યુલ્સની સંખ્યા 14થી વધારી 16 થઈ. ઉપરાંત આ બિલમાં 'સ્ટાન્ડર્ડ ડિડક્શન' અને 'કેપિટલ ગેઈન ટેક્સ' બાબતે સ્પષ્ટતા કરવામાં આવી છે.

**દર જાળવી રાખ્યા:** નવા બિલમાં શેરબજાર માટે ટૂંકા ગાળાના મૂડી લાભના સમયગાળામાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. કલમ 101(b) હેઠળ, 12 મહિના સુધીના સમયગાળાને શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ગણવામાં આવશે. આ ઉપરાંત તેના દરો પણ સમાન રાખવામાં આવ્યા છે. શોર્ટ ટર્મ કેપિટલ ગેઈન ટેક્સ 20 ટકા પર યથાવત્ રાખવામાં આવ્યો છે.

### ટેક્સ રિજિમમાં કોઈ ફેરફાર નહીં

નવા ટેક્સ બિલમાં ટેક્સ રિજિમ(New Tax Regime) બાબતે કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી; બજેટમાં જાહેર કરાયેલા દરો યથાવત્ રહેશે. નવી કર વ્યવસ્થામાં સ્લેબમાં ફેરફાર કરવામાં આવ્યો છે; જે અંતર્ગત 12 લાખ રૂપિયા સુધીની કમાણીને આવકવેરામાંથી બહાર રાખવામાં આવી છે. ઉપરાંત, નવી કર વ્યવસ્થા હેઠળ સ્ટાન્ડર્ડ ડિડક્શન 75,000 રૂપિયા અને જૂના ટેક્સ શાસન હેઠળ 50,000 રૂપિયા હશે.

- કેપિટલ ગેઈન પર એક સમાન ટેક્સ: શેર, રિયલ એસ્ટેટ, મ્યુચ્યુઅલ ફંડ જેવા પર કેપિટલ ગેઈનમાં હાલના અલગ-અલગ ટેક્સ ટ્રીટમેન્ટના સ્થાને નવા બિલમાં એક સમાન ટેક્સ વ્યવસ્થા રાખવામાં આવી છે.
- ક્રિપ્ટો પર ફ્લેટ 30% ટેક્સ: નવા બિલમાં ક્રિપ્ટો, એનએફટી સહિત વર્ચ્યુઅલ ડિજિટલ સંપત્તિઓ પર ફ્લેટ 30 ટકા ટેક્સની જોગવાઈ હશે. ક્રિપ્ટોની દરેક લેવડદેવડ પર 1% ટીડીએસ લાગુ થશે. તેમાં અધિગ્રહણના ખર્ચને બાદ કરતાં કોઈ પ્રકારની કપાત કે છૂટની મંજૂરી નહીં હોય. રિટર્નમાં ક્રિપ્ટોનું રિપોર્ટિંગ અનિવાર્ય હશે.
- ડિજિટલ એસેટ્સ: નવા કાયદામાં ડિજિટલ એસેટ્સ માટે પણ ક્લોઝ જોડાયો છે. તેને રોકડ અને ઘરેણાંની માફક જાહેર કરાતી આવકની કેટેગરીમાં રખાઇ છે.
- ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ રહેશે: વ્યક્તિગત ટેક્સપેયર, હિન્દુ અવિભાજિત પરિવાર અને અન્ય ટેક્સપેયરો માટે નવા ટેક્સ રિજિમનો પ્રસ્તાવ ડિફોલ્ટ રૂપમાં છે. જોકે તેમની પાસે ઓલ્ડ રિજિમ પસંદ કરવાનો વિકલ્પ પણ રહેશે, પરંતુ એક વાર નવું રિજિમ પસંદ કરી લીધું તો વિશેષ પરિસ્થિતિઓ વગર જૂના રિજિમમાં નહીં જઈ શકાય.

# વક્ફ બિલ મુદ્દે સંસદમાં હોબાળો, વિપક્ષનો વૉકઆઉટ

## રિપોર્ટ સંસદમાં રજૂ : ખડગેએ કહ્યું- અમારા વાંધા કાઢી નાખ્યા, શાહે કહ્યું- જે ઇચ્છો તે ઉમેરો, મારી પાર્ટીને કોઇ વાંધો નથી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

બજેટ સત્રના પહેલા તબક્કાના છેલ્લા દિવસે વક્ફ સુધારા બિલ પર JPC રિપોર્ટ રજૂ કરવા પર સંસદમાં હોબાળો થયો. રાજ્યસભામાં તે ભાજપના સાંસદ મેધા કુલકર્ણી દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું, જ્યારે લોકસભામાં તે JPCના અધ્યક્ષ અને ભાજપના સાંસદ જગદંબિકા પાલે રજૂ કર્યું હતું. બંને ગૃહોમાં વિપક્ષે આ અંગે વાંધો ઉઠાવ્યો. તેમનો આરોપ છે કે JPC રિપોર્ટમાં તેમની અસહમતિઓ કાઢી નાખવામાં આવી હતી. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું, 'આ JPC રિપોર્ટ ખોટો છે.' આમાં વિપક્ષની અસહમતિઓને ડિલીટ કરી નાખવામાં આવી છે. આ ગેરબંધારણીય છે. આપ સાંસદ સંજય સિંહે કહ્યું, 'અમે અમારો પક્ષ રજૂ કર્યો. કોઈ તેની સાથે સહમત અથવા અસંમત થઈ શકે છે, પણ કોઈ તેને કચરાપેટીમાં કેવી રીતે ફેંકી શકે? આ અંગે ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, 'કેટલાક વિપક્ષી સભ્યોએ વાંધો ઉઠાવ્યો હતો કે તેમનો અભિપ્રાય તેમાં સામેલ નથી.' હું કહેવા માંગુ છું કે વિપક્ષી સભ્યો સંસદીય પ્રક્રિયા મુજબ જે ઈચ્છે તે ઉમેરી શકે છે. તેમના પક્ષને આ સામે કોઈ વાંધો નથી.



### 655 પાનાનો રિપોર્ટ એક રાતમાં કેવી રીતે વાંચીએ? : ગોગોઈ

આ દરમિયાન કોંગ્રેસ સાંસદ રંજન ગોગોઈએ કહ્યું હતું કે, '655 પાનાનો રિપોર્ટ એક રાતમાં કેવી રીતે વાંચીએ. અમને વાંધા રજૂ કરવાનો સમય પણ નથી અપાયો.' બીજી તરફ, ઑલ ઈન્ડિયા મજલિસ-એ-ઈત્તેહાદુલ મુસ્લિમીનના સાંસદ અસદુદ્દીન ઓવૈસીએ પણ આ બિલને ગેરબંધારણીય ગણાવતા કહ્યું હતું કે, 'મુસ્લિમો પાસેથી તેમનો હક છીનવવા આ બિલ લવાયું છે. આ બિલ માત્ર ગેરબંધારણીય જ નહી પરંતુ બંધારણના અનુચ્છેદ 14, 15 અને 29નું ઉલ્લંઘન કરે છે. આ બિલ વક્ફ સંપતિઓને બચાવશે નહી, પરંતુ તેને સમાપ્ત કરી નાખશે. અમે આ બિલની નિંદા કરીએ છીએ.' અન્ય વિપક્ષોએ પણ આ બિલના પ્રસ્તાવોને પૂર્વગ્રહયુક્ત અને એકતરફી ગણાવ્યા છે.

### મુસ્લિમ પર્સનલ લો બોર્ડનો વિરોધ

ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના સભ્ય મૌલાના ખાલિદ રશીદ ફિરંગી મહાલીએ વક્ફ (સુધારા) બિલ પરના JPC રિપોર્ટ વિશે કહ્યું હતું કે, 'અમે વક્ફ (સુધારા) બિલનો વિરોધ કરીએ છીએ. અમે ઈચ્છીએ છીએ કે વક્ફ બિલમાં સુધારો ન થવો જોઈએ. વિપક્ષી સાંસદોએ પણ પોતાનો વાંધો વ્યક્ત કર્યો હતો. પરંતુ તેમને રિપોર્ટમાં સામેલ કરવામાં આવ્યા ન હતા.' સમાજવાદી પાર્ટીના સાંસદ ડિમ્પલ યાદવે કહ્યું હતું કે, 'સરકારે પોતાની મનમાની કરીને આ બિલ લાવી છે. લોકોનું ધ્યાન ભટકાવવા માટે સરકાર સત્રના છેલ્લે દિવસે આ બિલ સંસદમાં રજુ કર્યું છે.'


**રિપોર્ટને બહુમતી સાથે સ્વીકાર કરવામાં આવ્યો :** આજે સંસદમાં ચાલી રહેલા બજેટ સત્રના પહેલા ચરણનો છેલ્લો દિવસ હતો. સમિતિએ આ રિપોર્ટ 30 જાન્યુઆરીએ લોકસભા અધ્યક્ષ ઓમ બિરલાને સોપવામાં આવ્યો હતો. સમિતિની આ 655 પેજ વાળા રિપોર્ટને બહુમતી સાથે સ્વીકાર કરવામાં આવ્યો હતો. જેમાં ભારતીય જનતા પાર્ટીના સભ્યો દ્વારા આપવામાં આવેલા સૂચનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**અમિત શાહે વિપક્ષી સાંસદોને શાંત રહેવાની અપીલ :** લોકસભામાં વક્ફ બિલ પર પર JPCનો રીપોર્ટ રજુ કરતા સમયે થઇ રહેલા હંગામા વચ્ચે ગૃહ મંત્રી અમિત શાહે વિપક્ષી સાંસદોને શાંત રહેવાની અપીલ કરતા કહ્યું હતું કે, 'તમારે આ બિલમાં જે જોડવું હોય તે જોડી શકો છો, તેમાં મારી પાર્ટીને કોઈ વાંધો નથી. વિપક્ષે આ બિલ પર જે વાત રાખવી જોય તે રાખી શકે છે.'

# દલાઈ લામા અને સંબિત પાત્રાની વધારાઈ સુરક્ષા, ગૃહ મંત્રાલયે આપી Z કેટેગરી

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

કેન્દ્રીય ગૃહમંત્રાલયે ધાર્મિક ગુરુ દલાઈ લામા અને ભાજપ નેતા સંબિત પાત્રાની સુરક્ષામાં વધારો કર્યો છે. ગુપ્તચર એજન્સીઓએ બંનેની સુરક્ષા અંગે ગૃહમંત્રાલયને રિપોર્ટ સોપ્યો હતો, ત્યારબાદ મંત્રાલયે બંનેને Z શ્રેણીની સુરક્ષા આપી છે. મણિપુરમાં છેલ્લા બે વર્ષમાં અનેક જાતિય હિંસાઓની ઘટના બની છે. આ ઉપરાંત મુખ્યમંત્રી એન.બિરેન સિંહે તાજેતરમાં જ રાજીનામું આપ્યા બાદ રાજ્યમાં રાજકીય ગરમાવો વધી ગયો છે. ભાજપના વરિષ્ઠ નેતા સંબિત પાત્રા હાલ મણિપુરના પ્રવાસે છે. તેમણે બુધવારે (12 ફેબ્રુઆરી) બે વખત મણિપુરના રાજ્યપાલ અજય કુમાર ભલ્લા સાથે મુલાકાત કરી હતી. તેમણે મણિપુરમાં ભાજપના ધારાસભ્યો સાથે બેઠક પણ કરી હતી.



### 33 સુરક્ષા કર્મી દલાઈ લામાની સુરક્ષા કરશે

કેન્દ્રીય ગૃહમંત્રાલયના આદેશ મુજબ કુલ 33 સુરક્ષા કર્મચારીઓ દલાઈ લામાની ચોવીસ કલાક સુરક્ષા કરશે. તેમાં 12 કમાન્ડો અને 6 PSO સામેલ છે. સુરક્ષા કર્મચારીઓમાં 10 આર્મડ સ્ટેટિક ગાર્ડ પણ તેમના નિવાસસ્થાને તહેનાત કરાશે. જ્યારે સંબિત પાત્રાને માત્ર મણિપુરમાં જ Z શ્રેણીની સુરક્ષા પુરી પડાશે, જેમાં CRPFના જવાનો તહેનાત રહેશે. આઈબીએ રિપોર્ટ આપ્યા બાદ ગૃહમંત્રાલયે પાત્રાની સુરક્ષા વધારી છે.

### ગુપ્ત રિપોર્ટ મુજબ દલાઈ લામા પર ખતરો

દલાઈ લામાની સુરક્ષા કરવા માટે ટ્રેન્ડ ડ્રાઈવર અને દેખરેખ રાખતા કર્મચારીઓ ચોવીસ કલાક ડ્યુટી પર રહેશે. આ ઉપરાંત ત્રણ શિફ્ટમાં કુલ 12 કમાન્ડો તેમના સુરક્ષા પુરી પાડશે. ચીન સામે નિષ્ફળ વિદ્રોહ બાદ દલાઈ લામા 1959માં ભારત આવ્યા હતા. ગુપ્તચર એજન્સીઓને છેલ્લા ઘણા વર્ષોથી રિપોર્ટ મળી રહ્યો છે કે, ચીન સમર્થિક તત્વો અને વિવિધ સંસ્થાઓથી દલાઈ લામા પર સંભવિત ખતરો છે. આ જ કારણે તેમની સુરક્ષા વધારવામાં આવી છે.

## શરદ પવારે પાઘડી પહેરાવી શિંદેનું સન્માન કરતાં ઉદ્ધવ ઠાકરે નારાજ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હીમાં અરવિંદ કેજરીવાલ સત્તા પરથી બહાર થયા બાદ વિપક્ષી ગઠબંધન I.N.D.I.A. બ્લોકમાં તિરાડ સ્પષ્ટ દેખાઈ રહી છે. આ ગઠબંધનની અંદરથી જ કેટલાક એવી અવાજ ઉઠી રહી છે કે જો કોંગ્રેસ અને AAPએ સાથે મળીને ચૂંટણી લડી હોત તો કદાચ પરિણામ અલગ હોત. આ તમામ ચર્ચાઓ વચ્ચે I.N.D.I.A. બ્લોકમાં એક નવો મોરચો ખુલ્યો છે. આ બ્લોકમાં મહારાષ્ટ્રની અંદર ઘમાસાણ મચી ગયું છે. ત્યાં I.N.D.I.A. બ્લોક પાર્ટીઓ વિપક્ષી મહા વિકાસ આઘાડીના બેનર હેઠળ છે.

દિલ્હીના પૂર્વ CM આતિશીનો મોટો દાવો

# ત્રણ દિવસમાં જ લોકોને તેમની ભૂલનું ભાન થયું...

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હીના કાર્યવાહક મુખ્યમંત્રી આતિશીએ કહ્યું કે 'ભારતીય જનતા પાર્ટીની જીતની સાથે જ રાજધાનીમાં પાવર કટ લાગવાનું શરુ થઈ ગયું છે. દિલ્હીના અ લ ગ - અ લ ગ વિસ્તારોથી સેંકડો લોકોએ પાવર કટની ફરિયાદ કરી છે અને તેમને ઈનવર્ટર ખરીદીને લાવવું પડી રહ્યું છે. ત્રણ દિવસમાં જ લોકોને પોતાની 'ભૂલ'નો અહેસાસ થઈ ગયો છે.



આતિશીએ અમુક પેપર બતાવતાં દાવો કર્યો કે 'લોકો સોશિયલ મીડિયા પર પોતાના વિસ્તારોમાં વીજળી કપાયાની ફરિયાદ કરી રહ્યા છે. ત્રણ દિવસમાં પાવર સેક્ટર 24 કલાક વીજળીનું ધ્વસ્ત થવું દર્શાવે છે કે આમ આદમી પાર્ટીની સરકાર દરરોજ, એક એક કલાક સમગ્ર વીજળી સેક્ટરને મોનિટર કરી રહી હતી. આ દર્શાવે છે કે જ્યારે આમ આદમી પાર્ટીની સરકાર હટી છે. સમગ્ર પાવર સેક્ટર ધ્વસ્ત થઈ ગયું છે. મને અલગ-અલગ ભાગોથી કોલ આવી રહ્યા છે. કાલે રાત્રે મયૂર વિહારમાં લાઈટ કપાઈ, મને સવારે ઘણા લોકોના ફોન આવ્યા. ઈનવર્ટર ખરીદીને લાવ્યા છે. ઘણા લોકોએ મને કોલ કરીને કહ્યું કે 'ત્રણ દિવસમાં જ અમને અનુભવ થઈ ગયો કે કદાચ ચૂંટણીમાં અમારાથી ભૂલ થઈ.'

# દિલ્હીની નવી સરકારમાં દેખાશે મિનિ ઈન્ડિયાની ઝલક! બે ડેપ્યુટી CM બનાવવાની તૈયારીમાં ભાજપ

(એજન્સી) નવી દિલ્હી । તા. 13

દિલ્હી ચૂંટણીમાં શાનદાર જીત હાંસલ કર્યા બાદ ભાજપ મુખ્યમંત્રી પસંદ કરવાના પ્રયાસ કરી રહી છે. આ દરમિયાન પાર્ટી અન્ય રાજ્યોની જેમ દિલ્હીમાં પણ બે નાયબ મુખ્યમંત્રી બનાવવાનો ફોર્મ્યુલા અપનાવશે તેવી અટકળો પણ તેજ થઈ છે. રાજધાનીને 'મિની ભારત'ના રૂપે દર્શાવવા માટે નવી કેબિનેટમાં બે નાયબ મુખ્યમંત્રી સામેલ કરવાના વિકલ્પ પર ચર્ચા કરવામાં આવી રહી છે. ભાજપના અમુક નેતાઓનું કહેવું છે કે, દિલ્હી સરકારમાં બે નાયબ મુખ્યમંત્રીના કારણે પાર્ટીને વિવિધ જાતિ, સમુદાય અને પ્રાદેશિક પૃષ્ઠભૂમિના ધારાસભ્યોને સમાવવામાં મદદ મળશે. બે નાયબ મુખ્યમંત્રી બનવાની સંભાવના વધારે છે. કારણકે, આવું અન્ય અનેક રાજ્યોમાં પણ કરવામાં આવ્યું છે, જ્યાં વિભિન્ન પૃષ્ઠભૂમિના નેતાઓનો સમાવેશ કરવા માટે બે નાયબ મુખ્યમંત્રી બનાવાયા છે. ભાજપ શાસિત મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને રાજસ્થાનમાં પણ આ જ નીતિ અપનાવવામાં આવી છે.

**રવિવારે થશે ધારાસભ્ય દળની બેઠક?** દિલ્હીના ભાજપ નેતાઓનું કહેવું છે કે, આ પ્રસ્તાવ પર રાષ્ટ્રીય નેતૃત્વ વિચાર કરી રહ્યું છે, જે તેના પર અંતિમ નિર્ણય લેશે. આ સિવાય મુખ્યમંત્રી અને અન્ય મંત્રીઓના નામ પર પણ અંતિમ નિર્ણય લેવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિદેશ પ્રવાસ બાદ દિલ્હીમાં સરકાર રચવાની પ્રક્રિયામાં તેજી આવવાની સંભાવના છે. ગૃહના નેતા પસંદ કરવા માટે ભાજપ ધારાસભ્ય દળની બેઠક રવિવારે યોજે તેવી સંભાવના છે.

**કોણ બનશે મુખ્યમંત્રી?** મુખ્યમંત્રી પદના દાવેદારોમાં અનેક ભાજપ ધારાસભ્યના નામની ચર્ચા છે. તેમાં પરવેશ વર્માનું નામ સામેલ છે, જે નવી દિલ્હી બેઠકથી આમ આદમી પાર્ટીના સંયોજક અરવિંદ કેજરીવાલને હરાવી ધારાસભ્ય બન્યા છે. આ સિવાય દિલ્હી ભાજપના પૂર્વ પ્રમુખ વિજેન્દ્ર ગુપ્તા, સતીશ ઉપાધ્યાય અને મનજિંદર સિંહ સિરસા, પવન શર્મા, આશીષ સૂદ, રેખા ગુપ્તા તેમજ શિખા રાય જેવા વરિષ્ઠ નેતા પણ મુખ્યમંત્રી પદની હોડમાં સામેલ છે. પાર્ટી નેતાઓએ કરનેલ સિંહ અને રાજકુમાર ભાટિયા જેવા અમુક નવનિર્મિત ધારાસભ્યોનું નામ પણ લીધા છે, જે મુખ્યમંત્રી પદ માટે સંભવિત દાવેદાર જણાવવામાં આવી રહ્યા છે.

# ૩૮મી નેશનલ ગેમ્સમાં સુરતની બે દીકરીઓએ ગોલ્ડ મેડલ જીતીને ગુજરાતનું નામ રોશન કર્યું

## ગુજરાતના કુલ ૨૩૦ ખેલાડીઓ ૨૫ રમતોમાં સહભાગી

## સાઈકલીંગ અને તાઈકવૉન્ડો રમતમાં ગુજરાતનું ગૌરવ વધારતી મુસ્કાન ગુપ્તા અને ટ્વીશા કાકડિયા









(એજન્સી) ગાંધીનગર. તા. 13

ખેલ મહાકુંભના માધ્યમથી ગુજરાતના ખેલાડીઓએ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ મેડલ પ્રાપ્ત કરીને ગુજરાત અને ગુજરાતીઓને ગૌરવ અપાવ્યું છે. તાજેતરમાં ઉત્તરાખંડમાં ચાલી રહેલી ૩૮મી નેશનલ ગેમ્સમાં સુરતની બે દીકરીઓએ ગોલ્ડ મેડલ જીતીને દેશમાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને રમત ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના યુવાનોમાં રમત ગમત પ્રત્યે જાગૃતિ અને સહભાગીતા વધે તેવા ઉમદા હેતુથી રાજ્યમાં વર્ષોથી ખેલ મહાકુંભ યોજાઈ રહ્યો છે. ખેલ મહાકુંભના આયોજનથી ગુજરાતના ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રમતોમાં વિવિધ મેડલો પ્રાપ્ત કરી રહ્યા છે.

ગુજરાતના સુરત શહેરમાં રહેતી મુસ્કાન ગુપ્તાએ ૩૮મી નેશનલ ગેમ્સમાં ઉતરાખંડ ખાતે સાયકલીંગ રમતમાં પ્રથમ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી રાજ્યનું નામ રોશન કર્યું હતું, ૧૧મી ખેલ મહાકુંભની આવૃત્તિમાં મુસ્કાને સર્વપ્રથમ સાયકલીંગ રમતમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યો હતો, આ પ્રથમ ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા બાદ એનું સપનું હતું કે, નેશનલ ગેમ્સમાં ગુજરાતને ગોલ્ડ મેડલ અપાવવો એ સપનું તેને સાકાર કર્યું છે, જ્યારે મુસ્કાને ગુજરાત સરકારનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતની C.O.E. સેન્ટર ઓફ એક્સેલેન્સ યોજના હેઠળ તાલીમ મેળવી આજે ૩૮મી નેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ મે જીત્યો છે. ગત વર્ષે ૩૭મી નેશનલ ગેમ્સમાં મને સિલ્વર મેડલ પ્રાપ્ત થયો હતો, ત્યારબાદ મારા કોચ અને ગુજરાત સરકાર દ્વારા સેન્ટર ઓફ એક્સેલેન્સની તાલીમથી આજે મારું ગોલ્ડ મેડલ જીતવાનું સપનું સાકાર થયું છે. મુસ્કાન ગુપ્તાને ગુજરાત સરકાર દ્વારા સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત અંતર્ગત ખેલ પ્રતિભા પુરસ્કાર પણ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત મુસ્કાનની વિશેષ સિદ્ધિઓમાં ૬૫મી નેશનલ સ્કૂલ ગેમ્સ સાયકલીંગ(રોડ) ચેમ્પીયનશીપમાં ગોલ્ડ મેડલ (SGFI), ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૧માં ગોલ્ડ મેડલ, ૧૧માં ખેલ મહાકુંભમાં સાઈકલીંગ રમતમાં ગોલ્ડ મેડલ, ૩૭મી નેશનલ ગેમ્સ ગોવા ખાતે સિલ્વર મેડલ, ૬૪મી નેશનલ સ્કૂલ ગેમ્સ સાયકલીંગ(રોડ) ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ SGFI, ૨૯મી રોડ સાયકલીંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ, ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ ૨૦૨૦માં સિલ્વર મેડલ, નેશનલ ખેલો ઈન્ડિયા મહિલા લીગ ૨૦૨૩માં સિલ્વર મેડલ, બીજી નેશનલ રોડ સાયકલીંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ અને ૨૪મી નેશનલ રોડ સાયકલીંગ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. ગુજરાતના સુરત શહેરની દીકરી ટ્વીશા કાકડિયાએ ગોવા ખાતે ૩૭મી નેશનલ ગેમ્સ અને ઉતરાખંડ ખાતે ૩૮મી નેશનલ ગેમ્સમાં ટેક્વોન્ડો રમતમાં સતત બે વર્ષથી ગોલ્ડ મેડલ મેળવી દેશમાં ગુજરાતનું ગૌરવ વધાર્યું છે, ખેલ મહાકુંભના માધ્યમથી ટ્વીશા કાકડિયા એ રમત ગમત ક્ષેત્રે એક આગવું નામ હાંસલ કર્યું છે. તેણે ગુજરાત સરકારના ખેલ મહાકુંભ તેમજ સેન્ટર ઓફ એક્સેલેન્સ યોજનાનો આભાર માનતા જણાવ્યું હતું કે, ગુજરાત સરકારની આ યોજનાઓ થકી આજે નેશનલ ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતવાનું સપનું સાકાર થયું છે, સેન્ટર ઓફ એક્સેલેન્સ યોજના હેઠળ ટ્વીશા છેલ્લા ૮ વર્ષથી ટેક્વોન્ડો રમતની તાલીમ મેળવી રહી છે, ટ્વીશાએ સતત ૬ વર્ષથી ખેલ મહાકુંભમાં ભાગ લઈ ગોલ્ડ મેડલ મેળવી એક અનોખો રેકોર્ડ સ્થાપિત કર્યો છે.

ટ્વીશા કાકડિયા દ્વારા વિશ્વ ટેક્વોન્ડો ચૅમ્પિયનશિપ, અઝરબૈજાનમાં ભાગ લીધો હતો, સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા ૨૦૧૯-૨૦માં બ્રોન્ઝ મેડલ, બીજી ખેલો ઈન્ડિયા વિમેન્સ નેશનલ ટેકવોન્ડો ચેમ્પિયનશિપ, ધારવાડમાં ગોલ્ડ મેડલ, ૩૮મી સિનિયર નેશનલ ચેમ્પિયનશિપ ૨૦૨૩-પુડુચેરીમાં ગોલ્ડ મેડલ, ૪૦મી નેશનલ સિનિયર ટેકવોન્ડો ચેમ્પિયનશિપ, પોંડિચેરીમાં ગોલ્ડ મેડલ તેમજ ૩૯મી નેશનલ સિનિયર ક્યોરુગીમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો. અત્રે ઉલેખ્ખનીય છે કે, ૩૮મી નેશનલ ગેમ્સનું આયોજન તા.૨૮ જાન્યુઆરી થી ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન ઉત્તરાખંડના દેહરાદૂન, હલ્દવાની, હરીદ્વાર, ટનકપુર, પીથોરાગઢ, અલ્મોડા, તેરી, શિવપુરી ઋષિકેશ, ભીમતાલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે. ૩૮મી નેશનલ ગેમ્સમાં સ્વિમિંગ, એથ્લેટિક્સ, આર્ચરી, બેડમિન્ટન, બોક્સિંગ, કેનોઈ સ્લેલોમ, સાયકલિંગ, ફેન્સિંગ, જિમ્નાસ્ટિક્સ, જુડો, ખો-ખો, લોન ટેનિસ, મલ્લખંભ, મોર્ડન પેન્ટાથલોન, નેટ બોલ, શૂટિંગ, સ્ક્વોશ, ટેબલ ટેનિસ, તાઈકવૉન્ડો, ટ્રાયથ્લોન, વેઈટલિફ્ટિંગ, કુસ્તી, વુશુ, યોગાસનનો સમાવેશ થાય છે. જેમાં ગુજરાતની બે ખેલાડીઓએ ગોલ્ડ મેડલ હાંસલ કર્યું છે. ગુજરાત સરકાર દ્વારા આ દીકરીઓને ખેલ પ્રતિભા પુરસ્કાર અંતર્ગત પુરસ્કાર આપવામાં આવશે.

# પીએમ કુસુમ યોજનાનાં નામ પર ખેડૂતોના નામે વચેટિયાઓના ખિસ્સા ગરમ, ખેડૂતો લાભથી વંચિત

સુશીલ પવાર । ડાંગ

ડાંગ જિલ્લામાં મોટાભાગે ગરીબ આદિવાસી ખેડૂતો વસવાટ કરે છે.ત્યારે આ ખેડૂતો જંગલ વિસ્તારમાં પિયત ખેતી કરે છે.અને પગભર બને તે હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા પ્રધાનમંત્રી કુષ્ણ યોજના હેઠળ સોલર રૂફટોપ આપવાની યોજના અમલમાં મુકેલ હોય,પરંતુ આ યોજનાનાં નામ પર વચેટિયાઓ દ્વારા ગરીબ અને અજ્ઞાન ખેડૂત પાસેથી ફોર્મ તથા એફડેવિટ કરવાનું કહી મોટા પાયે ઉઘરાણું કરવામાં આવી રહ્યું હોય તેવું જાણવા મળી રહ્યું છે.તેમજ આ ઉઘરાણા બાદ પણ ગરીબ ખેડૂતોને હજુ સુધી આ યોજનાનો લાભ મળેલ નથી.જેના કારણે ખેડૂતોની સ્થિતિ કફોડી સર્જાતી જોવા મળી રહી છે.આહવા તાલુકાનાં જાખાના,ધૂમખલ ,ચિચપાડા વિસ્તારમાં વર્ષ 2024-25 અંતર્ગત ગલકુંડ વિસ્તારના એક ઈસમ દ્વારા જંગલ - જમીન ખેડતા ગરીબ આદિવાસી ખેડૂતોને સરકાર દ્વારા મફત સોલાર લાઈટ આપવાની યોજના હેઠળ લાભાર્થીએ હજાર રૂપિયા ફોર્મના અને પાંચસો રૂપિયા એફિડેવિટ કરવાના આપવાના એમ જણાવ્યુ હતુ.આ ઈસમ દ્વારા પીએમ કુસુમ યોજના હેઠળનાં લાભાર્થીઓને એફિડેવિટ અને ફોર્મ ભરવાના નામ પર વ્યક્તિ દીઠ 1500 રૂપિયાની ઉઘરાણી કરી હતી.આ ઈસમ દ્વારા અંદાજે દસેક આદિવાસી ખેડૂતો પાસેથી ઉઘરાણું કરવામાં આવેલ હોવાનું જાણવા મળી રહ્યું છે.જોકે આ ઉઘરાણા કર્યા બાદ તમામ લાભાર્થીઓને યોજનાનો લાભ ઓનલાઈન ફોર્મ જમા થયે મળી જશે એમ જણાવી આ ઈસમ રફુચક્કર થઈ જવા પામેલ છે.જેના કારણે ગરીબ આદિવાસી ખેડૂતોએ રડવાનો વારો આવ્યો છે. ધૂમખલ ગામે જંગલ જમીન ધારકો ખેડૂતોને પ્રધાનમંત્રી કુસુમ યોજના હેઠળ સોલર પેનલ મળવાની આશાએ ખેડૂતોએ ઉછીના નાણા કરી ફોર્મ તો ભર્યું પરંતુ વચેટિયાઓ ગરીબ ખેડૂતો સાથે છેતરપિંડી કરી હોય તેવું જણાઈ રહ્યું છે.ફોર્મ ભર્યા ને 5 મહિના કરતાં વધુ સમય વીતવા છતાં યોજનાનો લાભ મળ્યો નથી,જેથી પ્રધાનમંત્રી કુસુમ યોજનાનાં નામે મોટુ કૌભાંડ આચરવામાં આવી રહ્યું હોય તેવી શકયતા સેવાઈ રહી છે.આ સંદર્ભે સાપુતારા વીજ કંપનીનાં નાયબ કાર્યપાલક ઈજનેર એસ.એમ. પવારનો પણ સંપર્ક કરવામાં આવ્યો હતો.ત્યારે તેમણે જણાવ્યુ હતુ કે,પ્રધાનમંત્રી કુસુમ યોજના જંગલ જમીન ધરાવતા ખેડૂતોને વિનામૂલ્ય સોલાર વીજ જોડાણ આપી પગભર કરવાની યોજના છે.જેમાં જે તે ખેડૂતે ઓનલાઈન ફોર્મ ભરી યોજના મેળવવી પડે છે.જો ખેડૂતોને કોઈ પૈસા લઈ ફોર્મ ભરી છેતરપિંડી કરાઈ હોય તો ખેડૂતો ફરિયાદ કરે તો તપાસ હાથ ધરવામાં આવશે.

## છોટાઉદેપુર જિલ્લામાં તા.૨૫મી ફેબ્રુઆરી તાલુકા સ્વાગત કાર્યક્રમ અને તા.૨૭મી ફેબ્રુઆરી જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે

કમલેશ પટેલ । સંખેડા

માન.મુખ્યમંત્રીશ્રી દ્વારા પ્રજાજનોના પડતર પ્રશ્નોના નિકાલ માટે "સ્વાગત કાર્યક્રમ"અમલમાં મુકવામાં આવ્યો છે. જિલ્લા કક્ષાએ ફેબ્રુઆરી માસના ચોથા ગુરુવારે કલકેટરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા સ્વાગત તથા મંગળવારે જિલ્લાનાં વર્ગ-૧ના અધિકારીશ્રીઓના અધ્યક્ષસ્થાને "તાલુકા સ્વાગત કાર્યક્રમ" આયોજન કરવામાં આવનાર છે. છોટાઉદેપુર જિલ્લામાં આગામી તા.૨૫/૦૨/૨૦૨૫ને મંગળવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે તાલુકા સ્વાગત કાર્યક્રમ તથા તા.૨૭/૧૨/૨૦૨૪ને ગુરૂવારના રોજ સવારે ૧૧-૦૦ કલાકે જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. જિલ્લા કલેકટરશ્રી ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને જિલ્લા સ્વાગત કાર્યક્રમ યોજાશે. જ્યારે તાલુકા સ્વાગત કાર્યક્રમમાં છોટાઉદેપુર ખાતે નિયામકશ્રી,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી છોટાઉદેપુર, નસવાડી ખાતે જિલ્લા પુરવઠા અધિકારીશ્રી છોટાઉદેપુર, કવાંટ ખાતે નાયબ કલેકટર - ૧ છોટાઉદેપુર, જેતપુર પાવી ખાતે પ્રાંત અધિકારીશ્રી છોટાઉદેપુર, બોડેલી ખાતે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રી (મહેસૂલ), સંખેડા ખાતે પ્રાંત અધિકારીશ્રી બોડેલી રૂબરૂ હાજર રહી લોકોના પ્રશ્નો સાંભળી નિરાકરણ લાવશે.

# કોંગ્રેસનો ગઢ ગણાતા સુબીર તાલુકામાં ચૂંટણી પહેલા ગાબડું, કોંગ્રેસ ઉમેદવાર ભાજપમાં જોડાયા

સુશીલ પવાર । ડાંગ



ડાંગ જિલ્લામાં કોંગ્રેસનો ગઢ ગણાતા સુબીર તાલુકામાં પેટા ચૂંટણી પહેલા ગાબડું પડતા ભાજપ વધુ મજબૂત બન્યુ છે.તાજેતરમાં ગુજરાત રાજ્ય ચૂંટણીપંચે નગરપાલિકા અને કેટલીક તાલુકા પંચાયતો સહિત મહાનગરપાલિકા ચૂંટણીની જાહેરાત કરી છે ત્યારે ચૂંટણીઓની જાહેરાત થતાની સાથે જ રાજ્યમાં ફરી એક વાર રાજકીય ચર્ચાનો દોર જામ્યો છે.ત્યારે ડાંગ જિલ્લામાં પણ પેટા ચૂંટણીને લઈને ભારતીય જનતા પાર્ટી અને કોંગ્રેસ પાર્ટી સહિત અન્ય પાર્ટીઓનો મિટિંગનો દોર પૂરજોશમાં ચાલી રહ્યો છે ત્યારે હાલ ડાંગના સુબિર તાલુકાના રાજકારણમાં કોંગ્રેસ તરફથી વધુ એક આંચકો આપવામાં આવતાં કોંગી છાવણીમાં સન્નાટો છવાઈ ગયો છે. ડાંગ જીલ્લાનાં સુબીર તાલુકાની પેટા ચૂંટણી પુર્વે કડમાળ સીટના તાલુકા સદસ્ય હીરાબેન નવલસીંગભાઈ પવાર તથા તેમના આગેવાનો નવલસીંગભાઈ ગનાભાઈ પવાર, ઉંમરસીંગભાઈ ફુલુભાઈ પવાર, સીતુંબેન ઉંમરસીંગભાઈ પવાર, શિવાભાઈ ગમજુભાઈ ગાંગડા, કૈલાશભાઈ કાંકડ્યાભાઈ પવાર, મુળજીભાઈ કાળુભાઈ ગાંગડા, ઈશ્વરભાઈ સોનિરાવભાઈ પવાર, સુરેશભાઈ સોમાભાઈ ગાયકવાડ, મંગુભાઈ કાળાભાઈ ગાયકવાડ કોંગ્રેસપક્ષ છોડી ભારતીય જનતા પાર્ટીમા કાર્યકર્તાઓ સાથે જોડાતાં ડાંગ પ્રભારી રાજેશભાઈ દેસાઈ, ડાંગ ધારાસભ્ય વિજયભાઇ પટેલ, ડાંગ સંગઠન પ્રમુખ કિશોરભાઈ ગાવિત, ભાજપ સંગઠન મહામંત્રી રાજેશભાઈ ગામીત,હરિરામ સાંવત,ભાજપ સંગઠનના ઉપ પ્રમુખ ધર્મેશ પટેલ, રંજીતાબેન પટેલ સહિત ભાજપના હોદ્દેદારોના હસ્તે ખેશ પહેરીને વિધિવત ભાજપમાં જોડાતા ડાંગ ના રાજકારણ માં ખળભળાત મચી જવા પામ્યો છે. કોંગ્રેસનો ગઢ ગણાતા સુબીર તાલુકામાં ચૂંટણી પહેલા ગાબડું પડતા ભાજપ વધુ મજબૂત બન્યુ છે.

## મતદાન મથકોમાં તથા મતદાન મથકથી ૯૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં પ્રચાર કરવા પર પ્રતિબંધ

કમલેશ પટેલ । સંખેડા

છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં ચૂંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની જાળવણી સુનિશ્ચિત કરવા જાહેર શાંતિ અને સલામતી જળવાય રહે તે માટે તેમજ ચૂંટણી મુક્ત, ન્યાયી અને પવિત્ર રીતે થાય તે માટે મતદાન મથકમાં તથા તેની નજીક પ્રચાર કરવા ઉપર જિલ્લા મેજિસ્ટ્રેટ ગાર્ગી જૈને પ્રતિબંધ ફરમાવ્યો છે. તા.૧૬-૦૨-૨૦૨૫ના રોજ મતદાનના દિવસે છોટાઉદેપુર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી હેઠળનાં વિસ્તારોમાં આવેલ તમામ મતદાન મથકોની અંદર તથા મતદાન મથકથી ૯૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારમાં આવેલ કોઈ જાહેર કે ખાનગી સ્થળે કોઈપણ વ્યક્તિએ પ્રચાર કરવા પર પ્રતિબંધ છે. જેમાં ચૂંટણીમાં કોઈપણ વ્યક્તિને તેનો મત આપવા માટે સમજાવવા, ચૂંટણીમાં કોઈપણ વ્યક્તિને તેનો મત ન આપવા માટે સમજાવવા, ચૂંટણીમાં કોઈપણ રીતે કોઈ વ્યક્તિના મતદાનને અસર પહોંચાડવાની કોશીશ કરવી, મત માટે પ્રચાર કરવો, કોઈ મતદારને મત આપવા આગ્રહપૂર્વક વિનંતી કરવી, અમુક ઉમેદવારને મત ન આપવા માટે કોઈ મતદારને સમજાવવા, કોઈ મતદારને ચૂંટણીમાં મત ન આપવા સમજાવવા, ચૂંટણીને લગતી (સરકારી નોટીસ સિવાયની) કોઈ નોટીસ કે નિશાનીઓ પ્રદર્શિત કરવી, મોબાઈલ ફોન,સેલ્યુલર ફોન,હેન્ડસેટ વોકીટોકી,કોર્ડલેસ ફોન,વાયરલેસ સેટ વગેરે લઈ જવાની મનાઈ છે મતદાન મથકની હદમાં સંબંધિત મતદાર, ઉમેદવાર કે તેના અધિકૃત ચૂંટણી એજન્ટ, ઉમેદવારોના અધિકૃત પોલીંગ એજન્ટો, ચૂંટણી પ્રક્રિયા સાથે સંકળાયેલ કર્મચારીઓ તથા અધિકારીઓ તથા ચૂંટણી પંચ તરફથી અધિકૃત કરેલ વ્યક્તિઓ સિવાયની વ્યક્તિ પ્રવેશી શકશે નહી. કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ અધિકારીશ્રીઓ અને મતદાન મથક નજીક ફરજ ઉપર મુકેલ સલામતી કર્મચારીઓ તેમની વિધિસર ફરજો બજાવવા સેલ્યુલર ફોન, હેન્ડસેટ, વોકીટોકી, કોર્ડલેસ ફોન,વાયરલેસ સેટ વગેરેનો ઉપયોગ કરી શકશે. મતદાન મથકે નિમવામાં આવેલા કર્મચારીઓ પૈકી ફક્ત પ્રિસાઈડિંગ ઓફીસર અને ચૂંટણી પંચના નિરીક્ષક-સેક્ટર ઓફીસર-માઈક્રો સ્ટેટીક ઓબ્ઝર્વર અથવા જિલ્લા ચૂંટણી અધિકારી નગરપાલિકા મત વિભાગના ચૂંટણી અધિકારીએ નિમેલા અધિકારી મતદાન મથકમાં તેમની વિધિસરની ફરજો દરમિયાન આવા સાધનોનો ઉપયોગ કરી શકશે.

# પાવીજેતપુર તાલુકામાં સુષ્કાલ PHC ખાતે એક્સ-રે કેમ્પ અને TB કોમ્યુનિટી મીટીંગ

કમલેશ પટેલ । સંખેડા



વડાપ્રધાન ના ટીબી મુક્ત ભારત સરકાર શ્રી તરફથી 2025 માં ટીબી નાબૂદી અભિયાન શરૂ કરવામાં આવેલ છે જે અંતર્ગત NTEP વિભાગ છોટાઉદેપુર જિલ્લા ખાતેથી વિરાટ ડાયગનોસિસ વિભાગ અને જિલ્લા શય આરોગ્ય ડિપાર્ટમેન્ટ ના સહયોગથી પાવી જેતપુર તાલુકાના સુસ્કાલ Phc ખાતે આરોગ્ય નિદાન કેમ્પ અને ટીબી સ્ક્રિનિંગ કેમ્પ રાખવામાં આવ્યો હતો જે સંદર્ભે સુસ્કાલ Phc ના ગામના અને આજુબાજુના વિસ્તારના ટીબી શંકાસ્પદ દર્દીઓએ લાભ લીધેલ હતો જેમાં ઉપસ્થિત નિદાન ટીમ આરોગ્ય ની ટીમ અને જેમાં ટીબી સુપરવાઈઝર વિનોદભાઈ વણકર , નેહલભાઈ દલાલ ,CHO, pharmacist ,LT, MPHW,FHW આશા વર્કર બહેનો તેમજ સુસ્કાલ આરોગ્ય ની ટીમ નું યોગદાન રહ્યું હતું આ કેમ્પ દરમિયાન વિવિધ પ્રકારની સેવા આપવામાં આવી જેમાં મોટી સંખ્યાઓમાં દર્દીઓ સેવા લીધી હતી જેમકે ટીબી શંકાસ્પદ દર્દીના 75 એક્સરે પાડવામાં આવ્યા અને 04 દર્દીના ગળફાની તપાસ કરવામાં આવી તપાસ કરવામાં આવી. અને આ કેમ્પમાં ઉપસ્થિત રહેલા દર્દીઓને સુપરવાઈઝર વિનોદભાઈ વણકર દ્વારા કોમ્યુનિટી મીટીંગ નું આયોજન કરી ટીબી રોગ વિશેની માહિતી પૂરી પાડવામાં આવી હતી. જેવી કે ટીબી ના લક્ષણો જેવા કે ખાંસી આવી ભૂખ ન લાગવી વજન ઘટી જવું છાતીમાં દુખાવો થવો સાંજના સમયે ઝીણો તાવ આવો ગળફામાં લોહી પડવું વગેરે લક્ષણો વિશે માહિતી આપવામાં આવી, નિદાન સારવાર અને સરકારશ્રી તરફથી આપવામાં આવતી નિક્ષય પોષણ યોજના હેઠળ સહાય વિશેની પણ સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.

## પશ્ચિમ રેલવેના મેડિકલ વિભાગે તેની ઉપલબ્ધિઓમાં વધુ એક ઉપલબ્ધિ જોડી

અમદાવાદ : પશ્ચિમ રેલવે ના મેડિકલ વિભાગે સ્વાસ્થય સેવા ના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલબ્ધીઓ પ્રાપ્ત કરી છે, ઉચ્ચ ગુણવત્તા ની ડાયગ્નોસ્ટિક સેવાઓ પૂરી પાડવા અને દર્દી સંભાળમાં શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરવાની દીશા માં પોતાની પ્રતિબદ્ધતા જાળવી રાખી છે. આ દિશામાં આગળ વધીને, મુંબઈના બધવાર પાર્ક રેલવે કોલોની ખાતે આવેલા પશ્ચિમ રેલવે ની હેલ્થ યુનિટે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પરીક્ષણ અને કેલિબ્રેશન લેબોરેટરી માન્યતા બોર્ડ (એનએબીએલ - એમઈએલટી) તરફથી માન્યતા મેળવીને એક નોંધપાત્ર ઉપલબ્ધી હાંસલ કરી છે. આ સાથે, તેને ભારતીય રેલવે ના કોઈપણ આરોગ્ય એકમમાં આ માન્યતા પ્રાપ્ત કરનારી પ્રથમ મેડિકલ લેબ બનવાનો ગૌરવ પ્રાપ્ત થયો છે. પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી અનુસાર, આ ખૂબ જ ગર્વની વાત છે કે મુંબઈ મંડળ ના બધવાર પાર્ક હેલ્થ યુનિટ ખાતેની પેથોલોજી લેબોરેટરીને ભારતીય રેલવે ની એક હેલ્થ યુનિટમાં કાર્યરત લેબોરેટરી માટે પ્રથમ વખત ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા તરફથી એનએબીએલ માન્યતા પ્રાપ્ત કરવાનું ગૌરવ પ્રાપ્ત થયું છે.



ચાણસ્મા નગર પાલિકા વોડ નં. 1.2.4 નો ડોર ટુ ડોર પ્રચાર કરવામાં આવ્યો ચાણસ્મા યુથ કોંગ્રેસ પ્રમુખ નરપત સિંહ પાટણ જિલ્લા યુવક કોંગ્રેસ ભાવેશ વાઢેર, અશોક દેસાઈ,હસમુખ સક્સેના, વરુણ વ્યાસ, મનુભાઈ દેસાઈ,ગેમર ભાઈ હાજર રહ્યા હતા. ફોટો : નીતિન ઠાકર ચાણસ્મા

## વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે સરકારશ્રીની યોજનાઓના લાભ વિશે ચર્ચામાં ભાગ લેતા બનાસકાંઠાના શિક્ષકશ્રી નિલેશકુમાર

(માહિતી બ્યુરો,પાલનપુર)

દિલ્હી ખાતે યોજાયેલ ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ પ્રજાસતાક દિવસની ઉજવણીમાં 'Tribal Guest Of Ministry Of Tribal Affairs' અંતર્ગત દેશભરમાંથી આદિવાસી સમાજના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતમાંથી આદિવાસી સમાજના પ્રતિનિધિ તરીકે બનાસકાંઠા જિલ્લાના શિક્ષકશ્રી નિલેશકુમારએ હાજરી આપી હતી. નિલેશકુમાર.એ.બુંબડિયા બનાસકાંઠા



જિલ્લાના દાંતા તાલુકાના દલપુરા ગામના વતની છે અને શ્રી બી. ડી.મહેતા આરાસુરી કન્યા વિદ્યાલય, અંબાજી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. ગુજરાત સરકાર દ્વારા સમગ્ર ગુજરાતના આદિવાસી સમાજના પ્રતિનિધી તરીકે દિલ્હી ખાતે તેમને મોકલ્યા હતા. આ કાર્યક્રમમાં તેમણે દેશના રાષ્ટ્રપતિશ્રી દ્રૌપદીજી મૂર્મુના નિવાસસ્થાન તથા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. તેમણે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાથે ભારત સરકારની આદિવાસી સમાજની વિકાસલક્ષી યોજનાઓ જેવી કે પ્રધાનમંત્રી આવાસ યોજના, પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ યોજના અને જનધન યોજના તથા કેન્દ્ર સરકારની અનેક યોજનાઓ દ્વારા આદિવાસી સમાજને જે લાભ થાય છે એ બાબતની ચર્ચામાં ભાગ લઈને રાત્રિભોજન કર્યું હતું. આ કાર્યક્રમની પૂર્ણાહુતિમાં ભારત સરકારના આદિજાતિ વિભાગના કેબિનેટ મંત્રીશ્રી જુઆલ ઓરમ અને ભારત સરકારના આદિજાતિ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી દુર્ગાદાસ ઉકેયના નિવાસ સ્થાને 'Tribal Guests Of Ministry Of Tribal Affairs ' તરીકે શ્રી નિલેશકુમાર બુંબડિયાને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયા હતા.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## SC-STના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ન મળતા વિરોધ, રોડ ચક્કાજામ કરતાં પોલીસે કાર્યકરોને ઘેટાં-બકરાંની જેમ વાનમાં ભર્યા...

# ગુજરાતભરમાં સ્કોલરશિપ ન મળતા ABVPનું ઉગ્ર આંદોલન

ગુજરાત સરકાર દ્વારા અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટેની પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ બંધ કરવાના નિર્ણય અને લો કોલેજોમાં પ્રવેશ પ્રક્રિયા પુનઃ ચાલુ કરવાની માગ સાથે રાજ્યભરમાં વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. રાજકોટ, સુરત, વડોદરા સહિત અનેક જગ્યાએ ABVP દ્વારા SC-STના વિદ્યાર્થીઓને સ્કોલરશિપ ન મળતા વિરોધ નોંધવવામાં આવી રહ્યો છે.

ભાજપની વિદ્યાર્થી પાંખ દ્વારા રોડ-રસ્તા ચક્કાજામ કરી, પૂતળું બાળી, સુત્રોચ્ચાર કરી સરકારનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. પોલીસે ઘટનાસ્થળે પહોંચી કાર્યકર્તાઓને વિરોધ નોંધાવતા અટકાવતા પોલીસ અને કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું.

થોડા સમય પહેલા કેન્દ્ર સરકાર દ્વારા પરિપત્ર કરવામાં આવેલો કે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ યોજનામાં જે ઉમેદવાર મેનેજમેન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવશે તેને શિષ્યવૃત્તિ મળવા પાત્ર રહેશે નહીં. આ જ સંદર્ભે ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 28 ઓક્ટોબર 2024ના ઉમેરા સાથે પરિપત્ર કરેલ કે જે વિદ્યાર્થી વેકન્ટ ક્વોટામાં પ્રવેશ મેળવે છે તે આપોઆપ મેનેજમેન્ટ ક્વોટામાં પરિવર્તિત થઈ જશે. આ નિર્ણયને કારણે આદિજાતિ સમાજના 50,000 કરતા પણ વધુ વિદ્યાર્થીઓ શિષ્યવૃત્તિથી વંચિત છે. જે નિર્ણયના પગલે આજે ABVP દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.



### પાટણમાં પણ ABVP દ્વારા શિક્ષણ મંત્રી અને સરકારનો વિરોધ

ABVPના કાર્યકરોએ પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરત યુનિવર્સિટી ખાતેથી રેલી કાઢી ભાજપની વિદ્યાર્થી પાંખ એબીવીપી દ્વારા ટીબી ત્રણ રસ્તા ઉપર પરિપત્રની હોળી કરી ચક્કાજામ કરતા પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી હતી. શિક્ષણ મંત્રી અને સરકારનો વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે.

### જાનગરમાં પોલીસે ટીંગાટોળી કરી ABVPના કાર્યકરોની અટકાયત કરી

એસ.સી, એસ.ટી સ્કોલરશીપ અને ગ્રાન્ટેડ લો કોલેજ ફાળવવાની માગ સાથે જામનગરમાં ABVPના કાર્યકરોએ વિરોધ નોંધાવ્યો છે. વહેલી સવારે જીજી હોસ્પિટલના ગેટ પાસે ABVPના 50થી વધુ કાર્યકરોએ રસ્તા રોકો આંદોલન શરૂ કર્યું હતું. જેમાં પોસ્ટર સળગાવ્યા હતા. ABVPના કાર્યકરો રોડ પર બેસી રહેતા ટ્રાફિકજામ થયો હતો. પોલીસે ટીંગાટોળી કરી ABVPના કાર્યકરોની અટકાયત કરી છે.

વિદ્યાર્થી નેતા શુભમ રાજપૂતે જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ સરકારને સદબુદ્ધિ મળે તે માટે હવન પણ યોજ્યો. હવન દરમિયાન ABVPના કાર્યકર્તાઓએ સરકારને આ નિર્ણય પાછો ખેંચવા માટે સૂત્રોચાર કર્યા છે. સાથે ચક્કાજામ કરી અમારી વાત સરકાર સુધી વાત પહોંચે એ હેતુ છે. આ સરકાર વિકાસની વાતો કરે છે, અનુસૂચિત જનજાતિ વિદ્યાર્થીઓ માટે ભણવાનું પણ અશક્ય બની રહ્યું છે. અમે આ અન્યાયી પરિપત્રને માનતા નથી.

શિષ્યવૃત્તિ પાછી લાવીને જ રહીશું. જો સરકાર અમારી માગો સ્વીકારશે નહીં, તો આંદોલન હજી વધુ ઉગ્ર સ્વરૂપ લેશે.

સુરતમાં પણ ABVPના મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ અને વિદ્યાર્થીઓ આજે યૂનિવર્સિટીની બહાર એકઠા થયા. "વિદ્યાર્થી વિરોધી સરકાર હટાવો", "શિક્ષણ અમારો અધિકાર છે", "જનજાતી શિષ્યવૃત્તિ પાછી લાવો" જેવા ઉગ્ર સૂત્રોચાર સાથે સરકાર વિરુદ્ધ સુત્રોચ્ચાર કરી રોષ વ્યક્ત કર્યો. માત્ર સૂત્રોચાર જ નહીં રસ્તા વચ્ચે બેસીને ચક્કાજામ પણ કર્યું.

# સુરતના પૂણેમાં ઘરમાં લૂંટ ચલાવી યુવતી પર દુષ્કર્મ...

## સુરતના પુણા વિસ્તારનો બનાવ, બે શકમંદો CCTVમાં કેદ; ફરિયાદીની પણ પૂછપરછ હાથ ધરાઈ

સુરત | સુરતના પુણા વિસ્તારમાં એક રેપ વીથ રોબરીની ઘટના બની હોવાથી ચકચાર મચી જવા પામી છે. બે અજાણ્યા યુવકો ઘરમાં ઘૂસી ગયા હતા અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી ત્યારબાદ યુવતી પર દુષ્કર્મ આચર્યું હતું. આ અંગે પુણા પોલીસને જાણ કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો અને તપાસ આદરી હતી. આ અંગે ઉચ્ચ અધિકારીઓ એસીપી અને ડીસીપી સહિતના પણ દોડી ગયા હતા અને તપાસ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસે તપાસ કરતા એક સીસીટીવીમાં બે શંકાસ્પદ કેદ થઈ ગયા છે જેના આધારે તપાસ હાથ ધરાઈ છે. મળતી માહિતી પ્રમાણે પુણા વિસ્તારમાં એક મકાનમાં રાતે યુવતી ઘરે હાજર હતી. દરમિયાન બે અજાણ્યા ઈસમો ઘરમાં ઘૂસી યુવતીને બંધક બનાવી લીધી હતી અને ચપ્પુની અણીએ ઘરમાં લૂંટ ચલાવી હતી. એટલું જ નહીં પણ લૂંટ ચલાવ્યા બાદ ઘરમાં બંધક બનાવવામાં આવેલી યુવતી પર દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. ત્યારબાદ બંને ઈસમો ફરાર થઈ ગયા હતા. આ અંગે મહિલા દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. જેથી પુણા પોલીસ દ્વારા આ ઘટનાને ગંભીરતાથી લઈને તપાસા કરવામાં આવી છે.




### સીસીટીવીના આધારે તપાસ હાથ ધરી

આલોક કુમાર (ડીસીપી)એ જણાવ્યું હતું કે, બે ઈસમો દ્વારા લૂંટ અને દુષ્કર્મની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. ભોગ બનેલી યુવતીન જણાવ્યા પ્રમાણે, એક સિલ્વર બ્રેસલેટ અને 30000ની ચપ્પુની અણીએ લૂંટ કરી હતી. ત્યારબાદ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. સ્થાનિક પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચ બંને સાથે મળીને સીસીટીવી સહિતના આધારે તપાસ હાથ ધરવામાં આવી છે. આ સાથે જ આરોપીઓને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. લૂંટ સાથે દુષ્કર્મની ઘટના બનવાના પગલે પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. આ સાથે જ ઉચ્ચ અધિકારીઓ સહિતનાએ ઘટનાસ્થળે તપાસ કરી હતી. આ સાથે જ ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી પણ ઘટના સ્થળે દોડી ગયા હતા અને આ મામલે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે ફરિયાદી મહિલા પણ શંકાના દાયરામાં હોવાથી તેની પણ ઉલટ તપાસ કરવામાં આવી રહી છે. આ સાથે સીસીટીવી માં બે શંકાસ્પદ પણ કેદ થઈ ગયા છે.

# નવસારીમાં ખાળકૂવાનું બાંધકામ કરતા સમયે મોટી દુર્ઘટના:દીવાલ ધરાશાયી થતાં મજૂર દંપતી ફસાયા

(એજન્સી) નવસારી | તા. 13

નવસારી શહેરના ઈટાડવા વિસ્તારમાં આજે એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. ઈટાડવાથી એરૂ તરફ જતા માર્ગ પર સ્ક્વેર હાઈટ બિલ્ડિંગના ડ્રેનેજના ખાળકૂવાનું બાંધકામ કરી રહેલા મજૂર દંપતી દુર્ઘટનાનો ભોગ બન્યા હતા.

બનાવની વિગતો મુજબ, ખાળકૂવાની દીવાલનું ચણતર કરી રહેલા મહિલા મજૂર તોસી યાદવ અને તેમના પતિ વિશ્વંભરમ યાદવ કામ કરી રહ્યા હતા ત્યારે અચાનક દીવાલનો એક ભાગ ધરાશાયી થયો હતો. આ દુર્ઘટનામાં બંને મજૂરો કૂવામાં ફસાઈ ગયા હતા. સ્થાનિક લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરતા ફાયર વિભાગની ટીમ તુરંત જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી.

દુર્ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને નાયબ મામલતદારની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. ફાયર બ્રિગેડની ટીમે ભારે જહેમત બાદ બંને મજૂરોને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. ઈજાગ્રસ્ત દંપતીને તાત્કાલિક સારવાર માટે નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે.



સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા આ દુર્ઘટના અંગે તપાસ શરૂ કરવામાં આવી છે.

# NH-48 પર કાર-બાઇક વચ્ચે ટક્કર, 3 બાઇક સવાર ગંભીર, કારચાલકને સામાન્ય ઇજા...

(એજન્સી) અંકલેશ્વર | તા.13

અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર 48 પર મોડી રાત્રે એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પાનોલી નજીક આવેલી મીના હોટલ પાસે કાર અને બાઈક વચ્ચે થયેલા અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી, જેમણે ઈજાગ્રસ્તોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. અકસ્માતમાં કાર ચાલકને પણ સામાન્ય ઈજાઓ થઈ હતી.

અકસ્માતની ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા, જેના કારણે નેશનલ હાઈવે પર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. બનાવની જાણ થતાં પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી હતી. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ શરૂ કરી છે. આ ઘટના રાત્રિના સમયે બની હોવાથી વાહન ચાલકોને સાવચેતી રાખવા અને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા અપીલ કરવામાં આવી છે.



સુરતમાં ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે વૃદ્ધ ફસાયા, CCTV:

# ચાલુ ટ્રેનમાં ચડવા જતા વૃદ્ધનો પગ લપસ્યો, ટ્રેનની સાથે વૃદ્ધ ખેંચાતા ગયા



(એજન્સી) સુરત | તા. 13

સુરત રેલવે સ્ટેશન પર વૃદ્ધ ચાલુ ટ્રેનમાં ચડવા જતા પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મની વચ્ચે વૃદ્ધ ફસાઈ ગયા હતા. સમયસૂચકતા દાખવી GRP જવાન ગુલાબ સિંહે વૃદ્ધને ચાલુ ટ્રેન વચ્ચેથી ખેંચીને બહાર કાઢી બચાવ્યા હતા. સમગ્ર ઘટનાના સીસીટીવી પણ સામે આવ્યા છે.

મળતી માહિતી પ્રમાણે, સુરત રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર 1 પર રાત્રે 10:47 વાગ્યે ઈન્દોર એક્સપ્રેસ આવી હતી. તે દરમિયાન એક વૃદ્ધ ચાલતી ટ્રેનમાં ચડવાનો પર્યાસ કરી રહ્યા હતા. ચાલુ ટ્રેનમાં ચડવા જતા વૃદ્ધનો પગ લપસી ગયો હતો. જેથી ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચે ફસાઈ ગયા હતા.

ટ્રેનનું હેન્ડલ પકડી રાખ્યું હોવાથી તેઓ ટ્રેનની સાથે ખેંચાતા જઈ રહ્યા હતા. દરમિયાન સુરત રેલવે સ્ટેશન ખાતે ફરજ બજાવી રહેલા જવાનની નજર વૃદ્ધ પર પડી હતી.

### સમગ્ર ઘટના CCTVમાં કેદ થઇ

તાત્કાલિક સમયસૂચકતા વાપરીને સુરત રેલવે પોલીસના જવાન ગુલાબસિંહ મનસુખભાઈએ વૃદ્ધને ટ્રેન અને પ્લેટફોર્મ વચ્ચેથી ખેંચી લીધા હતા. આ દરમિયાન અન્ય લોકો પણ દોડી આવ્યા હતા અને વૃદ્ધને સ્વસ્થ કરવામાં મદદરૂપ થયા હતા. વૃદ્ધ સ્વસ્થ થતા તેમને ટ્રેનમાં બેસાડી રવાના કરવામાં આવ્યા હતા.

# ખેરાલુમાં પાલિકાનો અણઘડ વહિવટ...!

## લાખોના ખર્ચે બ્યુટીફીકેશન કરેલા તળાવમાં બાવળો ઉગ્યા, લોકોએ કહ્યું- '57 લાખનો રોડ 57 દિવસ પણ ન ટક્યો'

મહેસાણા | આગામી 16 ફેબ્રુઆરીના રોજ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ યોજાવા જઈ રહી છે, ત્યારે મહેસાણા જિલ્લામાં આવેલા ખેરાલુ શહેરમાં પણ પાલિકાની ચૂંટણી યોજાશે. શહેરમાં પાલિકાએ કરેલો વિકાસ અને સ્થાનિકોને પડતી હાલાકી તાગ મેળવવા પ્રયાસ કર્યો છે.

શહેરીજનો સારા વાતાવરણમાં બેસી શકે એના માટે તળાવ લાખો રૂપિયાના ખર્ચે સુંદર બનાવવામાં આવ્યું હતું. જ્યાં તળાવની ફરતે આરસના ટુકડા નાખી ચાલવા માટે વોકવે, બાળકો માટે રમત ગમતના સાધનો અને બેસવા માટે બાંકડા મુકવામાં આવ્યા હતા. જોકે સ્થાનિક પાલિકાના અણઘડ વહીવટના કારણે તળાવની ફરતે ગાંડા બાવળો ઊગી નીકળ્યા છે અને આ જગ્યા પર લોકો શૌચ માટે ઉપયોગ કરવા લાગ્યા છે. રમતગમતના સાધનો પણ બિસમાર હાલતમાં જોવા મળી રહ્યા છે અને સ્ટ્રીટ લાઈટો પણ બંધ હાલતમાં પડી છે. આ બાદ અમારી ટીમ વોર્ડ નંબર-2માં ગઈ તો અહીં ઉભેલી કેટલીક મહિલા સાથે વાત કરવા પ્રયાસ કરતા ત્યાં રહેતા દક્ષાબેન મોદીએ જણાવ્યું હતું કે, અમારે અહીંયા કોઈ વિકાસ નથી. અમારા મહોલ્લામાં એક દરવાજો નાખવાનો કહ્યો તો કોઈ જોવા નથી આવ્યું. એક થાંભલો હટાવવા કહ્યું એપણ કોઈ જોવા નથી આવ્યું. પાણી ટાઈમ વગર આવે છે. આવે તો બપોરે એક વાગ્યે આવી જાય, નહીતો બે દિવસે પણ ના આવે. અહીંયા પાણીની કોઈ વ્યવસ્થા બરોબર નથી. કચરો ભરવા કોઈ ગાડી આવતી નથી. અમારા વિસ્તારમાં કોઈ સફાઈ





**હવે તો કામ થશે તો જ વોટ આપશું'** : ચૂંટણી બાબતે ઘણું બધું કહેવુ છે પણ શું કહેવું....? અમારા મહોલ્લા સામે આવેલા સંઘના ઓટલે બધા પી..પી..બેસી રહે છે. રાત્રે છોકરીઓને આવવું જવું હોય તો જઈ ન શકે. ઘણીવાર પીધેલા વચ્ચે મારપીટ થતી હોય. નગરપાલિકા લગતી સમસ્યા અગાઉ રજૂઆત કરી હતી. એક તો પાણીની તકલીફ છે. રોડ જ્યાં બન્યા ત્યાં ખાડા વાળા બન્યા છે. જેના કારણે પાણી ભરાઈ રહે છે. નવા કપડાં પહેરી ગયા હોય તો બગડી જાય. અમે કોઈ પક્ષને મહત્વ નથી આપતા અમારે તો બધા સારા કામ કરે એવો નેતા જોઈએ. ચૂંટણી દરમિયાન નેતા આવશે તો કહીશું અમારા કામ થશે તો વોટ આપીશું નહીતો નહીં આપીએ.

### 'અમારા ગામનો કોઈ વિકાસ થાય એમ નથી'

અમરત લાલ મોદીએ જણાવ્યું હતું કે, આ ગામનો કોઈ વિકાસ નથી અને થાય એમ લાગતો નથી. ચૂંટણી આવે એટલે પૈસા માટે ઉભા રહે છે, અહીંયા રોડ બને તો એક અઠવાડિયામાં કપચી બહાર નીકળી જાય છે. ગેરેઝ ચલાવતા રજનીકાંતભાઈએ જણાવ્યું કે, અહીંયા વહીવટ અને અગાઉના અભયો બોગસ હતા. કંઈ કામ કરતા જ નથી. પાણી અનિયમિત આવે છે પાણી આવવાનો કોઈ ટાઈમ નથી. સફાઈ બાબતે પણ અનિયમિતતા છે.

### '57 લાખનો રોડ 57 દિવસ પણ ન ટક્યો'

અહીંયા દેસાઈ વાડાથી શીત કેન્દ્ર સુધી 57 લાખમાં આરસીસી રોડ 6 માસ અગાઉ બનાવવામાં આવ્યો હતો. આ રોડ 57 લાખમાં બન્યો પણ 57 દિવસ રોડ ચાલ્યો નથી. રોડ તૂટી ગયો છે. અહીંયા બાઈક લઈ નીકળતા ડર લાગે છે અને રોડની કપચી લોકોને વાગે છે. આ રોડ બન્યાના એક માસમાં કાંકરા જુદા થઈ ગયા છે પણ રોડ બને 4 થી 6 માસ થયા છે. આ રોડ અમારા માટે સરદર્દ બની ગયો છે ને માથાની ગોળીઓ લેવી પડે છે.

# જામનગરમાં બે જૂથ વચ્ચે અથડામણ

## પટણીવાડમાં બે જૂથો વચ્ચે હિંસક ઘર્ષણ, એક જૂથે બીજાના મકાનને આગ ચાંપી



(એજન્સી) જામનગર | તા. 13

જામનગર શહેરના પટણીવાડ વિસ્તારમાં વહેલી સવારે બે જૂથો વચ્ચે હિંસક અથડામણની ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક જૂથે બીજા જૂથના મકાનને આગ લગાવી દીધી હતી, જેમાં મકાનમાં રહેલું ફર્નિચર અને અન્ય સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

અથડામણ દરમિયાન આરોપીઓએ સોડા બોટલ, પથ્થર, છરી અને ધોકા જેવા હથિયારોનો ઉપયોગ કર્યો હતો. જાહેર રસ્તા પર થયેલી આ હિંસક ઘટનાએ વિસ્તારમાં દહેશત ફેલાવી દીધી હતી. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. હાલ પોલીસે આ મામલે તપાસ શરૂ કરી છે અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ આરોપીઓની ધરપકડ માટે વિશેષ ટીમો બનાવી આગળની કાર્યવાહી કરી રહી છે.

# જૂનાગઢમાં કોંગ્રેસના નેતાની પોલીસને ચેતવણી

(એજન્સી) જુનાગઢ | તા. 13

જૂનાગઢના કાળવા ચોક ખાતે કોંગ્રેસની જાહેર સભામાં મહાનગરપાલિકા કોંગ્રેસ ચૂંટણી નિરીક્ષક પુંજાભાઈ વંશે પોલીસ અને વહીવટી તંત્રને આકરી ચેતવણી આપી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે જો પોલીસ કર્મચારીઓ અને અધિકારીઓને ભાજપની ચાપલુસી કરવામાં કે એજન્ટ તરીકે કામ કરવામાં રસ હોય તો, તેઓ વર્દી ઉતારીને રાજીનામું આપી ભાજપમાં જોડાઈને ચૂંટણી લડી શકે છે.

પુંજા વંશે વધુમાં ઉમેર્યું કે અસામાજિક પ્રવૃત્તિઓ અને ગુંડાગીરી પોલીસની ભાગીદારી વિના શક્ય નથી. તેમણે પોલીસ તંત્રને ચેતવણી આપતા કહ્યું કે ભૂતકાળમાં ઘણા લોકો જેલમાં ગયા છે અને વર્દીના પટ્ટા ઉતરતા વાર નથી લાગતી, તેથી આ બાબત ધ્યાનમાં રાખીને કામ કરવું જોઈએ.

આગામી 16મી તારીખે યોજાનારી ચૂંટણી સુધી લોકો નિર્ભયપણે અને પારદર્શક રીતે મતદાન કરી શકે તે માટે તેમણે કલેકટર અને વહીવટી તંત્રને અપીલ કરી હતી. તેમણે વહીવટી તંત્રને સ્પષ્ટ સંદેશ આપ્યો કે જો તેઓ ભાજપ સાથે કામ કરવા માંગતા હોય તો રેડ પાડવા માટે ઘણા સ્થળો છે, પરંતુ ચૂંટણી પ્રક્રિયામાં તટસ્થ રહેવું જરૂરી છે.

### શહેરમાં લઠ્ઠાકાંડ વચ્ચે અરજીઓ દબાવી ધ્યાન નહીં દેવાતા પોલીસની કામગીરી સામે સવાલો

# નડિયાદમાં અરજીઓને નજરઅંદાજ કરતા એક વર્ષમાં 5 ઘટનાઓ રોકવામાં પોલીસ નિષ્ફળ

(એજન્સી) નડિયાદ । તા. 13

નડિયાદ શહેરમાં દેશી દારૂ પીધા બાદ ૩ વ્યક્તિના મોત થયા હતા. પોલીસ આ ઘટનાને લઠ્ઠાકાંડ ન હોવા અંગે ઢાંકપીંછોડો કરવા હવાતિંયા મારી રહી છે. તે વચ્ચે ખેડા જિલ્લામાં પોલીસના નાક નીચે ક્રાઈમની ઘટનાઓ બનતી હોય તેવી ૩ મોટી ઘટનાઓ છેલ્લા થોડા સમયમાં સામે આવી છે. પોલીસને અરજી આપીને જાણ કરી હોવા છતાં કાર્યવાહી ન થાય અને તે બાદ તે અરજી સબંધિત ગુના બન્યા છે. જેના કારણે પોલીસની કામગીરી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. આવી કેટલીક ઘટનાઓમાં નડિયાદ પશ્ચિમમાં રઈશ મહીડા વિરુદ્ધ પીડિત મહિલાએ અરજી કરી અને ન્યાય માંગ્યો પણ અરજી પરત્વે કોઈ કાર્યવાહી ન થઈ અને મહિલા વધુ ૧ વર્ષ સુધી રઈશના દુષ્કૃત્યોનો ભોગ બની. નડિયાદ ટાઉનમાં વિકાસ આહીરે એક અરજી આપી અને સિદ્ધાર્થ રબારી અને તેના સાગરિતોથી તેની જાનનું જોખમ હોવાનું જણાવી ગુનાનો ચિતાર પોલીસમાં રજૂ કર્યો. પોલીસે યેનકેન પ્રકારે સમાધાન કરાવ્યું પણ બાદમાં સિદ્ધાર્થ અને તેના સાગરિતોએ વિકાસ આહીર પર જીવલેણ હુમલો કર્યો. નડિયાદ પશ્ચિમની હદમાં મિલકત સબંધી તકરારમાં માથાભારે શખ્સોએ ગેરકાયદે ઘરમાં ઘૂસી ચોરી કર્યા મામલે મહિલાએ ફરિયાદ નોંધાવવા વારંવાર પોલીસ મથકના પગથિયા ઘસી નાખ્યાં પરંતુ, પોલીસે આંખ આડા કાન કરતા અંતે કોર્ટના શરણે જતા હાઈકોર્ટના ડાયરેક્શન બાદ પોલીસે ફરિયાદ નોંધવી પડી. નડિયાદ ગ્રામ્યમાં સલુણમાં એક પરિવારે નડિયાદના ખાડના માથાભારે શખ્સોના ત્રાસથી આત્મહત્યાનો પ્રયાસ કર્યો. પરિવારના યુવકે પોલીસને ફરિયાદ નોંધાવવા વિનંતી કરી પરંતુ, પોલીસે માત્ર અરજી લઈ અને મામલો ટાળ્યો, અંતે મામલો હાઈકોર્ટમાં પહોંચ્યો અને બાદમાં નડિયાદ ગ્રામ્યમાં ગુનો દાખલ કરવાની ફરજ પડી હતી.




## પરિવારના આપઘાતના પ્રયાસમાં પણ હાઈકોર્ટની સૂચનાથી ફરિયાદ નોંધાઈ

નડિયાદના સલુણ ગામના ખુસાલપુરામાં બાલુબેન રમેશભાઈ તળપદા, રમેશભાઈ સોમાભાઈ તળપદા અને મીનાબેન મનીષભાઈ તળપદાએ નડિયાદના ખાડ વિસ્તારમાં રહેતા અસોકભાઈ શનાભાઈ તળપદા સહિત ચારથી પાંચ શખ્સોના ત્રાસથી તા. ૬ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ સામુહિક ઝેરી દવા પી લીધી હતી. પરિવાર સપ્તાહ સુધી સારવાર હેઠળ રહ્યો હતો. ત્યારે પરિવારે ઉપરોક્ત શખ્સોના ગેરકાયદે નાણાંકીય ઉઘરાણીથી ત્રસ્ત થઈ આત્પહત્યાનો પ્રયાસ કર્યાનું મામલતદારને નિવેદનમાં જણાવ્યું હતું. આ મામલે વારંવાર ફરિયાદ નોંધવા પોલીસને લેખિત અરજીઓ આપી હતી. આટલી મોટી ઘટનામાં પણ પોલીસ ફરિયાદ નોંધવા તૈયાર નહોતી. બાદમાં પરિવારના સભ્યએ હાઈકોર્ટ સમક્ષ દાદ માંગતા હાઈકોર્ટે પોલીસનો ઉધડો લીધા બાદ નડિયાદ ગ્રામ્ય પોલીસે ફરિયાદ નોંધવાની ફરજ પડી હતી.

**જેના ત્રાસથી યુવતીએ આપઘાત કર્યો તેને આગોતરા સુધી પકડયો જ નહીં** | સલુણ ગામની યુવતીને માનસિક ત્રાસ આપતા આપઘાત કર્યો હોવાનું ઓક્ટોબર મહિનામાં સામે આવ્યું હતું. સલુણનો બુટલેગર અંકિત મહીડા હોસ્પિટલમાં નોકરી કરતી યુવતી સપનાને પ્રેમસંબંધ બાંધવા દબાણ કરતો હતો. ઘરે અને હોસ્પિટલે જઈ યુવતીના ફોટા વાઈરલ કરી બદનામ કરવા અને જાનથી મારી નાખવાની ધમકી અંકિત આપતો હતો. આખરે યુવતીએ સેલ્ફોસની ગોળીઓ ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. યુવતી હોસ્પિટલમાં જીવન- મરણ વચ્ચે ઝોલા ખાતી હતી ત્યારે પણ અંકિત મહીડાએ યુવતીને ધમકાવી હતી. યુવતીના મૃત્યુ બાદ તેના ભાઈએ વારંવાર ધક્કા ખાધા બાદ નડિયાદ રૂરલ પોલીસે અંતે ૧૦ દિવસ બાદ ફરિયાદ નોંધી હતી. આરોપી અંકિત મહીડા પર યુવતીના પરિવારજનોએ આક્ષેપ લગાવતા જણાવ્યું છે કે, અંકિત મહીડા રાજકીય વગર ધરાવતો હોવાથી તેની ફેબ્રુઆરી-૨૦૨૫ની શરૂઆત સુધી ધરપકડ કરાઈ નહોતી. તેને જામીન મુકવા પોલીસ સમય આપી રહી હતી. અંતે અંકિત મહીડાએ આગોતરા જામીન અરજી મૂકતા હાઈકોર્ટે નામંજૂર કરી હતી. બાદ વાસદ પોલીસે તાજેતરમાં તેને ઝડપી તેના રિમાન્ડ મેળવવાના બદલે પોલીસે કોર્ટમાં રજૂ કરી બિલોદરા જેલમાં મોકલી દીધો.

### 6 દાયકાથી એપીએમસીમાં કોંગ્રેસના એકહથ્થું શાસનનો અંત

# બોરસદ માર્કેટયાર્ડની ચૂંટણીમાં કોંગ્રેસની હાર ભાજપની ખેડૂત વિકાસ પેનલની જીત

(એજન્સી) આણંદ । તા. 13

બોરસદ એપીએમસીની ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે યોજાયેલી ચૂંટણીમાં ભાજપ સમર્થિત ખેડૂત વિકાસ પેનલના ૧૦ ઉમેદવારોની જીત થઈ હતી. જ્યારે કોંગ્રેસના બોરસદના પૂર્વ ધારાસભ્ય, અમૂલના પૂર્વ વાઈસ ચેરમેન તથા એપીએમસીના પૂર્વ ચેરમેનની સહકાર પેનલના ૯ ઉમેદવારોની હાર થઈ હતી. તેમજ ભાજપમાંથી બળવો કરી અપક્ષ ઉમેદવારી નોંધાવનારા પ્રતાપસિંહ ગોહેલે પરાજય મેળવ્યો હતો. ૬ દાયકાથી વધુ સમયથી કોંગ્રેસનું એકહથ્થુ શાસન ધરાવતી બોરસદ માર્કેટયાર્ડમાં પ્રથમ વખત ભાજપ પ્રેરિત ઉમેદવાર ચેરમેન બનશે. બોરસદ એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે ગત મંગળવારે મતદાન યોજાયું હતું. ૬૨૫ મતદારો પૈકી ૬૧૪ મતદારોએ બેલેટ પેપરથી મતદાન કર્યું હતું. ચૂંટણીમાં ઉમેદવારી કરનારી ભાજપ સમર્થકોની ખેડૂત વિકાસ પેનલ અને કોંગ્રેસ સમર્થકોની સહકાર પેનલના કુલ ૮ ઓબ્ઝર્વર તથા પોલીસના પહેરા વચ્ચે



મતપેટીને સીલ કરી મુકવામાં આવી હતી. બુધવારે સવારે ૯ વાગ્યે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ચૂંટણી અધિકારીની ઉપસ્થિતિમાં મતગણતરી શરૂ કરવામાં આવી હતી. પ્રથમ તબક્કે રદ થયેલા મતની ગણતરી કરતા ૩૩ મત રદ થયા હતા. જેથી ૫૮૧ માન્ય મતની ગણતરી શરૂ કરવામાં આવી હતી. જેમાં ૨૫ મતના ૨૪ રાઉન્ડ યોજવામાં આવ્યા હતા. મતગણતરીની શરૂઆતથી બંને પેનલ વચ્ચે રસાકસી સર્જાઈ હતી. જોકે, છેલ્લા ૩ રાઉન્ડમાં એકાએક ભાજપ સમર્થિત ખેડૂત વિકાસ પેનલના ઉમેદવારોને બહુમતિ મળી હતી. બાદમાં ખેડૂત વિકાસ પેનલના તમામ ૧૦ ઉમેદવારોનો વિજય થયો હતો. નોંધનીય છે કે, વર્ષ ૧૯૫૮માં બોરસદ એપીએમસીની સ્થાપના થઈ ત્યારથી અત્યારસુધી એકપણ વખત ભાજપ પ્રેરિત ઉમેદવાર ચેરમેન બન્યા ન હતા. ૬૦ વર્ષથી વધુ સમયથી એકહથ્થુ શાસન ધરાવતી કોંગ્રેસની પ્રથમ વખત ખેડૂત વિકાસ પેનલના નવા નિશાળિયાઓ સામે હાર થઈ હતી. કોંગ્રેસ સમર્થકોની સહકાર પેનલના અગ્રણી, બોરસદના પૂર્વ ધારાસભ્ય, અમૂલના પૂર્વ વાઈસ ચેરમેન તથા એપીએમસીના પૂર્વ ચેરમેન રાજેન્દ્રસિંહ પરમારની ખેડૂત વિકાસ પેનલના પ્રતાપસિંહ સોલંકી સામે ૧૪ મતોથી હાર થઈ હતી. તેમજ આણંદ જિલ્લા પંચાયતના પૂર્વ પ્રમુખ અને કઠાણા જિલ્લા પંચાયતના વર્તમાન સભ્ય નટવરસિંહ મહિડા પણ ૨૧ મતથી હારી ગયા હતા. બોરસદ વિધાનસભા બાદ હવે સહકારી સંસ્થામાં પણ કોંગ્રેસનું અસ્તિત્વ ભૂંસાઈ ગયું હોવાની સ્થિતિ ઉદભવી હતી.

### ઈમેલ બાદ વોર્ડ નં.-4 માં નામાંકનપત્રો રદ કરાયા હતા

# બાલાસિનોરમાં ઉમેદવારી રદ થયેલા ચાર કાર્યકરો ભાજપમાંથી પણ સસ્પેન્ડ

(એજન્સી) બાલાસિનોર । તા. 13




બાલાસિનોર પાલિકાની ચૂંટણી માટે વોર્ડ નં.-૪માં એનસીપીના બોગસ મેન્ડેટ પર ભાજપના મેન્ડેટવાળા સભ્યો સામે ફોર્મ ભરનારાની ઉમેદવારી ચૂંટણીપંચ દ્વારા રદ કરાઈ હતી. આ ચારેય કાર્યકરોને ભાજપે હવે સસ્પેન્ડ કરી દીધા છે. લુણાવાડાના ૪ અને સંતરામપુરના ૧૩ કાર્યકરો સહિત ૨૧ લોકોને તેમના સભ્ય પદેથી ભાજપે સસ્પેન્ડ કર્યા છે.

મહીસાગર જિલ્લા ભાજપ પ્રમુખ દ્વારા આજરોજ બાલાસિનોર નગરપાલિકા સહિત મહીસાગર જિલ્લાની લુણાવાડા અને સંતરામપુર નગરપાલિકામાં ભાજપના કાર્યકર અન્ય પક્ષ કે અપક્ષની અંદર ઉમેદવારી કરી હોય તેવા ૨૧ લોકોને સસ્પેન્ડ કરી નાખતા રાજકીય હડકંપ મચી ગયો છે. ત્યારે બાલાસિનોર નગર પાલિકાના વોર્ડ નંબર-૪માં મૂળ ભાજપના કાર્યકર શિવાની પટેલ, જીજ્ઞેશ મહેરા, જયંતીભાઈ પટેલ અને જ્યોતિકાબેન અધ્વર્યુએ ભાજપ પક્ષ સામે એનસીપીના મેન્ડેટથી ઉમેદવારી કરી ચૂંટણી લડવા ફોર્મ ભર્યા હતા. પરંતુ, એનસીપી દ્વારા બોગસ મેન્ડેટથી ચૂંટણી લડતા હોવાનું જણાઈ આવતા ચારેયની ઉમેદવારી રદ થઈ હતી. ત્યારે હવે ભાજપ પક્ષે પણ આ ચારેય કાર્યકરોને સસ્પેન્ડ કરી પક્ષમાંથી હાંકી કાઢ્યા છે. જેથી ચારેય કાર્યકરોની હાલ ન ઘરના કે ન ઘાટના જેવી થઈ છે. લુણાવાડામાં ૪ અને સંતરામપુરમાં ૧૩ સહિત કુલ ૨૧ કાર્યકરોને ભાજપે પ્રાથમિક સભ્ય પદેથી સસ્પેન્ડ કરી નાખ્યા છે.

## નડિયાદમાં ફુવાએ દુષ્કર્મ આચરી સગીર ભત્રીજીને ગર્ભવતી બનાવી



નડિયાદ : નડિયાદ શહેરમાં ફૂવાએ સગીર ભત્રીજી પર નજર બગાડી તેણી પર દુષ્કર્મ આચર્યું હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. સગીરાને રાજકોટ લઈ જઈ ફૂવાએ દુષ્કર્મ કર્યું હતું. સગીરાને ગર્ભ રહી જતા મામલો પ્રકાશમાં આવતા નડિયાદ ટાઉન પોલીસે ગુનો દાખલ કરી રાજકોટ ટ્રાન્સફર કર્યો છે. નડિયાદ શહેરમાં એક વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષની સગીરાને તેના પિતા સમાન ફૂવાએ જ હવસનો શિકાર બનાવી છે. ફૂવાએ સગીર ભત્રીજી પર શારિરીક અત્યાચાર ગુજાર્યો અને તેણીને રાજકોટ લઈ જઈ તેની સાથે શરીર સંબંધ બાંધ્યો હતો. દરમિયાન સગીરાને ગર્ભ રહી જતાં આ સમગ્ર વાત બહાર આવી હતી. આ મામલે સગીરાના પરિવારજનોએ સગીરાને પુછપરછ કરતા સમગ્ર કૃત્ય ફૂવાએ જ કર્યું હોવાનું જણાવતા સગીરાના માવતરને પગ તળેથી જમીન સરકી ગઈ હતી. હાલ આ સમગ્ર મામલે પરિવારજનોએ ગત મોડી રાત્રે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ દાખલ કરાવી છે. બીજી બાજુ પોલીસ દ્વારા આરોપીને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ કૃત્ય આચરનારો શખ્સ પોતે પાંચ સંતાનોનો પિતા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. આ બનાવ મામલે નડિયાદ ટાઉન પીઆઇ એમ.બી. ભરવાડે જણાવ્યું કે, આ શ્રમીક પરિવાર છે, રોજેરોજ મજૂરી કરી ગુજરાન ચલાવે છે. મજૂરી દરમિયાન સગીરાને રાજકોટ ખાતે તેના ફૂવાએ દુષ્કર્મ આચર્યું છે. જોકે સગીરાને ગર્ભ રહી ગયો હોવાથી મેડિકલ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ આ સમગ્ર ઘટના રાજકોટ બની હોવાથી આ ફરિયાદ ઝીરો નંબરથી અમે ત્યાં ટ્રાન્સફર કરી છે.

### પોલીસના દમનથી ધરણા કાર્યક્રમ રદ કરાયો નવા કાર્યક્રમ યોજી વિરોધ ચાલુ રખાશે

# કરમસદને અલગ અસ્તિત્વની માંગ સાથે ધરણાંપર બેઠેલા 20 વ્યક્તિની અટકાયત

(એજન્સી) આણંદ । તા. 13

આણંદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કરમસદનો સમાવેશ ન કરવા તથા મનપાને કરમસદ મહાનગરપાલિકા નામ આપવાની માંગ સાથે સરદાર સન્માન સંકલ્પ સમિતિ રવિવારથી ધરણા ઉપર ઉતરી હતી. તેવામાં બુધવારે સાંજે વિદ્યાનગર પોલીસે ધરણા ઉપર બેઠેલા ૨૦ સમર્થકોની અટકાયત કરીને ધરણાં બંધ કરવાનું જણાવી તમામને છોડી મુકવામાં આવ્યા હતા. ત્યારે સમિતિ દ્વારા ધરણા કાર્યક્રમ રદ કરી નવા કાર્યક્રમ યોજી વિરોધ કરવાનું જણાવ્યું હતું. આણંદ મહાનગરપાલિકામાં કરમસદનો સમાવેશ કરાતા કરમસદવાસીઓ દ્વારા તેનો ઉગ્ર વિરોધ કરવામાં આવી રહ્યો છે. મનપામાં સમાવેશ કરતા સરદાર પટેલના વતનનું અલગ અસ્તિત્વ ભુંસાઈ જવાની ભીતિ હોવાનું જણાવી કરમસદને અલગ તાલુકો જાહેર કરવા અથવા આણંદ મનપાનું નામ કરમસદ મહાનગરપાલિકા કરવાની માંગ સાથે સરદાર સન્માન સંકલ્પ સમિતિ રવિવારથી ધરણાં ઉપર ઉતરી હતી. જેમાં રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ત્રણ દિવસથી ચાલી રહેલા ધરણા કાર્યક્રમમાં બુધવારે સાંજે વિદ્યાનગર પોલીસ મથકના પીઆઈ સહિતનો પોલીસ કાફલો ધરણાસ્થળે પહોંચ્યો હતો. પોલીસ દ્વારા ધરણા ઉપર બેઠેલા ૨૦ સમર્થકોની અટકાયત કરીને પોલીસ મથકે લઈ જવામાં આવ્યા હતા. સમર્થકો દ્વારા અટકાયતનું કારણ પૂછવામાં આવતા અધિકારીએ જણાવ્યું હતું કે, સિક્યુરિટીના કારણે પરવાનગી રદ કરવામાં આવી છે.જેથી તમે ધરણા કરી શકશો નહીં. હવે કાર્યક્રમ ઉપર રોક લગાવી દેવામાં આવ્યો છે તેમ ઉમેર્યું હતું. એકાદ કલાક સુધી અટકાયતમાં રાખ્યા બાદ તમામને છોડી મુકવામાં આવ્યા હતા.

સમિતિ દ્વારા ધરણાસ્થળેથી માંડવો પણ છોડી નાખવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ધરણાકરનારાઓને બળજબરીપૂર્વક પકડીને પોલીસની ગાડીમાં બેસાડી, ધરણા પુરાં કરવા માટે દબાણ કરવામાં આવ્યું હોવાના આક્ષેપ લાગ્યા છે. સરદાર સન્માન સંકલ્પ સમિતિ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, પોલીસના દમનથી ધરણાના કાર્યક્રમ રદ કરવામાં આવ્યો છે. સરકાર આંદોલનને કચડી નાખવા માટે સત્તાનો દુરૂપયોગ કરી રહી છે. જે અમે સહન કરવાના નથી. હવે નવા કાર્યક્રમ યોજીને અમે અમારો વિરોધ ચાલુ રાખીશું. સરદાર માટે જીવ આપવો પડે તો પણ અમે તૈયાર છીએ.

## આણંદ-વિદ્યાનગર રોડ પરની તુલસી કાઠિયાવાડી રેસ્ટોરન્ટને નોટિસ ફટકારી

(એજન્સી) આણંદ । તા. 13

આણંદ- વિદ્યાનગર રોડ ઉપર આવેલી તુલસી કાઠિયાવાડી રેસ્ટોરન્ટના ગંદા પાણીથી ગટર ચોકઅપ થવાને કારણે આણંદ પાલિકાએ રેસ્ટોરન્ટને રૂપિયા પાંચ હજાર દંડ કરી નોટિસ ફટકારી છે. રેસ્ટોરન્ટમાં ૭ દિવસમાં સ્ક્રીન ચેમ્બર નહીં બનાવાય તો સીલ કરવામાં આવશે તેવી સૂચના પણ નોટિસ દ્વારા અપાઈ છે. આણંદ વિદ્યાનગર રોડ નંદભૂમિ પાસે આવેલી ગટરની ચેમ્બર બ્લોક થવાના કારણે ગંદુ પાણી રોડ ઉપર આવતું હતું. જેની ફરિયાદ મહાનગરપાલિકાને મળી હતી. આણંદ મહાનગરપાલિકાની ટીમ દ્વારા નંદભૂમિ પાસે આવેલી ગટરની ચેમ્બર ચેક કરતા તેમાં ગટરની નજીક આવેલી તુલસી કાઠિયાવાડી રેસ્ટોરન્ટ દ્વારા ગંદુ પાણી છોડમાં આવતા ગટર ચોકઅપ થઈ ગઈ હતી. ત્યારે મહાનગરપાલિકાની ટીમ દ્વારા ગટરનું દૂરસ્તી કામ કરીને ગંદુ પાણી રોડ ઉપર ન આવે માટે કાર્યવાહી કરીને ગંદુ પાણી બંધ કરવામાં આવ્યું હતું. ઉપરાંત તુલસી કાઠિયાવાડી રેસ્ટોરન્ટમાં તપાસ કરતા તેમની રેસ્ટોરન્ટમાંથી પાણીના નિકાલ અર્થે સ્ક્રીન ચેમ્બર બનાવવામાં આવી ના હોવાના કારણે ગંદુ પાણી ગળાયા વગર ગટરમાં જતું હતું જેના કારણે રેસ્ટોરન્ટને તાત્કાલિક ૫,૦૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જો ૭ દિવસમાં રેસ્ટોરન્ટ તેની હોટલમાં સ્ક્રીન ચેમ્બર ન બનાવે તો હોટલને સીલ કરવામાં આવશે તેવી નોટિસ પણ ફટકારાઈ છે.

# સંતરામ મંદિરમાં 500 કિલો ટોપરું અને 3 હજાર કિલો સાકરની ઉછામણી કરાઈ


(એજન્સી) નડિયાદ । તા. 13

નડિયાદના સંતરામ મંદિરમાં યોગીરાજ અવધૂત સંતરામ મહારાજના ૧૯૪મા સમાધિ મહોત્સવ અને માઘી પૂનમની દિવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંદિરમાં દિવ્ય જ્યોત સામે નતમસ્તક થવા મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ મંદિર પરિસરમાં ઉમટી પડયા હતા. પરંપરાગત રીતે ઓમ નાદ કર્યા બાદ સાકરવર્ષા કરવામાં આવી હતી. સંતોની ઉપસ્થિતિમાં સાંજે ૬.૫૦ કલાકથી સતત ૨૦ મિનિટ સુધી ૩,૦૦૦ કિલો સાકર અને ૫૦૦ કિલો ટોપરાંની ઉછામણી કરાઈ હતી. જેને ભક્તોએ જય મહારાજના નાદ સાથે પ્રસાદીરૂપી ઝીલી હતી. સંતરામ મંદિરમાં મહાસુદ પૂનમે બપોરથી જ શ્રધ્ધાળુઓની ભીડ જામતી જોવા મળી હતી. તાપમાં પણ લોકો 'જય મહારાજ'ની ધૂન કરી, દિવ્ય અખંડ જ્યોત સમક્ષ નતમસ્તક થતાં જોવા મળ્યા હતા. સાકરવર્ષાનો સમય સાંજે હતો. જેમ જેમ આ સમય નજીક આવતા તેમ તેમ ખાલી દેખાતાં મંદિર પરિસરમાં શ્રધ્ધાળુઓની ભીડ જામવા લાગી હતી અને સમી સાંજે મંદિર પરિસરમાં ઉભા રહેવાની પણ જગ્યા ન હતી. ૬.૪૮ કલાકે વર્ષમાં એકજવાર થતી આરતીના દર્શનનો લ્હાવો ભક્તોએ લીધો




હતો. 'બોલો જય જય જય મહારાજ, સંત ગુરૂજીની આરતી...'ના શબ્દે શબ્દે શ્રધ્ધાળુઓ સંતરામમય થતાં જોવા મળ્યા હતા. ૯ મહંતોના જયનાદ બાદ ત્રણ વાર ઓમનું ઉચ્ચારણ કરી, એક મિનિટના મૌન બાદ સંતરામ મહારાજના ચરણે ભક્તિ અને કૃતજ્ઞાતા વ્યક્ત કરવામાં આવી હતી. બાદમાં ફરીવાર ત્રણ વખત ઓમનાદ કરીને સાકરની ઉછામણી કરવામાં આવી હતી. સાકરના પ્રસાદની એક એક કણ મેળવવા માટે ભક્તોએ પડાપડી કરી હતી. મંદિર પરિસરમાં ઠેર ઠેર બનાવેલા નાના સ્ટેજ પરથી સ્વયંમ સેવકો દ્વારા ઉછામણી કરાયેલી સાકરને ભક્તો પ્રસાદીરૂપે ઝીલતા જોવા મળ્યા હતા. સાકરવર્ષા પૂર્ણ થયા બાદ પણ ભક્તોએ મંદિર પરિસરમાં પડેલી સાકર વિણીને પ્રસાદી ગ્રહણ કરી હતી. ૨ કલાક સુધી મંદિર પરિસરનો માહોલ અલૌકિક બની રહ્યો હતો. ભગવાન દત્તાત્રેયના અવતાર પ્રાતઃ સ્મરણીય યોગીરાજ અવધૂત સંતરામ મહારાજ પોષી પુનમે સમાધિ લેવાના હતા, પરંતુ પુજા ભગતની ભક્તિને વશ થઈ, પુજા ભગતને નોકરીમાં રજા મળતી ન હોવાથી તેમણે માઘ પૂણમાએ સમાધિ લેવાનું નક્કી કર્યું હતું. કહેવાય છે કે, દર્શનાર્થે આવેલા ભક્તોએ કહ્યું હતું કે, અમે તમને સમાધિ અવસ્થામાં જ જોયા છે, તો કઈ રીતે ખબર પડશે કે સમાધિ લઈ લીધી. ત્યારે મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, બે કોડિયામાં ઘી- વાટ મૂકી રાખજો, તે આપમેળે પ્રગટશે ત્યારે મે સમાધિ લઈ લીધી તેમ સમજી જજો.


## આપનો આજનો દિવસ




**મેષ (અ,લ,ઇ)**
ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો અને તમારા વ્યાયામને વળગી રહો. માતા અથવા પિતા ની સેહત પર આજ તમારે વધારે ધન ખર્ચ કરવું પડી શકે છે. આનાથી તમારી આર્થિક સ્થિતિ બગડશે પરંતુ સંબંધો માં મજબૂતી આવશે.




**વૃષભ (બ,વ,ઉ)**
આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.




**મિથુન (ક,છ,ઘ)**
ભોજનનો સ્વાદ જેમ તેમાંના નમકને આભારી છે-એમ કેટલીક તકલીફો પણ જરૂરી છે, તો જ ખુશીનું ખરૂં મૂલ્ય સમજાશે. જો તમે ઘર થી બહાર રહી નોકરી અથવા ભણતર કરતા હોવ તો એવા લોકો થી દૂર રહો જે તમારું ધન અને સમય બરબાદ કરે.




**કર્ક (ડ,હ)**
મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિન્ક અંગે સાવચેત રહેજો. તમે પ્રવાસ કરવાના તથા ખર્ચ કરવાના મૂડમાં હશો-પણ તમે જો એવું કરસો તો તમે પછીથી દિલગીરી અનુભવશો. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. નવો પ્રણય સંબંધ બંધાવવાની પ્રબળ શક્યતા છે.




**સિંહ (મ,ટ)**
આજે ખાસ દિવસ છે કેમ કે સારૂં સ્વાસ્થ્ય તમને કશુંક અસાધારણ કરવાની ક્ષમતા આપશે. ગત દિવસો માં જેટલું ધન તમે પોતાના આજ ને સારું કરવા માટે નિવેશ કર્યું હતું તેનું ફાયદો તમને આજે મળી શકે છે. ફૅશન તમારા જીવનમાં ભવ્ય લય છે.




**કન્યા (પ,ઠ,ણ)**
તમારામાંના કેટલાકને આજે મહત્વના નિર્ણયો લેવાની ફરજ પડશે જે તમને તાણગ્રસ્ત અને ઉદ્વીગ્ન કરી મુકશે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.




**તુલા (ર,ત)**
આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો.



**વૃશ્ચિક (ન,ય)**
સ્વસ્થ રહેવા માટે તમારા ખોરાક પર અંકુશ રાખો તથા વ્યાયામ કરો. આજે તમને કોઈ અજાણ્યા સ્ત્રોત્ર થી ધન લાભ થયી શકે છે જેના લીધે તમારી ઘણી આર્થિક મુશ્કેલીઓ દૂર થયી જશે. તમે જેને ઓળખો છો એવી કોઈ વ્યક્તિ આર્થિક બાબતને લઈને વધુ પડતી પ્રતિક્રિયા આપશે, જેને કારણે ઘરમાં બેચેનીનું વાતાવરણ જામશે.




**ધન (ભ,ધ,ફ)**
ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે. આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ મિત્રો તમને સહકાર આપનારા જણાશે-પણ તમે જે બોલો છો તે અંગે તકેદારી રાખજો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલીસર્જાશે.



**મકર (ખ,જ)**
તમારા પ્રચંડ પ્રયાસો તથા પરિવારના સભ્યોની સમયસર મદદ વાંછિત પરિણામ લાવશે. વર્તમાન મનોબળ જાળવી રાખવા માટે સખત મહેનત જાળવી રાખો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે.



**કુંભ (ગ,શ,સ)**
તમે પરિસ્થિતિની કમાન સંભાળશો એટલે તમારી બેચેની દૂર થઈ જશે. તમને એ સમજાવાની શક્યતા છે કે બધું સાબુના પરપોટા જેવું ક્ષણભંગુર છે જ હિંમત સાથેના પ્રથમ સંપર્કથી જ ગાયબ થઈ જાય છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.



**મીન (દ,ચ,ઝ,થ)**
વધુ પડતી ચિંતા તથા તાણ તમારા સ્વાસ્થ્યને બરબાદ કરી શકે છે.માનસિક સ્પષ્ટતા જાળવવા માટે તમારે મૂંઝવણ તથા હતાશા ટાળવી જોઈએ. કેટલાક લોકો માટે પ્રવાસ દોડધામભર્યો અને તાણયુક્ત પુરવાર થશે-પણ આર્થિક રીતે વળતર આપશે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો.

## HDFC સૌથી વધુ વેઈટેજ ધરાવતો સ્ટોક બનશે, Hyundai Motorsમાં સૌથી વધુ 25 કરોડ ડોલરનું રોકાણ અપેક્ષિત

# MSCIમાં મોટા ફેરફારની તૈયારી, ભારતમાં 1 અબજ ડોલરનું વિદેશી રોકાણ આવશે

## MSCIમાં મોટા ફેરફારની તૈયારી, ભારતમાં 1 અબજ ડોલરનું વિદેશી રોકાણ આવશે




(એજન્સી) મુંબઈ તા 13

વૈશ્વિક ઈન્ડેક્સ પ્રોવાઈડર એમએસસીઆઈએ ફેબ્રુઆરી મહિના માટે તેના સૂચકાંકોમાં ફેરફારની જાહેરાત કરી છે. આ ફેરફારો ૨૮ ફેબ્રુઆરીએ બજાર બંધ થયા પછી અમલમાં આવશે. આ ફેરફારના ભાગ રૂપે હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા લિમિટેડને એમએસસીઆઈના ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં સામેલ કરવામાં આવી શકે છે. ફેબ્રુઆરી સમીક્ષામાં એમએસસીઆઈ દ્વારા તેના વૈશ્વિક માનક સૂચકાંકમાં સમાવિષ્ટ થનાર આ એકમાત્ર ભારતીય લાર્જ-કેપ સ્ટોક હશે. હ્યુન્ડાઇ મોટરની સામે અદાણી ગ્રીન લિમિટેડના શેરને ઈન્ડેક્સમાંથી દૂર કરવામાં આવ્યા છે. હ્યુન્ડાઇ ઈન્ડિયા ઉપરાંત એમએસસીઆઈ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં ઘણા ભારતીય શેરોનું વેઈટેજ વધ્યું છે. તેમાં ઈન્ડસઈન્ડ બેંક, ઝોમેટો લિમિટેડ, વરુણ બેવરેજીસ લિમિટેડ, મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડ, ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડ, ડિક્સન ટેક્નોલોજીસ (ઈન્ડિયા) લિમિટેડ, પીબી ફિનટેક લિમિટેડ, અદાણી એન્ટરપ્રાઈઝ લિમિટેડ અને વોલ્ટાસ લિમિટેડનો સમાવેશ થાય છે. સામે પક્ષે તે શેરમાં વેઈટેજ સૌથી વધુ ઘટયું છે તેમાં અદાણી ગ્રીન એનર્જી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, એચડીએફસી બેંક, ઈન્ફોસિસ, આઈસીઆઈસીઆઈ બેંક, ભારતી એરટેલ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, લાર્સન એન્ડ ટુબ્રો અને એક્સિસ બેંકનો સમાવેશ થાય છે. આ ફેરફાર બાદ એચડીએફસી બેંક હવે ભારતીય શેરોમાં એમએસસીઆઈ ઈન્ડેક્સમાં સૌથી વધુ વેઈટેજ ધરાવતો સ્ટોક બની ગયો છે. આ પછી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, આઈસીઆઈસીઆઈ બેંક, ઈન્ફોસિસ અને ભારતી એરટેલનો ક્રમ આવે છે. સ્મોલ-કેપ સેગમેન્ટમાં એમએસસીઆઈ ઈન્ડેક્સે ૧૯ ભારતીય શેર ઉમેર્યા અને ઈન્ડેક્સમાંથી તેટલા જ શેર દૂર કર્યા. ટોચના ૧૦ નવા શેરોમાં જ્યોતિ સીએનસી, ઓલા, કાર ટ્રેડ, એફકોન્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ટીબીઓ ટેક, વેબસોલ એનર્જી, ઝેગલ પ્રીપેડ, શૈલી એન્જિનિયરિંગ, કોવાઈ મેડિકલ અને ગ્રીવ્સ કોટન લિમિટેડનો સમાવેશ થાય છે. નુવામા અલ્ટરનેટિવ એન્ડ ક્વોન્ટિટેટિવ રિસર્ચના એક અહેવાલ મુજબ એમએસસીઆઈના ગ્લોબલ સ્ટાન્ડર્ડ ઈન્ડેક્સમાં જે ભારતીય શેરોનું વેઈટેજ વધ્યું છે તેઓ લગભગ ૮૫ કરોડથી ૧ અબજ ડોલર એટલેકે અંદાજે ૮૫૦૦ કરોડ આસપાસના પેસિવ ઈન્વેસ્ટમેન્ટને આકષત કરી શકે છે. તેમાંનો સૌથી મોટો લાભાર્થી હ્યુન્ડાઇ હશે, જેમાં લગભગ ૨૫ કરોડ ડોલરનું રોકાણ અપેક્ષિત છે.

## TATA.ev ભારતના ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને 400,000 ચાર્જ પોઈન્ટ્સ સુધી વધારશે

(એજન્સી) મુંબઈ । તા 13




'ઓપન કોલૅબરેશન 2.0' ના લોન્ચ પ્રસંગે બોલતા, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ્સ અને ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટીના મેનેજિંગ ડિરેક્ટર મિ. શૈલેષ ચંદ્રાએ જણાવ્યું હતું કે, 'TATA.ev માત્ર વિશ્વ કક્ષાના ઈલેક્ટ્રિક વાહનો રજૂ કરીને જ નહીં પરંતુ સમગ્ર દેશમાં એક મજબૂત ચાર્જિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવીને પણ ભારતની EV ક્રાંતિમાં મોખરે રહ્યું છે. ભારતમાં ઈલેક્ટ્રિક વાહનોના ઝડપી વિકાસને સક્ષમ બનાવવા માટે, અમે 'ઓપન કોલૅબરેશન 2.0' શરૂ કર્યું છે, જેનો ઉદ્દેશ્ય અગ્રણી CPOs સાથે ભાગીદારીમાં આગામી બે વર્ષમાં ચાર્જિંગ નેટવર્કને 400,000 થી વધુ પોઈન્ટ્સ સુધી વિસ્તૃત કરવાનો છે. આ પહેલ ચાર્જિંગ ઝડપ, વિશ્વસનીયતા અને વપરાશકર્તા અનુભવમાં વધારો કરશે, સાથે સાથે CPOs ની કાર્યક્ષમતામાં પણ સુધારો કરશે અને તેમના વિકાસને સરળ બનાવશે. ચાર્જિંગ અનુભવને બહેતર બનાવવા માટે, અમે ભાગીદારી દ્વારા મુખ્ય શહેરો અને હાઈવે પર TATA.ev મેગા ચાર્જર્સ તેમજ ગુણવત્તાયુક્ત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુનિશ્ચિત કરતા TATA.ev વેરિફાઈડ ચાર્જર્સ રજૂ કરી રહ્યા છીએ. વધુમાં, ગ્રાહકોની ચિંતાઓને દૂર કરવામાં અને EV અપનાવવામાં વધારો થઈ રહ્યો હોવાથી ચાર્જિંગ ઈકોસિસ્ટમને વધુ સુલભ અને વિશ્વસનીય બનાવવા માટે એક સંકલિત ચાર્જિંગ હેલ્પલાઈન અને સીમલેસ પેમેન્ટ સોલ્યુશન્સ રજૂ કરવામાં આવી રહ્યા છે.' ઓપન કોલૅબરેશન 2.0 હેઠળ એક મુખ્ય પહેલ તરીકે, TATA.ev અગ્રણી CPOs સાથે ભાગીદારી કરીને TATA.ev મેગા ચાર્જર નેટવર્ક બનાવશે.

## અગ્રણી બ્રોકરેજિસે હેક્સાવેર ટેક્નોલોજિસના આઈપીઓમાં રોકાણ કરવાની સલાહ આપી

(એજન્સી) મુંબઈ । તા 13

એસબીઆઈ સિક્યોરિટીઝ (લાંબા ગાળાના રોકાણ માટે સબ્સ્ક્રાઈબ), આનંદ રાઠી (સબ્સ્ક્રાઈબ), નિર્મલ બંગ (લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઈબ), ચોઈસ (લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઈબ), અરિહંત કેપિટલ (લાંબા ગાળા માટે સબ્સ્ક્રાઈબ), એસએમસી ગ્લોબલ (લાંબા ગાળાના રોકાણકારો માટે યોગ્ય), સ્ટોક્સબૉક્સ (સબ્સ્ક્રાઈબ), વેન્ચુરા સિક્યોરિટીઝ (સબસ્ક્રાઈબ) એ લાંબા ગાળા માટે આઈપીઓમાં રોકાણ કરવાની સલાહ આપી છે. કેટલાક અગ્રણી બ્રોકરેજની આઈપીઓ નોટમાં હેક્સાવેર ટેક્નોલોજીસના રૂ.8,750 કરોડના IPOને સબ્સ્ક્રાઈબ કરવાની ભલામણ કરી છે, જે શુક્રવાર, ફેબ્રુઆરી 14, 2025ના રોજ સબસ્ક્રિપ્શન માટે બંધ થાય છે. એસબીઆઈ સિક્યોરિટીઝ જણાવે છે કે 'કંપનીનું મૂલ્ય પોસ્ટ-ઈશ્યૂ કેપિટલ પર ઉપલી પ્રાઈસ બેન્ડના આધારે 43.1x/37.6x ના CY23/CY24E (વાર્ષિક) P/E પર આંકવામાં આવે છે, જે તેની સમકક્ષ કંપનીઓ કરતાં પ્રમાણમાં સસ્તું છે. તે ઉદ્યોગોની દ્રષ્ટિએ વૈવિધ્યસભર રેવન્યુ મિક્સ ધરાવે છે. કંપની પોતાના ગ્રાહકો માટે ઉત્પાદકતામાં સુધારો લાવવા અને ઉપયોગમાં લાભ મેળવવા માટે એઆઈનો ફાયદો ઉઠાવે છે. હેક્સાવેરની ડોલરમાંઆવક/રૂપિયાની આવક/પીએટી સ્થિર ઈબીઆઈટી માર્જિન સાથે CY21-23 કરતાં 14%/20%/15% ના CAGR દરે વૃદ્ધિ પામી છે. સપ્ટેમ્બર 24ના આંકડા મુજબ કંપની પાસે રૂ. 1,346 કરોડની તંદુરસ્ત કેશ બેલેન્સ છે. અમે લાંબા ગાળાના રોકાણ માટે કટ-ઓફ ભાવે આ ઈશ્યૂને સબ્સ્ક્રાઈબ કરવાની ભલામણ કરીએ છીએ.' આનંદ રાઠીએ પોતાના અહેવાલમાં જણાવ્યું છે કે 'હેક્સાવેર ટેક્નોલોજીનો બિઝનેસ છેલ્લા એક દાયકામાં વિકસિત થયો છે.

## ભારત ફોર્જ અને લીભેરનો અદ્યતન એરોસ્પેસ ઉત્પાદન માટે સહયોગ




(એજન્સી) બેંગ્લોર તા 13

એરો ઈન્ડિયા 2025માં ભારત ફોર્જ અને લીભેરે વૈશ્વિક એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીની માગને પૂર્ણ કરવા માટે એક ઉત્પાદન સુવિધા સ્થાપિત કરવા માટે સહયોગની જાહેરાત કરી છે. આ વ્યૂહાત્મક ભાગીદારીના ભાગરૂપે ભારત ફોર્જ પૂણેમાં તેના મુખ્યાલયમાં એક અદ્યતન ઉત્પાદન સુવિધા સ્થાપિત કરશે, જેને વર્ષ 2025માં કાર્યરત કરવાની યોજના છે.આ નવી સુવિધામાં એક રિંગ મિલ હશે, જેમાં લેન્ડિંગ ગિયર કમ્પોનન્ટ્સ સહિત ઉચ્ચ-ચોકસાઈવાળા ઘટકોનું ઉત્પાદન કરવા માટે અદ્યતન ફોર્જિંગ અને મશીનિંગ ટેકનોલોજીનો સમાવેશ કરાશે.ભારત ફોર્જ લિમિટેડના નેતૃત્વ હેઠળ રોકાણ લીભેર અને તેના વૈશ્વિક ગ્રાહક આધાર માટે વિશ્વ-સ્તરીય સોલ્યુશન્સ ડિલિવર કરવાની કંપનીની કટીબદ્ધતા દર્શાવે છે. ભારત ફોર્જ લિમિટેડના એરોસ્પેસ સીઈઓ ગુરૂ બિસ્વાલે કહ્યું હતું કે, "લીભેર સાથેનો આ સહયોગ એરોસ્પેસ મેન્યુફેક્ચરિંગમાં ઈનોવેશન અને ઉત્કૃષ્ટતા પ્રત્યેની અમારી સંયુક્ત કટીબદ્ધતાનો પુરાવો છે. રિંગ મિલ અને લેન્ડિંગ ગિયર મશિનિંગમાં રોકાણ ઉચ્ચ-ચોકસાઈવાળા ઘટકો ડિલિવર કરવાના તથા એરોસ્પેસ ઈન્ડસ્ટ્રીમાં લાંબાગાળે મૂલ્ય સર્જન માટેનું અમારી ફોકસ દર્શાવે છે."

## બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી નેક્સ્ટ 50 ઇન્ડેક્સ ફંડ લોન્ચ કર્યું




(એજન્સી) અમદાવાદ તા 13

બંધન મ્યુચ્યુઅલ ફંડે બંધન નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ફંડ લોન્ચ કરવાની જાહેરાત કરી, જે નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સને ટ્રેક કરતી ઓપન-એન્ડેડ સ્કીમ છે, જેમાં ભારતના ટોચના ૧૦૦ લિસ્ટેડ શેરોમાં નિફ્ટી ૫૦ થી આગળ ક્રમાંકિત ૫૦ કંપનીઓનો સમાવેશ થાય છે. લાર્જ કેપ્સ તરીકે વર્ગીકૃત કરવામાં આવી હોવા છતાં, આ કંપનીઓ મિડ અને સ્મોલ-કેપ્સ જેવી વૃદ્ધિની સંભાવના દર્શાવે છે. ન્યૂ ફંડ ઓફર (NFO) ગુરુવાર, 13 ફેબ્રુઆરી 2025 ના રોજ ખુલશે અને મંગળવાર, 25 ફેબ્રુઆરી 2025 ના રોજ બંધ થશે. બંધન નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ ફંડમાં રોકાણ લાઈસન્સ પ્રાપ્ત મ્યુચ્યુઅલ ફંડ વિતરકો, ઓનલાઇન પ્લેટફોર્મ અને સીધા https://bandhanmutual.com/nfo/bandhan-nifty-next-50-index-fund/ પર કરી શકાય છે. નિફ્ટી નેક્સ્ટ ૫૦ માં રહેલી તક અંગે ટિપ્પણી કરતા, બંધન એએમસીના સીઈઓ વિશાલ કપૂરે જણાવ્યું હતું કે, "નિફ્ટી નેક્સ્ટ ૫૦ ઈન્ડેક્સ રોકાણકારોને એવી સ્થાપિત કંપનીઓ સુધી પહોંચવાની સુવિધા આપે છે જે હજુ પણ તેમના ઉચ્ચ-વૃદ્ધિના તબક્કામાં છે. ગ્રાહક વિવેચનાત્મક, FMCG, IT અને વધુ જેવા ક્ષેત્રોમાં ફેલાયેલા, ઈન્ડેક્સમાં નોંધપાત્ર સંભાવના ધરાવતા ઉદ્યોગ વિક્ષેપકો શામેલ છે. છેલ્લા નવ વર્ષોમાં, આ ઈન્ડેક્સમાંથી ૨૪ કંપનીઓ નિફ્ટી ૫૦ માં પ્રવેશી છે, જે તેને સંભવિત ભાવિ બજાર નેતાઓ માટે લોન્ચપેડ તરીકે મજબૂત બનાવે છે.

## સ્થાનિક શેરબજાર લાલ નિશાનમાં બંધ થયું, સેન્સેક્સ 76,139 પર બંધ થયું

### શેરબજાર લાંબા સમયથી રોકાણકારોને એક પછી એક આંચકા આપી રહ્યું છે. લાખો કરોડ રૂપિયા વેડફાયા છે. નિષ્ણાતો માને છે કે આગામી દિવસોમાં નિફ્ટી 22,000ના સ્તર સુધી ઘટી શકે છે

(એજન્સી) મુંબઈ તા 13

ગુરુવારે પણ સ્થાનિક શેરબજારમાં ઘટાડાનો ટ્રેન્ડ ચાલુ રહ્યો. બજાર ફ્લેટ બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) સેન્સેક્સ આજે 32.11 પોઈન્ટ ઘટીને 76,138.97 પર બંધ થયો. નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)નો નિફ્ટી પણ ૧૩.૮૫ પોઈન્ટ નબળો પડીને ૨૩,૦૩૧.૪૦ ના સ્તરે બંધ થયો. આજના ટ્રેડિંગ દરમિયાન, નિફ્ટીએ 23,235.50 ની ઈન્ટ્રાડે હાઈ સપાટી નોંધાવી હતી, જ્યારે દિવસનું સૌથી નીચું સ્તર 22,992.20 જોવા મળ્યું હતું.



### નિફ્ટી 50ની 27 કંપનીઓના શેર ઘટાડા સાથે બંધ થયા

૫૦ કંપનીઓમાંથી ૨૭ કંપનીઓના શેર લાલ નિશાન પર બંધ થયા. મુખ્ય નુકસાનમાં અદાણી એન્ટરપ્રાઈઝ, અદાણી પોર્ટ્સ, હીરો મોટોકોર્પ, ઈન્ફોસિસ અને લાર્સન એન્ડ ટુબ્રોનો સમાવેશ થાય છે, જે 4.93 ટકા સુધીના નુકસાન સાથે બંધ થયા હતા. નિફ્ટી ૫૦ શેરોમાં, સન ફાર્મા, બજાજ ફિનસર્વ, ટાટા સ્ટીલ, બજાજ ફાઈનાન્સ અને સિપ્લા સૌથી વધુ વધ્યા હતા.

### ક્ષેત્રીય સૂચકાંકોમાં આજના વેપાર

આજના કારોબારના અંતે, નિફ્ટી મિડકેપ 100 ઈન્ડેક્સ 0.25 ટકા વધ્યો હતો, જ્યારે નિફ્ટી સ્મોલકેપ 100 ઈન્ડેક્સ 0.37 ટકા ઘટ્યો હતો. નિફ્ટી ફાઈનાન્શિયલ સર્વિસિસ, ફાર્મા, મેટલ, હેલ્થકેર, પ્રાઈવેટ બેંક અને રિયલ્ટી સૂચકાંકો 1.47 ટકા સુધીના વધારા સાથે બંધ થયા. તેવી જ રીતે, NSE પર ઓટો, IT, FMCG, PSU બેંકો, OMCs અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ સેક્ટરલ ઈન્ડેક્સમાં 1 ટકા સુધીનો ઘટાડો જોવા મળ્યો હતો.

## ઈન્ડીડ 2025 માટે ભારતની શ્રેષ્ઠ નોકરીઓ જાહેર કરે છે

(એજન્સી) બેંગ્લોર તા 13

વર્ષોથી, ભારતનું જોબ માર્કેટ ટેકનોલોજીનો પર્યાય રહ્યું છે - સોફ્ટવેર એન્જિનિયર્સ, ડેટા સાયન્ટિસ્ટ્સ અને AI સ્પેશલિસ્ટ્સ ભરતીના વલણોમાં પ્રભુત્વ ધરાવે છે. પરંતુ 2025 માં, આર્કિટેક્ટ્સ ટોચનું સ્થાન ધરાવે છે.ગ્લોબલ મેચિંગ અને હાયરિંગ પ્લેટફોર્મ, ઈન્ડીડએ આજે 2025 માટે ભારતમાં શ્રેષ્ઠ નોકરીઓની વાર્ષિક સૂચિ જાહેર કરી છે. આર્કિટેક્ટ્સ હવે દેશમાં સૌથી વધુ માંગવાળા વ્યાવસાયિકો છે, ગયા વર્ષ કરતાં નોકરીઓમાં 81% નો વધારો થયો છે અને સરેરાશ વાર્ષિક પગાર 1,495,353 છે. નોકરીની જાહેરાતો, પગારના વલણો અને વૃદ્ધિની સંભાવનાના આધારે, રેન્કિંગ દર્શાવે છે કે ભારતનું ઝડપી શહેરીકરણ, માળખાગત સુવિધામાં તેજી અને ટકાઉ બાંધકામનો પ્રયાસ કેવી રીતે ભરતી પસંદગીઓને ફરીથી આકાર આપી રહ્યો છે. જેમ જેમ મહાનગરોનો વિસ્તાર થાય છે, સ્માર્ટ શહેરો આકાર લે છે, અને કંપનીઓ ઊર્જા-કાર્યક્ષમ ઓફિસ જગ્યાઓમાં રોકાણ કરે છે, તેમ આર્કિટેક્ટ્સ આ પરિવર્તનના કેન્દ્રમાં છે. 'ઘણા વર્ષોમાં પહેલી વાર, કોઈ નોન-ટેક રોલ અમારી શ્રેષ્ઠ નોકરીઓની યાદીમાં ટોચ પર છે, ભારતના વિકસતા શહેરો, નવા વ્યાપારી કેન્દ્રો અને ઝડપથી વધી રહેલી રિયલ એસ્ટેટને કારણે ભવિષ્યને ડિઝાઈન કરી શકે તેવા આર્કિટેક્ટ્સની માંગ વધી રહી છે.

## મોબિક્વિક આરબીઆઈ સાથે ફુલ સીબીડીસી (e₹) લોન્ચ કરનારી પહેલી ફિનટેક બની

(એજન્સી) મુંબઈ તા 13

ભારતના સૌથી મોટા ડિજિટલ વોલેટ મોબિક્વિક (વન મોબિક્વિક સિસ્ટમ્સ લિમિટેડ)એ આજે ભારતીય રિઝર્વ બેન્ક (આરબીઆઈ) અને યશ બેન્ક સાથે ભાગીદારીમાં ભારતની સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (સીબીડીસી) ઈ-રૂપી (e)નું ફૂલ વર્ઝન લોન્ચ કરવાની જાહેરાત કરી છે. મોબિક્વિક પહેલું ડિજિટલ વોલેટ છે, જે ઈ-રૂપી (e)વોલેટના પૂર્ણ સ્તરના પ્રોડક્શન વર્ઝન સાથે લાઈવ થયું છે.નવું સીબીડીસી ઉત્પાદન ઈ-રૂપી (e)વોલેટ તેના બધા જ એન્ડ્રોઈડ યુઝર્સ માટે ઉપલબ્ધ છે. ઈ-રૂપી વોલેટ યુઝર્સને યુપીઆઈ મારફત અન્ય ઈ-રૂપી વોલેટ્સ તેમજ નિયમિત બેન્ક ખાતાઓમાં નાણાં મોકલવા અને મેળવવા સક્ષમ બનાવશે. તે પીયર-ટુ-પીયર (P2P) અને પીયર-ટુ-મર્ચન્ટ (P2M) નાણાકીય વ્યવહારની સુવિધા પૂરી પાડે છે. ઉદાહરણરૂપે, એક યુઝર eનો ઉપયોગ કરીને કોઈપણ યુપીઆઈ ક્યુઆર પર સ્કેન કરીને ચૂકવણી કરી શકે છે, કારણ કે તે યુપીઆઈ સાથે સંપૂર્ણપણે જોડાયેલ છે. મોબિક્વિકના વર્તમાન યુઝર્સ, જે પોતાનું કેવાયસી પૂરું કરી ચૂક્યા છે તેઓ તાત્કાલિક e વોલેટ ખોલી શકે છે અને તેમના બેન્ક ખાતામાંથી નાણાં ટ્રાન્સફર કરી શકે છે. નવા મોબિક્વિક યુઝર્સે e વોલેટ ખોલાવતા પહેલાં વીડિયો કેવાયસી પૂરું કરવાનું રહેશે. હાલમાં, ઈ-રૂપી (e) વોલેટથી દૈનિક રૂ. 50,000ના નાણાકીય વ્યવહાર કરી શકાય છે અને પ્રત્યેક નાણાકીય વ્યવહારની મર્યાદા રૂ.10,000 છે.

## MG SELECTના ડીલર પાર્ટનર તરીકે એરોમાર્ક કાર્સ નિયુક્ત

(એજન્સી) અમદાવાદ તા 13

JSW MG મોટર ઈન્ડિયા દ્વારા તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલી લક્ઝરી બ્રાન્ડ ચેનલ, MG SELECT દ્વારા સમગ્ર ભારતમાં 12 ડીલર ભાગીદારો નિયુક્ત કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ડીલર ભાગીદારો વિસ્તરણના પ્રથમ તબક્કા માટે આયોજન કરવામાં આવેલા 13 શહેરોમાં 14 MG SELECT અનુભવ કેન્દ્રો (ટચ પોઈન્ટ) દ્વારા નવા યુગના ખરીદનારાઓ માટે લક્ઝરી કારની ખરીદીનો અનુભવ વધુ ઉન્નત કરશે. હાલના JSW MG મોટર ઈન્ડિયાના ડીલર નેટવર્કનો ભાગ એવા એરોમાર્ક કાર્સને અમદાવાદ અને કોલકાતા ખાતે MG SELECT નું પ્રતિનિધિત્વ કરવા માટે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જાહેરાત અંગે બોલતા, JSW MG મોટર





ઈન્ડિયાના MG SELECTના કાર્યકારી વડા મિલિંદ શાહે જણાવ્યું હતું કે, "MG SELECTનો ગ્રાહક કેન્દ્રિત અભિગમ નવા યુગના લક્ઝરી કાર ખરીદનારાઓ માટે ખાસ તૈયાર કરવામાં આવેલા અને વ્યક્તિગત અનુભવો પૂરા પાડવા માટે રચાયેલો છે. અમારા નવા નિયુક્ત કરવામાં આવેલા ડીલર ભાગીદારો આ વિઝનને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે." એરોમાર્ક કાર્સ (ગ્રૂપ લેન્ડમાર્કની પેટાકંપની) ભારતમાં ટોચની લક્ઝરી અને પ્રીમિયમ બ્રાન્ડ્સની શ્રેણીનું પ્રતિનિધિત્વ કરતી અગ્રણી ઓટોમોબાઈલ ડીલરશીપ નેટવર્ક છે. અનેક શહેરોમાં મજબૂત ઉપસ્થિતિ ધરાવતું આ ગ્રૂપ તેના ગ્રાહક કેન્દ્રિત અભિગમ, અસાધારણ સેલ્સ અને આફ્ટર સેલ્સ સેવાના અનુભવ માટે ખ્યાતિ ધરાવે છે.

# આવકવેરા ધારાની કલમોમાં સુધારો કરવાની સંપૂર્ણ સત્તા સીબીડીટીને હસ્તક

## આકારણી વર્ષ કાઢીને ટેક્સ વર્ષ દાખલ કરવામાં આવ્યું:કલમ 44એડી કાઢીને પ્રીઝમ્પ્ટિવ ટેક્સ માટે નવી કલમ 58 ઉમેરવામાં આવી

(એજન્સી) મુંબઈ તા 13

ગુરૂવારે સંસદમાં રજૂ થનારા આવકવેરા ધારાને નવો ઓપ આપવા માટેના સૂચિત બિલના પાનાં નંબર ૫૯૯ પર આપવાામાં આવેલી ક્લોઝ ૫૩૩માં સૂચવવામાં આવેલી જોગવાઈ મુજબ આવકવેરા ધારાની કલમમાં સુધારો કે ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસને આપવામાં આવી હોવાનો નિર્દેશ મળી રહ્યો છે. આવકવેરાના કાયદાના અનુસંધાનમાં તમામ નિયમો તૈયાર કરવાની પૂર્ણ સત્તા પણ સીબીડીટીને આપી દેવામાં આવી છે. તેમ જ કોમ્પ્લાયન્સ માટેના પગલાં લેવા અને ડિજિટલ ટેક્સ મોનિટરિંગની વ્યવસ્થા કરવાને લગતા દરેક પગલાં લેવાની સીબીડીટને સ્તા આપવામાં આવી છે. તેને માટે સંસદમાં કાયદાકીય સુધારાઓ કરાવવાની જરૂરિયાત રહેશે નહિ. બીજા શબ્દોમાં કહીએ તો લોકોનું પ્રતિનિધિત્વ કરતી સસદ કરતાંય વધુ સત્તા સીબીડીટીને આપી દીધી હોવાનો અહેસાસ થઈ રહ્યો છે. હા, સરકાર તેના પર નજર જરૂર રાખશે. બહુધા જવાબદારી સીબીડીટીને માથે નાખવામાં આવી છે. નવા ખરડામાં ટેક્સ પેયર્સ ચાર્ટરનો સમાવેશ કરવામાં આવ્યો છે. નવા સૂચિત ખરડાની ક્લોઝ ૫૨૬માં ફેરફાર કરીને નવી વેરા સંહિતા સામે ઈન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ સિવાયની કોઈપણ કોર્ટમાં આવકવેરા એક્ટની વિરુદ્ધમાં કેસ કરી શકાશે નહિ, એમ વેરાના જાણકાર પ્રમોદ પોપટનુ કહેવું છે. બીજા શબ્દોમાં કહીએ તો આ કાયદા હેઠળ લેવામાં આવેલા પગલાંને અન્ય કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહિ. ફાઈનાન્શિયલ યર અને આકારણી વર્ષની જગ્યાએ ટેક્સ યરનો લાવવામાં આવ્યું છે. નાણાંકીય વર્ષ અને આકારણી વર્ષમાં ભૂલ થઈ જતી હોવાની આ સુધારો




કરવામાં આવ્યો હોવાનું જણાય છે. જૂના કાયદામાં કુલ મળીને ૫૩૬ કલોમો હતી તે ઘટાડીને ૨૯૮ક લમ કરી દેવામાં આવી છે. તેમ જ શિડયુલ ૧૪ હતા તે વધારીને ૧૬ કરી દેવામાં આવ્યા છે. આ જ રીતે જૂનો કાયદો અંદાજે ૮૮૦ પાનાંનો હતો તે ઘટાડીને આજે ૬૨૨ પેજનો કરી દઈને તેમાં ૨૩ ટકાનો ઘટાડો કરી દેવામાં આવ્યો છે. આજ રીતે ટેક્સ ઓડિટની લિમિટ અત્યારે રૂા. ૧ કરોડ છે તે વધારીને રૂા. ૫ કરોડ કરવામાં આવી છે. ડૉક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એન્જિનિયર સહિતના પ્રોફેશનલ્સની અત્યારે રૂા. ૫૦ લાખ સુધીની આવક ઓડિટને પાત્ર ગણાતી નહોતી તે વધારીને રૂા. ૧ કરોડ કરવામાં આવી છે. તેમ જ ૮ ટકા ઉચ્ચક વેરા જમા કરાવીને ચોપડા ન રાખવાની છૂટ આપતી સિસ્ટમમાં અત્યાર સુધી રૂા. ૨ કરોડની મર્યાદા રાખવામાં આવી હતી. આ મર્યાદા વધારીને નવા સૂચિત કાયદામાં રૂા. ૩ કરોડ કરવામાં આવી છે. આવકવેરાનો નવો કાયદો અમલમાં આવતો જૂનો ૧૯૬૧નો કાયદો આપોઆપ જ રદ થઈ જશે. ખેતીની આવકની વ્યાખ્યમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.જૂના આવકવેરા ધારામાંની કલમ ૪૪એડી કાઢી નાખીને પ્રીઝમ્પ્ટિવ ટેક્સ માટે નવી કલમ ૫૮ ઉમેરવામાં આવી છે. આમ તેની સામે સૂચિત ખરડામાં નવી કલમ ૫૮ દાખલ કરવામાં આવી છે. એકાઉન્ટન્ટની વ્યાખ્યમાં સ્પષ્ટતા કરીને ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને જ આ કેટેગરીમાં મૂકવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાથી નિષ્ણાત કરીમ લાખાણીનું કહેવું છે. તેમાં કોસ્ટ એકાઉન્ટન્ટને ગણતરીમાં લેવામાં આવશે નહિ તેવો નિર્દેશ મળી રહ્યો છે. વ્યક્તિગત અને હિન્દુ અવિભક્ત પરિવારના કરદાતાઓ માટે આવકવેરાનું રિટર્ન ફાઈલ કરવાની છેલ્લી તારીખ ૩૧મી જુલાઈ જ રાખવામાં આવી છે. તેમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી. બીજીતરફ કરદાતાઓને અપડેટ કરેલું રિટર્ન ફાઈલ કરવા માટે ચાર વર્ષનો સમયગાળો આપવામાં આવ્યો છે. જોકે આકારણી, એપીલ, રીવિઝનની કે રેક્ટિફિકેશનની જોગવાઈમાં કોઈ જ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## સીડીએસએલ પાસે 15 કરોડથી વધુ ડીમેટ એકાઉન્ટ રજીસ્ટર્ડ

CDSL
Convenient • Dependable • Secure

મુંબઈ : એશિયાના પ્રથમ અને એકમાત્ર લિસ્ટેડ ડિપોઝિટરી સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસિસ (ઈન્ડિયા) લિમિટેડે જાહેર કર્યું હતું કે તેણે 15 કરોડથી વધુ (150 મિલિયન) ડીમેટ એકાઉન્ટ્સ રજીસ્ટર કર્યાં છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2081, મહા વદ-2

# તાલિબાન સાથે ભારતે સુમેળભર્યા સંબંધો સ્થાપ્યા



તાલિબાન સાથે વાતચીત કરવાનો ભારતનો નિર્ણય તેની વિદેશ નીતિમાં એક મહત્વપૂર્ણ પરિવર્તન દર્શાવે છે. અફઘાનિસ્તાનમાં શાંતિ જાળવવા, પ્રાદેશિક સહયોગને પ્રોત્સાહન આપવા અને ભારતની સુરક્ષા અને આર્થિક હિતોનું રક્ષણ કરવાના હેતુસહ આ વ્યવહારિક પગલું ભરવામાં આવ્યું છે. જેની કેટલાક એશિયન દેશો ટીકા પણ કરી રહ્યા છે. ઓગસ્ટ ૨૦૨૧માં જ્યારે તાલિબાને અફઘાનિસ્તાનને ફરીથી પોતાના કબજામાં લઇ લીધું, ત્યારે કોઈએ કલ્પના પણ નહોતી કરી કે ભારત, પછીથી અફઘાનિસ્તાન જેવા તાલિબાની દેશ સાથે હાથ મિલાવશે, કારણ કે ભારત તો આવા કટ્ટરવાદી શાસનનું હંમેશથી વિરોધી રહ્યું છે. છતાં, ભારત સરકારે ગણતરીપૂર્વક અને વ્યવહારિક અભિગમ અપનાવીને ઘણા લોકોના અનુમાન ખોટા પાડયા. ભારત સરકારે તાલિબાની સત્તા સાથે વાતચીતના વ્યવહારો શરુ કર્યા. આ દર્શાવે છે કે ભારતની વિદેશનીતિમાં થોડા પરિવર્તનો આવ્યાં છે. જોકે દાયકાઓથી, ભારતે અફઘાનિસ્તાનમાં સકારાત્મક ભૂમિકા ભજવી છે, વિકાસ અને પુનર્નિર્માણ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભારત અફઘાનિસ્તાનનું દુશ્મન ક્યારેય નથી રહ્યું. હા, તાલિબાન સાથે ભારતે સુમેળભર્યા સંબંધો સ્થાપ્યા હોય એવી આ પહેલી ઘટના છે. બાકી ભારતે હોસ્પિટલો, શાળાઓ, ડેમ, પાવર સ્ટેશનો અને અફઘાનિસ્તાનના સંસદ ભવન જેવા મોટા પ્રોજેક્ટ્સ માટે ભંડોળ પૂરું પાડયું છે, જેનો લાભ ત્યાંના તમામ ૩૪ પ્રાંતોને મળ્યો છે. તાલિબાને અફઘાનિસ્તાન ઉપર બળજબરીપૂર્વક શાસન લાદી દીધા પછી પણ ભારતે તેના માનવતાવાદી પ્રયાસો ચાલુ રાખ્યા છે. ખાધાખોરાકીનો સામાન, તબીબી પુરવઠો અને કોવિડ-૧૯ રસીઓ પહોંચાડવામાં આવી છે. પાકિસ્તાન આ બે દેશો વચ્ચેના સંબંધોમાં ખૂબ આડખીલી રૂપ બન્યું છે. સામાન પહોચાડવા માટે જમીનમાર્ગે પાકિસ્તાન દ્વારા ઊભી કરવામાં આવેલી પરિવહન સમસ્યાઓ સહિતના બીજા પડકારો હોવા છતાં, ભારતે સહાય પૂરવઠો જાળવવા માટે ઈરાનના ચાબહાર બંદરનો ઉપયોગ કરીને પણ અફઘાનિસ્તાનને મદદ કરી છે. ઓગસ્ટ ૨૦૨૧ અને ઓગસ્ટ ૨૦૨૩ની વચ્ચે, ભારતે અફઘાનિસ્તાનને ૪૭,૫૦૦ મેટ્રિક ટન ઘઉં અને મેડિકલ-હેલ્થકેરનો સામાન પહોચાડયો છે. ૨૦૨૩-૨૪ના કેન્દ્રીય બજેટમાં અફઘાન સહાય માટે ૨૦૦ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા, જે ભારતની પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સમર્પણથી અફઘાન નાગરિકોમાં ભારત પ્રત્યે સદભાવના જન્મી છે. માટે તેઓ ભારત પ્રત્યે આદરભાવ ધરાવે છે. યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાએ વીસ વર્ષમાં અફઘાનિસ્તાન પાછળ ૨.૩ ટ્રિલિયન ડોલરનું આંધણ કર્યું તો પણ અફઘાનીઓને અમેરિકનો ગમતા નથી, જ્યારે ભારતની મદદની કદરદાની થઇ છે. તાલિબાનના પ્રતિનિધિઓ સાથે ભારતની તાજેતરની ઔપચારિક વાટાઘાટોને કારણે બંને દેશો વચ્ચે ફરીથી એક વાતચીતનો સેતુ રચાયો. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી અને અફઘાનિસ્તાનના કાર્યકારી વિદેશ પ્રધાન મૌલવી અમીર ખાન મુત્તાકી વચ્ચેની મુલાકાતને કારણે દ્વિપક્ષીય સંબંધોમાં એક નવો અધ્યાય ઉમેરાયો. નવી દિલ્હી તાલિબાન સાથેની વાતચીત બે મુખ્ય પરિબળોને ધ્યાનમાં લે છેઃ પ્રાદેશિક સુરક્ષાનાં સમીકરણો અને એશિયાનું જીયોપોલિટિક્સ. અફઘાનિસ્તાનની સ્થિરતા ભારતની સુરક્ષા પર સીધી અસર કરે છે, કારણ કે પાડોશી દેશની અસ્થિરતા પ્રાદેશિક અશાંતિને વેગ આપી શકે છે. વધુમાં, માળખાગત સુવિધાઓ અને ખાણકામમાં રોકાણ દ્વારા અફઘાનિસ્તાનમાં ચીનના વધતા પ્રભાવથી ભારતની ચિંતાઓ વધી છે. તાલિબાન સાથે સંપર્કો સ્થાપિત કરવાથી ભારતને ચીનની હાજરીને સંતુલિત કરવામાં મદદ મળશે, અને સાથે જ ખાતરી થશે કે અફઘાનિસ્તાન સંપૂર્ણપણે બેઈજિંગના પ્રભાવના ક્ષેત્રમાં ન આવે. વધુમાં, પાક્ટીકા પ્રાંતમાં પાકિસ્તાનના હવાઈ હુમલા જેવી ઘટનાઓને પગલે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે બગડતા સંબંધોએ ભારત માટે તાલિબાન સાથે સંબંધો મજબૂત કરવાની તકો ઊભી કરી છે. આ બધાં સમીકરણો ધ્યાનમાં લેતા, નવી દિલ્હી અફઘાનિસ્તાનના ભવિષ્યને આકાર આપવામાં સિંહફાળો આપશે એવું લાગે છે.

# રાજયકક્ષાના ૨૦૨૪ના દિવ્યાંગ પારિતોષિકો માટેની અરજીઓ તા.૨૪ ફેબ્રુઆરી સુધી કરવી

કમલેશ પટેલ । સંખેડા

શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ હસ્તકની રોજગાર અને તાલીમ નિયામક,ગાંધીનગર કચેરી દ્વારા રોજગારી (નોકરી) કરતા કે સ્વરોજગારી(વ્યવસાય કે ધંધો) કરતા દિવ્યાંગજન તેમજ દિવ્યાંગજનને વધુ રોજગારી આપનાર તેમ જ દિવ્યાંગજનને રોજગારી અપાવવા મદદ કરતા શ્રેષ્ઠ પ્લેસમેન્ટ ઓફીસરોને એવોર્ડ દ્વારા પ્રોત્સાહીત કરવામા આવે છે. જેના માટે છોટાઉદેપુર જિલ્લાની વર્ષ ૨૦૨૪ના દિવ્યાંગ પારિતોષીક માટેની ૪(ચાર) કેટેગરીની અરજીઓ તા ૨૪.૦૨.૨૦૨૫ સુધીમાં જિલ્લા રોજગાર કચેરી, છોટાઉદેપુર ખાતે મંગાવવામાં આવેલ છે. આ ચાર કેટગરીમાં શ્રેષ્ઠ કાર્યક્ષમ દિવ્યાંગ કર્મચારીઓ, સ્વરોજગાર કરતી દિવ્યાંગ વ્યક્તિઓ, દિવ્યાંગોને નોકરી રાખનાર શ્રેષ્ઠ નોકરીદાતાઓ તથા દિવ્યાંગ વ્યકિતઓને રોજગાર આપવાની કામગીરી કરતાં પ્લેસમેન્ટ ઓફીર્સસનો સમાવેશ થાય છે. આ ચાર કેટેગરી માટેના રાજ્ય દિવ્યાંગ પારિતોષિક માટેની અરજીઓનો નિયત નમૂનો રોજગાર અને તાલીમ નિયામક ખાતાની વેબસાઈટ www.talimrojgar.gujarat.gov.in ઉપરથી અથવા જિલ્લા રોજગાર કચેરી, છોટાઉદેપુર ખાતેથી ‘વિના મુલ્યે‘ તા.૨૪/૦૨/૨૦૨૫ સુધી અરજદાર મેળવી શકાશે. શ્રેષ્ઠ દિવ્યાંગ કર્મચારી કે સ્વરોજગારી કરનાર ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા અંધ,બહેરા-મુંગા,અપંગ,રક્તપિત્ત યુક્ત તથા મંદબુધ્ધિવાળા દિવ્યાંગ વ્યક્તિઓ તથા ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા વ્યક્તિને કામે રાખનાર નોકરીદાતા તથા પ્લેસમેન્ટ ઓફીસરોએ નિયત અરજી ફોર્મ તા.૨૪/૦૨/૨૦૨૫ સુધીમાં સંપૂર્ણ વિગતો સાથે ભરીને અરજીમા જણાવેલ જરુરી સાધનિક દસ્તાવેજો સહિત ત્રણ નકલમાં જાહેર રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર કચેરી,સેક્રેટરીએટ બીલ્ડીંગ સામે ,કોર્ટ કંપાઉન્ડ,છોટાઉદેપુર ખાતે રૂબરૂ આપવા જણાવવામાં આવે છે. શ્રેષ્ઠ કર્મચારી કે સ્વરોજગારી,નોકરીદાતા તેમજ પ્લેસમેન્ટ ઓફીસરોએ પોલીસ વેરિફિકેશન પ્રમાણપત્ર પણ રજુ કરવાનુ રહેશે.

## હજરત નિઝામુદ્દીન-અમદાવાદ સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ તથા હજરત નિઝામુદ્દીન-એકતાનગર એક્સપ્રેસના ઉપડવાના દિવસોમાં ફેરફાર

(એજન્સી) અમદાવાદ । તા. 13

રેલ પ્રશાસન દ્વારા ટ્રેન સંખ્યા 12918 હજરત નિઝામુદ્દીન-અમદાવાદ ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ તથા ટ્રેન સંખ્યા 20946 હજરત નિઝામુદ્દીન-એકતાનગર એક્સપ્રેસ ને હજરત નિઝામુદ્દીન સ્ટેશન થી ઉપડવાના દિવસોમાં ફેરફાર કરવામાં આવ્યો છે. આ ટ્રેનો ની વિગતો નીચે મુજબ છે. ટ્રેન નં. 12918 હઝરત નિઝામુદ્દીન-અમદાવાદ ગુજરાત સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ, જે વર્તમાનમાં હઝરત નિઝામુદ્દીન થી દર શનિવારે ઉપડે છે, તે ૧૫ એપ્રિલ, ૨૦૨૫ થી આ ટ્રેન હઝરત નિઝામુદ્દીનથી દર મંગળવારે ઉપડશે. ટ્રેન નં. 20946 હઝરત નિઝામુદ્દીન-એકતા નગર એક્સપ્રેસ, જે વર્તમાનમાં હઝરત નિઝામુદ્દીનથી દર મંગળવાર અને ગુરુવારે ઉપડે છે, તે 19 એપ્રિલ, 2025 થી આ ટ્રેન હઝરત નિઝામુદ્દીનથી દર ગુરુવારે અને શનિવારે ઉપડશે. આ ટ્રેન ના ઉપડવાના સ્ટોપેજ, આગમન/પ્રસ્થાન સમય, માર્ગ વગેરેમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

## પાટણ જિલ્લા યુવા ભાજપના પૂર્વ ઉપપ્રમુખ પિન્ટુ ભાઈ પટેલનું હાર્ટ એટેકથી અવસાન

નીતિન ઠાકર । ચાણસ્મા

પાટણ તાલુકા મેમદપુર ગામ નાં વતની અને પાટણ જિલ્લા ભાજપ નાં પૂર્વ ઉપપ્રમુખ પીન્ટુભાઇ પટેલ ને ગુરુવારે વહેલી સવારે હાર્ટ એટેક નો હુમલો આવતા કરુણ મોત નીપજ્યું હતું જે સમાચાર ની જાણ ચાણસ્મા સહીત પાટણ જિલ્લા માં થતા ચાણસ્મા પંથક માં ધેરા શોક ની લાગણી વ્યાપી જવા પામી છૅ જયારે સદગત પીન્ટુભાઇ રાજકીય અગ્રણી હોવાની સાથે ચાણસ્મા તાલુકા માં વિકાસ નાં કામો નાં કોન્ટ્રાકટર નાં વ્યવસાય સાથે જોડાયેલા હતાં સદગત છેલ્લા ઘણા સમય થી તાલુકા માં કોન્ટ્રાકટર તરીકે કાર્યરત હતાં

## ભુજના ડૉ.પૂર્વી ગોસ્વામીને મળ્યો કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર

મહેશ એલ.સોની । નખત્રાણા

ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા પ્રતિ વર્ષે આપવામાં આવતા કચ્છી ભાષા ગૌરવ પુરસ્કાર( વર્ષ ૨૦૨૩ ) મૂળ નાગવીરીના પણ હાલે વર્ષોથી ભુજ રહેતા ઈશ્વર ભાઈ સામજી ગોસ્વામી ( ગિરિરાજ ) ની



પુત્રી ડૉ. પૂર્વી ગોસ્વામીને આપવામાં આવ્યો છે. કચ્છના અન્ય એક કચ્છી સર્જક વિશ્રામભાઈ ગઢવીને પણ કચ્છી સાહિત્ય ગૌરવ પુરસ્કાર આપવામાં આવ્યો છે. ડૉ. પૂર્વી ગોસ્વામીએ ૨૦૧૬ થી પૂર્ણ લેખન આદરી કચ્છના સમૃદ્ધ વારસાને પ્રદર્શિત કરવાનો સત્યુત પ્રયત્ન કરેલ છે. કચ્છની ખમીરવંતી નારીના જીવન ચરિત્ર વિશે કટાર લેખન બદલ વર્ષ ૨૦૨૨ માં વુમન એવીચર એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો હતો. આઝાદીના અમૃત મહોત્સવ ઉજવણીના ભાગ રૂપે તેમણે સરહદી કચ્છની વીરાંગનાઓ અને યુસુફ મહેઅલી ગૌરવની ગાથા શ્રેણીનું આલેખન કર્યું હતું.

## માકપટ મારવાડા સમાજનો વિદ્યાર્થી કલા મહાકુંભમાં રાજ્યકક્ષાએ ઝળક્યો

મહેશ એલ.સોની । નખત્રાણા

તાજેતર મા જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ ઉત્સવમાં સફળતા મેળવ્યા બાદ બહુ કઢિત મહેનત કરી ગુજરાત રાજ્ય કક્ષાના કલા મહાકુંભ ઉત્સવમાં માકપટ સમાજ નું ગૌરવ એવાં વ્યોમકુમાર જેન્તીભાઈ કુંવટએ રાજ્યકક્ષા



એ સંગીતકલામાં ઓર્ગન વગાડવામાં પ્રથમ ક્રમાંક મેળવી સમગ્ર કચ્છ જિલ્લા તેમજ સમસ્ત મારવાડા સમાજનું ગૌરવ વધાર્યું હતું તેની આ સિદ્ધિ બદલ માકપટ યુવાસંઘ પ્રમુખશ્રી દિનેશભાઈ કાનજીભાઈ મારવાડા (રહે. મથલ) મહામંત્રીશ્રી મોહનકુમાર થાવરભાઈ સીજુ (રહે. રસલિયા) એ અભિનંદન પાઠવ્યા હતા તેમજ વ્યોમ ને સંગીત કલામાં ઉતરોતર પ્રગતિની મંગલ શુભકામનાઓ પાઠવી હતી. એવું સામાજિક અગ્રણી તેમજ પત્રકાર માવજીભાઈ હિંગણાની યાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

## અમરેલી ખાતે સંત શિરોમણી ગુરુ રવિદાસ મહારાજની 648મી જન્મ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નીકળી

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

અમરેલી જિલ્લા મા .ડો. બાબા સાહેબ આંબેડકર સમાજ ની વાડી . ચિતલ અમરેલી રોડ ખાતેથી સંત શ્રી શિરોમણી ગુરુ રોહીદાસ વિશ્વ મહાપીઠ અમરેલી જિલ્લાના પ્રમુખશ્રી જીગ્નેશભાઈ દાફડા દ્વારા સંત શિરામણી ગુરુ રવિદાસ



મહારાજની 648 મી. જન્મ જયંતી નિમિત્તે ભવ્ય શોભાયાત્રા નુ આયોજન કરેલ સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લા માં સૌ પ્રથમ વખત જીલ્લા કક્ષાએ જાન્યુઆરી મહિનામાં સૌરાષ્ટ્ર ઝોન કાર્યકર્તા બેઠક ત્યારબાદ સૌરાષ્ટ્ર અને અમરેલી જિલ્લા માં સૌ પ્રથમ વખત અંધકારમય યુગમાં સામાજિક સમરસતા ના જનક અને ધાર્મિક આધ્યાત્મિક ચેતના ના અગ્રેસર ધ્રુવ તારક કવિ સમાજ સુધારક સંત શિરોમણી ગુરુ રોહીદાસ મહારાજ ની જન્મ જયંતી ની શોભાયાત્રા નું આયોજન યુવા એડવોકેટ, ગુજરાત રાજ્ય સરકાર ના રાજ્ય કક્ષાના એવોર્ડ વિજેતા,સંત શિરોમણી ગુરુ રવિદાસ વિશ્વ મહાપીઠ અમરેલી જિલ્લા ના પ્રમુખ જીજ્ઞેશ દાફડા દ્વારા સમગ્ર આયોજન કરવામાં આવ્યું.

## જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં બાલકૃષ્ણ સોસાયટીમાં રહેતા એક યુવાને માથાના કુહાડીનો ઘા ઝીંક્યો

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદ ના સામાકાંઠા બાલકૃષ્ણ સોસાયટી માં રહેતા એક યુવકના શરીરમાં દાદા અને બાપુજી આવતા હોય તે મુદ્દે ત્રણ શખ્સોએ તેની સાથે માથાકુટ કરી કુહાડી વડે મારમારી ઈજા પહોંચાડતા આ બારામા જાફરાબાદ મરીન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવાઈ છે. ફરિયાદ કરનાર વ્યક્તિ પંકજભાઈ જીકાભાઈ સોલંકી (ઉ.વ.૩૩) નામના યુવકે જાફરાબાદ પોલીસ સ્ટેશનના માં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તેને શરીરમાં દાદા બાપુજી આવતા હોય તે બાબતે નીતીનભાઇ કાનાભાઇ સોલંકી, અજયભાઈ, કોકીલાબેન ના ઘરે સમજાવવા માટે ગયા હતા ત્યારે આ વાત સારીન લાગતાં નિતીનભાઈ એ ઉશ્કેરાઇ જઇ કુહાડી નો એક ઘા માથામાં મારી ઈજા પહોંચાડી હતી આ ઉપરાંત આ શખ્સોએ ભરતભાઈ ને લાકડી વડે મારમારી ઈજા પહોંચાડી હતી તેમજ કાજલબેન અને કલાવતી બેનને પણ મારમાર્યો હતો બનાવની વધુ તપાસ હેંડ કોન્સ્ટેબલ એ.આર. ઝાલા ચલાવી રહ્યા છે.

## રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ભારજ પુલ અને ભારજ પુલ પાસે નવા બનાવેલ ડાયવર્ઝન વાહનવ્યવહાર અને માણસોની અવર-જવર માટે બંધ

કમલેશ પટેલ । સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ પર પાવીજેતપુર પાસે શિહોદ ચોકડી પાસે આવેલ ભારજ પુલ અને ભારજ પુલ પાસે નવા બનાવેલ ટેમ્પરરી ડાયવર્ઝન પર અતિભારે વરસાદ અને ઉપરવાસમાંથી ભારજ નદીમાં પાણીની અતિભારે આવક અને પ્રવાહ આવતા ભારજ પુલનાં પીયર નંબર બે થી પાંચ વચ્ચેનો ભાગ તૂટી જવાને કારણે અને ભારજ પુલ પાસે નવા બનાવેલ ટેમ્પરરી ડાયવર્ઝન નુકશાન થવાને કારણે બધા જ પ્રકારનાં વાહનો માટે અને માણસોની અવર-જવર માટે બંધ કરવામાં આવેલ જે બાબતે ટ્રાફિક ડાયવાર્ઝન અંગેનું જાહેરનામું તા.૨૫/૦૨/૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેમાં વૈકલ્પિક બોડેલી થી છોટાઉદેપુર તરફ જતાં તમામ વાહનો મોડાસર ચોકડી થઈ રંગલી ચોકડી થઈ રતનપુર, વનકુટીર ત્રણ રસ્તા થઈ જેતપુરપાવી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ થઈ જઈ શકશે. છોટાઉદેપુરથી બોડેલી અને વડોદરા તરફ આવતા તમામ વાહનો જેતપુરપાવી વનકુટીર ત્રણ રસ્તા થઈ રતનપુર થઈને રંગલી ચોકડીથી મોડાસર થઈને બોડેલી-નસવાડી રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૫૬ ઉપરથી પસાર થઈ શકશે. સાથે વૈકલ્પિક રૂટ તરીકે આવવા જવા માટે તેજગઢ થી ડુંગરવાંટ થઈ વાંકી ચોકડી થઈ સિહોદ લાઈટ વ્હીકલ માટે આ રૂટ ઉપયોગમાં લઈ શકાશે. કાર્યપાલક ઈજનેરશ્રી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વિભાગ, વડોદરાની માંગણી અન્વયે ગાર્ગી જૈન (IAS) જિલ્લા મેજિસ્ટ્રેટ, છોટાઉદેપુર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૩ હેઠળ જાહેરનામું પ્રસિધ્ધ કર્યું છે.

## શ્રી મારૂ કંસારા સોની સમાજ અંજારના સ્વ- ઉત્કર્ષ મહિલા મંડળના પ્રમુખ પદે પીન્કીબેન કટ્ટાની પુન: વરણી કરાઈ

મહેશ એલ.સોની । નખત્રાણા

શ્રી મારૂ કંસારા સોની સમાજ અંજારના સ્વ-ઉત્કર્ષમહિલા મંડળને આજે ૧૮ વર્ષ પૂર્ણ થતાં તેમજ કારોબારીની ત્રણ વર્ષ માટેની અવધિ પૂરી થતાં પુન પ્રમુખ પદની વરણી કરવામાં આવી હતી. જેમાં નવા પ્રમુખ



તરીકે આગામી ત્રણ વર્ષ માટે સામાજિક મહિલા અગ્રણી શ્રીમતી પિન્કીબેન નિખિલભાઈ કટ્ટાની પુન:પ્રમુખ પદે વરણી કરવામાં આવતાં તેમને ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે તેઓ છેલ્લા કેટલાય વર્ષોથી સામાજિક સેવા ક્ષેત્રે કાર્યરત છે. તેમજ તેમની આગેવાની હેઠળ સ્વ-ઉત્કર્ષ મહિલા મંડળ દ્વારા કરવામાં આવતી અનેક સામાજિક પ્રવૃતિને વેગ મળ્યો છે. એવું મહિલા મંડળ અગ્રણી શ્રીમતી અંજનાબેન પોમલની યાદી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# બગસરા તાલુકાના માણેકવાડા ગામે ઘર પાસે ગંદકી કરી આરોગ્ય વિષયક સેવામાં ખામી રાખવા બદલ ગ્રામ પંચાયતને ૫,૫૦૦ રુપિયાનુ વળતર ચુકવવા ગ્રાહક તકરાર નિવારણ આયોગ દ્વારા હુકમ કરવામાં આવ્યો

અશોક મણવર । અમરેલી

અમરેલીના બગસરા તાલુકાનાં માણેકવાડા ગામે ઘર નંબર-૨૨૧ થી પોતાનું રહેણાંક મકાન ધરાવનાર તથા કાયમી નિવાસી સરકારશ્રીના વિવિધ ટેક્ષ ભરનાર વ્યક્તિ છે અને ગ્રાહક પણ છે. અધિવક્તાના ઘરના રસ્તામાં લાંબા સમયથી ગેરકાયદેસર માનવસર્જિત ગંદકીનું સામ્રાજ્ય ઊભું કરવામાં આવેલ હતું જેથી એક માનવસર્જિત સમસ્યાને કારણે માનસીક ત્રાસ હેઠળ જીવી રહેલ હોવાથી તેવા સ્થળે થયેલ ગંદકી દૂર કરવા ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયતને આંકમાં સ્થાપિત ન કરી શકાય તેટલી વખત જાણ કરેલ હતી પરંતુ પંચાયત વિભાગ દ્વારા તદ્દન પોતાની ફરજોમાં ગંભીર પ્રકારની નિષ્કાળજી દાખવી વાદગ્રસ્ત જગ્યાએ ગંદકી દુર ન કરી સેવામાં ખામી રાખી આર્થીક નુકશાન પહોચાડેલ. ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત પાસે વાદગ્રસ્ત જગ્યા પર થતી ગંદકી દુર કરી તેનો અહેવાલ વડી કચેરી દ્વારા પણ અહેવાલો મંગાવેલ હતા, છતાં ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત દ્વારા સંપૂર્ણ બેદરકારી દાખવી તેવા સ્થળે ગંદકી દુર કરવામાં આવેલ ન હોવાથી પંચાયત વિભાગની બેદરકારીને કારણે વાદગ્રસ્ત જગ્યા પર ગંદકીને કારણે કાદવ થવાથી તેવી જગ્યા પર મછરોનો ઉદ્ભવ થતો હોવાથી વારંવાર અધિવક્તાના કુટુંબના સ્વાથ્યને અસર થયેલ હતી.

સામાવાળા ગ્રામ પંચાયત માણેકવાડાની ગુજરાત પંચાયત અધિનિયમ-૧૯૯૩ની કલમ-૯૯ ના અનુસુચી-૧, મુજબ સ્વાથ્ય અને સફાઈની ફરજ બજાવવાની હોય છે જે બજાવવામાં કસૂર કરવામાં આવેલ હતી. ઉપરાંત ભારતનું સંવિધાન-૧૯૫૦ ના અનુચ્છેદ-૨૧ જીવન જીવવાના મૂળભૂત અધિકારો ફરિયાદીને મળવાપાત્ર હતા.પરંતુ સામાંવાળા કરવેરા ઉઘરાવી નગરિકોને સુવિધા આપવામાં આવેલ ન હોવાથી ફરિયાદીને નુકશાન કરવા બદલ ગ્રામ પંચાયત માણેકવાડા,તાલુકા પંચાયત કચેરી બગસરા અને જિલ્લા પંચાયત અમરેલીને નુકશાન વળતર પૂરું પાડવા લીગલ નોટીસ આપવામાં આવેલ પરંતુ અધિવક્તાને નોટીસનો જવાબ પણ ન આપતા જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ સમક્ષ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી. જે કેસ ચાલી જતાં નામદાર સુપ્રીમ કોર્ટ તેમજ હાઈકોર્ટના અલગ-અલગ ચુકાદાઓ પર આધાર રાખી પંચાયત વિભાગની સેવાની ખામીથી એક માનવસર્જિત સમસ્યાથી થયેલ માનસીક ત્રાસ બદલ તેમજ નુકશાનીનું વળતર પૂરું પાડવાની અધિવક્તા અજયભાઈ જે પટોળિયાની દલીલો જિલ્લા ગ્રાહક તકરાર ફોરમ અમરેલી દ્વારા ગ્રાહય રાખી અધિવક્તાને થયેલ નુકશાનીના વળતર ખર્ચ સહિતની રકમ રૂ.૫,૫૦૦/- દિન-૩૦ માં ગ્રામ પંચાયત કચેરી માણેકવાડાને ચૂકવી આપવા હુકમ કરવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું.

# શ્રી મારૂ કંસારા સોની સોલંકી (કલવાણી) પરીવાર દ્વારા મોટી વિરાણી મધ્યે શ્રી ભવાની માતાજીની પુન: પધરામણી કરવામાં આવી

### શ્રી ભવાની માતાજી નૂતન મંદિર પ્રતિષ્ઠા નો બે દિવસિય કાર્યક્રમમાં હવન, તેમજ ચંડીપાઠ સહિતના કાર્યક્રમો યોજાયો

મહેશ એલ. સોની । નખત્રાણા

નખત્રાણા તાલુકાના મોટી વિરાણી મધ્યે સોલંકી પરીવાર (કલવાણી) ના નૂતન મંદિર મધ્યે ભવાની માતાજીની પુન: પધરામણી તેમજ ચંડીપાઠનો કાર્યક્રમ તારીખ : ૩/૨/૨૦૨૫ સોમવાર થી તા. ૪/૨/૨૦૨૫ મંગળવાર મહાસુદ સાતમના શ્રી વેરાઈ માતાજી અને પોરષા દાદાનો વાર્ષિક પાટોત્સવ નો બે દિવસેય ધાર્મિક કાર્યક્રમ જયેશભાઈ સોની સામત્રાની આગેવાની હેઠળ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમની રૂપરેખાની વિગતો આપતા જયેશ ભાઈ સોની (સામત્રા- ભુજ) વાળા એ જણાવ્યુ હતું કે તા.૩/૨/૨૦૨૫ ના રોજ નિયાણીઓનું સન્માન, દાતાઓનું સન્માન, આમંત્રિત મહેમાનોનું સન્માન, વડીલ વંદના સહિતના કાર્યક્રમનું અયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે રાત્રે ભવ્ય દાંડિયારાસનું આયોજન કરવામાં આવેલ હતું જેમાં મોટી સંખ્યામાં પરીવાર જનોએ ભાગ લઈ રાસની રમઝટ બોલાવી હતી. તારીખ ૪/૨/૨૦૨૫



મંગળવારનાં સવારે ૮: ૦૦ કલાકે દેહ શુદ્ધિ સ્થાપિત દેવતા પૂજન , સવારે ૮:૩૦ કલાકે ગણેશ સ્થાપના બાદ સવારે ૯:૦૦ કલાકે જલયાત્રા ( નગરયાત્રા) માં પરીવાર જનો સહિત ગામના જ્ઞાતિ જનો પણ જોડાયા હતા. જલયાત્રા બાદ સવારે ૧૦: ૩૦કલાકે શ્રી ભવાની માતાજીની પુન:પધરામણી કરવામાં આવી હતી. જ્યારે ૧૧: ૦૦ કલાકે નવચંડી યજ્ઞ યજ્ઞના મુખ્ય આચાર્યશ્રી પંડિત જનકરાય ભટ્ટ ( ભાગવતાચાર્ય) ભુજ તેમજ અન્ય વિદ્વાન બ્રાહ્મણો દ્વારા સંપન્ન કરવામાં આવ્યો હતો. બપોરે મહા પ્રસાદ બાદ નિયાણીઓનું સન્માન, વડીલ વંદનાનો કાર્યક્રમ યોજાયેલ. અબડાસા વિસ્તારના ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, મહા મંડળ પૂર્વ પ્રમુખ તેમજ રાજકીય સામાજિક અગ્રણી શ્રી ભરતભાઈ બી. બગ્ગા ( નખત્રાણા) શ્રી દેવેનભાઈ હેડાઉ પ્રમુખશ્રી અંજાર મારૂ કંસારા સોની સમાજ, નખત્રાણા તાલુકા પંચાયત પૂર્વ પ્રમુખશ્રી ભરતભાઈ સોમજીયાણી, વિરાણી ગ્રામ પંચાયત સરપંચશ્રી તેમજ વિવિધ સમાજનાં અગ્રણીઓએ આ પ્રસંગે હાજરી આપી હતી. ૧.જયેશભાઈ ટી. સોની (સામત્રા) પ્રમુખ શ્રી, ૨. શાંતિલાલ ટી.સોની મંત્રી શ્રી, ૩. મોહનલાલ ચાંપસી સોની ખજાનચી શ્રી, ૪. જયંતિ લાલ સોની ૫. કિશોર ભાઈ સોની ૬. કિરણ ભાઈ સોની ૭. દિનેશ ભાઈ સોની ૮. નવિન ભાઈ સોની ૯. દિપક ભાઈ સોની સહિત મહિલા મંડળ, યુવક મંડળ તેમજ સોલંકી પરિવારના મોટી સંખ્યામાં પરીવાર જનો ઊપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે કાર્યક્રમ માં ધારાસભ્ય શ્રી પ્રદ્યુમન સિંહ જાડેજા તેમજ મહામંડળ પૂર્વ પ્રમુખ શ્રી ભરતભાઈ સોની તેમજ ઉપસ્થિત મહેમાનોનું તેમજ દાતા શ્રીઓનું શાલ ઓઢાડીને વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. મુખ્ય યજમાન તરીકે સોની મોહનલાલ રાઘવજી પરીવાર હસ્તે. સોની કિરણભાઈ મોહનલાલ રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શ્રી જયેશભાઈ ટી. સોની સામત્રા વાળાએ કર્યું હતું.

## જાફરાબાદમાં બેંક મેનેજરની ખોટી ઓળખ આપી શિક્ષક સાથે ૧.૬૫ લાખની છેતરપિંડી

કિશોર આર. સોલંકી । જાફરાબાદ

જાફરાબાદની સાંઈનાથ સોસાયટીમાં રહેતા શિક્ષક ને અજાણ્યા શખ્સ દ્વારા ખોટી ઓળખ આપી પાક ધિરાણની લોનના વ્યાજના પૈસા જમા કરાવવાનું કહીં ઓટીપી મેળવ્યો મૂળ ગીર સોમનાથના રાખેજ અને હાલ શિક્ષક જાફરાબાદ ની સાંઈનાથ સોસાયટી માં રહેતા શિક્ષક ને અજાણ્યા શખ્સે ફોન પર પાક ધિરાણની લોનના વ્યાજના પૈસા જમા કરાવવાનું કહીં ઓટીપી મેળવ્યો શખ્સે બેંક મેનેજર ની ખોટી ઓળખ આપી પાક ધિરાણની લોનના વ્યાજના પૈસા જમા કરાવવાનું કહીં ઓટીપી લઈ ૧, ૬૫ લાખ મેળવી લઈ છેતરપિંડી આચરતા આ બારામા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે. શિક્ષક સાથે છેતરપિંડી ની આ ઘટના જાફરાબાદ માં બની હતી અહીંની સાંઈનાથ સોસાયટી માં રહેતા માનસિંગભાઈ ભાણાભાઈ વાળા (ઉ.વ. ૫૩) નામના શિક્ષકે જાફરાબાદ ટાઉન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે તા/૧૩/૦૫/૨૦૨૪ ના રોજ તેમના મોબાઈલ ફોન પર અજાણ્યા શખ્સે ફોન કર્યો હતો.

## સમજણનો સેતુ-એક બીજા ને ગમતા રહીએ



નંદની વાસાણી કચ્છ

અપેક્ષાઓનું શૂન્ય તરફ જવું એટલે.. પરિપક્વતા
ઈચ્છાઓનું શૂન્ય તરફ જવું એટલે.. સાધુતા
મોહનું શૂન્ય તરફ જવું એટલે... એકાંત
ક્રોધનું શૂન્ય તરફ જવું એટલે.. સમતા
ઈર્ષાનું શૂન્ય તરફ જવું એટલે.. સર્જનાત્મકતા
અને લાગણીઓનું શૂન્ય તરફ જવું એટલે.. ????
‘સમર્પણ’

કંઈ પણ અપેક્ષા વગર નું સમર્પણ એટલે ‘પ્રેમ’ જે સમર્પણ સૌ નું ઈશ્વર પ્રત્યે છે..જે સમર્પણ દરેક માતા પિતા નું તેના સંતાનો પ્રત્યે છે.. જે સમર્પણ એક શિષ્ય નું ગુરુ પ્રત્યે છે.. જે સમર્પણ કોઈ પર મુકેલ વિશ્વાસ પર છે.. આવા તો કેટકેટલાય ઉદાહરણ આપી શકાય.

પ્રેમ એ ઈશ્વર ની આરાધના કરવા બરાબર છે. જ્યાં તમે તમારી જાત ને સંપૂર્ણ સમર્પિત કરી દો છો. ભગવાન પર મુકેલ એ વિશ્વાસ જ તમારું સમર્પણ છે. નિસ્વાર્થ ભાવે ભગવાન ને પૂજીએ કે માનીએ છીએ. તેજ રીતે પ્રેમ પણ ઈશ્વરની આરાધના બરાબર છે. જ્યાં કોઈ સ્વાર્થ નથી, કે પ્રેમ કોઈ વ્યવહાર નથી ‘તું કરે તો જ હું કરું‘. પ્રેમ નું પહેલું લક્ષણ જ સમજણ- સમર્પણ - અને વિશ્વાસ છે. જે સબંધનો પ્રત્યેક શ્વાસોશ્વાસ છે. બંને વચ્ચેની સમજણ અને એકબીજા પર મુકેલ વિશ્વાસ જ તે સબંધ ના રથ ને આગળ લઈ જશે. એકબીજા પ્રત્યે નું સમર્પણ જ સબંધ ને અંત સુધી જીવાડશે..

પ્રેમ એટલે બસ પ્રેમ જ... અઢી અક્ષરના શબ્દને માત્ર થોડા શબ્દોમાં વર્ણવું અઘરું છે. પ્રેમ એ કંઈ પણ અપેક્ષા વગર સતત વહેતી લાગણી છે. કોઈને ફક્ત પામી લેવું જ પ્રેમ નથી. રાધાએ કરેલ શ્રીકૃષ્ણ પ્રત્યે સમર્પણ પણ પ્રેમ છે, અને મીરાંએ પીધેલ વિષ એ વિશ્વાસમાં પણ પ્રેમ છે. ભગવાન શ્રીરામે પિતાના વચન માટે કરેલ ત્યાગ એ માતા પીતા પ્રત્યેનો પ્રેમ છે. તેમજ એકલવ્ય એ અંગૂઠો કાપીને ગુરુને સમર્પિત કરી દિધો એ ગુરૂ પ્રત્યેનો આદર હતો. દરેક એ વ્યકિત કે જેમણે તેમની મંઝિલ સુધી પહોંચવા સખત કરેલી મહેનત એ પોતાના સપના પ્રત્યેનો પ્રેમ છે.

વેલેન્ટાઈન ડે એટલે પ્રેમ નો દિવસ પણ તમારા પ્રિય વ્યક્તિને પ્રેમ દર્શાવવા કે વ્યક્ત કરવા માટે કોઈ એક દિવસ ના હોય, પ્રેમ તો ડગલે ને પગલે વ્યક્ત કરી શકાય. સબંધોમાં કરવામાં આવતો આદર, એકબીજા પ્રત્યેની સમજણ અને લાગણીનો સતત અહેસાસ જ પ્રેમ છે. ‘કોઈના હૃદયમાં સ્વીકાર નહીં પણ હૃદયથી સ્વીકાર‘.

# ખાલી પેટે પલાળેલી મગફળી ખાવાના છે આ શક્તિશાળી ફાયદા



એવા ઘણા લોકો છે જે સવારે વહેલા ઉઠ્યા પછી ભીના ચણા અથવા ભીની મગફળી ખાય છે. કેટલાક લોકો પલાળેલા કાજુ અને બદામ પણ ખાતા હોય છે, પરંતુ આજે અમે તમને જણાવીશું કે જો તમે સવારે ખાલી પેટે પલાળેલી મગફળી ખાઓ તો તેનાથી તમારા શરીરને શું ફાયદા થાય છે. ભીની મગફળીમાં ઘણા પ્રકારના પોષક તત્વો મળી આવે છે, જે શરીરને ઘણી બીમારીઓથી રાહત આપે છે. મગફળીને આખી રાત પલાળીને સવારે ખાલી પેટે ખાવાથી શરીરને ઘણો ફાયદો થાય છે. મગફળીમાં આયર્ન, પોટેશિયમ, પ્રોટીન, વિટામિન બી6 અને મેગ્નેશિયમ સહિત અન્ય ઘણા પોષક તત્વો મળી આવે છે, જે શરીરને મજબૂત બનાવવામાં મદદ કરે છે. જે લોકો સવારે ખાલી પેટે પલાળેલી મગફળી ખાય છે તેમને એસિડિટી અને ગેસ જેવી પેટ સંબંધિત સમસ્યાઓ થતી નથી અને તેમનું પાચનતંત્ર સારું રહે છે. મગફળીમાં ભરપૂર માત્રામાં ફાઈબર હોય છે, જે કબજિયાત અને પેટના દુખાવામાં રાહત આપે છે. પલાળેલી મગફળી હૃદયના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના નિયમિત સેવનથી રક્ત પરિભ્રમણ સુધરે છે. મગફળીમાં જોવા મળતું પોટેશિયમ હાર્ટ એટેકના જોખમને ઘણી હદ સુધી ઘટાડે છે. જે લોકો રોજ સવારે ખાલી પેટ મગફળી ખાય છે, તે તેમના હાડકાને મજબૂત બનાવે છે. મગફળીમાં મેગ્નેશિયમ, કેલ્શિયમ અને વિટામિન બી6 જેવા તત્વો મળી આવે છે, જે હાડકાંને મજબૂત બનાવવામાં મદદ કરે છે. જે લોકો ભીની મગફળી ખાય છે તેમને સાંધાના દુખાવામાં પણ રાહત મળે છે. ભીની મગફળી ત્વચા માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. તેમાં ઓમેગા 3 ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ ગોલ્ડ મળી આવે છે, જે ત્વચાની સુંદરતા જાળવી રાખવામાં મદદ કરે છે. જો તમારે પણ ભીની મગફળી ખાવાની ઈચ્છા હોય તો તમારે લગભગ એક કપ પાણી લઈને રાત્રે સૂતા પહેલા તેની છાલવાળી મગફળીને પલાળી લેવી જોઈએ. આ પછી, સવારે ઉઠ્યા પછી ખાલી પેટે તેનું સેવન કરવું જોઈએ.

# ગર્ભવતી મહિલાઓ જીવલેણ ટિટનેસ બીમારીથી બચે! બાળક પણ થઈ શકે છે સંક્રમિત, જાણો બચવાના ઉપાય



ટિટાનસ રોગ જીવલેણ છે અને આજ સુધી તેનો કોઈ ઈલાજ નથી. આ રોગને રોકવા માટે માત્ર એક રસી ઉપલબ્ધ છે, પરંતુ જો કોઈને આ રસી ન મળે અને તેને ટિટાનસનો ધનુર ચેપ લાગી જાય તો આવા દર્દીનો જીવ બચાવવો મુશ્કેલ બની જાય છે. ટિટાનસ મગજ, હૃદય અને સ્નાયુઓને અસર કરે છે. ટિટાનસ હૃદયની નિષ્ફળતા અને મગજનો સ્ટ્રોકનું કારણ બની શકે છે. જેના કારણે દર્દીનું મૃત્યુ થાય છે. વિશ્વ આરોગ્ય સંસ્થાનો એક રીપોર્ટ પ્રમાણે, 1988માં સમગ્ર વિશ્વમાં અંદાજે 8 લાખ નવજાત શિધુઓ ધનુરના રોગ થી મૃત્યુ પામતા હતા. ટિટાનસ એ એક રોગ છે, જે સગર્ભા માતામાંથી તેના બાળકને પણ થઈ શકે છે. આ પ્રકારના ચેપને માતૃત્વ ટિટાનસ કહેવામાં આવે છે. આ રોગના લક્ષણો બાળકના જન્મના બે દિવસ પછી દેખાય છે. બાળકના સ્નાયુઓ સખત થવા લાગે છે અને હૃદયને પણ અસર થાય છે. બાળકોમાં ટિટાનસના કિસ્સામાં, 90 ટકા કેસમાં બાળક મૃત્યુ પામે છે. ટિટાનસ માટે કોઈ ઈલાજ કે દવા નથી. આવી સ્થિતિમાં, લક્ષણોના આધારે સારવાર કરવામાં આવે છે, પરંતુ બાળકના બચવાની સંભાવના ઘણી ઓછી છે.

**ગર્ભાવસ્થા દરમિયાન ટિટાનસની રસી જરૂરી |** તબીબોના મતે બાળકોને ટિટાનસથી બચાવવા માટે માતાએ ગર્ભાવસ્થા દરમિયાન ટિટાનસની રસી લેવી જરૂરી છે. આ માટે, ટિટાનસ ટોક્સોઈડના બે ડોઝ એટલે કે, ટીટી ગર્ભાવસ્થાના પ્રારંભમાં આપવી જોઈએ. તેનાથી માતા અને બાળક બંને સુરક્ષિત રહે છે.

**બાળકોને પણ રસી આપવી |** બાળરોગ નિષ્ણાત ડૉક્ટરના જણાવ્યા પ્રમાણે, જો માતાને ટિટાનસની રસી આપવામાં આવે તો તે નવજાત શિશુનું રક્ષણ કરે છે. પરંતુ બાળકના જન્મના 6 અઠવાડિયા પછી તેને ડીપીટી રસી લેવી જોઈએ. આ પછી, બીજી રસી 10 અઠવાડિયામાં અને ત્રીજી રસી 14 અઠવાડિયામાં લઈ લેવી. ડીપીટી રસી ડિપ્થેરિયા, ટિટાનસ અને કાલી ઉધરસ સામે રક્ષણ આપે છે.

**દર પાંચ વર્ષે બૂસ્ટર |** એકવાર બાળકને આ ત્રણ રસી અપાઈ જાય, પછી તે દર પાંચ વર્ષે બૂસ્ટર ડોઝ મેળવી શકે છે. જો બાળકને ટિટાનસની રસી આપવામાં આવે તો ક્યારેય ટિટાનસનું જોખમ રહેતું નથી. બાળકો પણ ધૂળ અને માટીમાં રહેતા હોવાથી, તેમને ટિટાનસ ચેપ લાગવાનું જોખમ રહેલું છે. આવી સ્થિતિમાં જો રસી યથાવત રહેશે તો કોઈ ખતરો નહીં રહે.

# હોટલના રૂમમાં હિડન કેમેરા તો નથીને? ત્રણ સરળ રીતે કરી શકશો ચેક



ઘણા લોકોને ફરવાના શોખ હોય છે, અવનવી જગ્યાઓ જોવી અને તેને એક્સપ્લોર કરીને વીડિયો બનાવા વગેરે. કોઈ પણ જગ્યાની ટ્રીપ નક્કી થાય ત્યારે પહેલું કામ આપણે રૂમ બુક કરવાનું કરીએ છીએ, ઘણી વખત ઉતાવળના કારણે હોટલની સુરક્ષા પર ધ્યાન આપતા નથી અને અકસ્માતનો ભોગ બનીએ છીએ. હાલમાં વેલેન્ટાઈન વીક ચાલી રહ્યું છે, તો ઘણા કપલ્સ હોટલમાં વેલેન્ટાઈન પાર્ટી કરવાનું પણ પ્લાન કરે છે. આ સિવાય સિંગલ લોકો પણ આ દિવસે તેમના મિત્રો સાથે પાર્ટી કરવા માટે હોટલના રૂમ બુક કરાવે છે. પાર્ટીની ઉજવણી વચ્ચે લોકો સુરક્ષાના કેટલાક માપદંડો પર ધ્યાન આપતા નથી અને પાછળથી પસ્તાવો કરવો પડે છે.

**નાની વસ્તુઓ પર ધ્યાન આપો |** રૂમમાં રાખવામાં આવેલી દરેક નાની-નાની વસ્તુઓને નજીકથી જુઓ. આ સાથે રૂમમાં લગાવેલી ઘડિયાળ, મિરર, પ્લગ, લેમ્પ, ફૂલદાની વગેરે વસ્તુઓ પર પણ ધ્યાન રાખો. ખાસ કરીને સિલિંગમાં લગાવેલ સ્મોક ડિટેક્ટર અને ફેનની પણ તપાસ કરો. ઘણી વખત રૂમમાં લગાવેલા ACમાં કેમેરા પણ લગાવવામાં આવે છે. આ બધું તપાસ્યા પછી જ રૂમમાં રહેવાનું નક્કી કરો.

**કેવી રીતે તપાસવું? |** તમે છુપાયેલા કેમેરાને પ્રકાશમાં જોઈ શકશો નહીં, આ માટે તમારે રૂમની લાઈટ બંધ કરવી પડશે. વાસ્તવમાં, દરેક કેમેરામાં એક પ્રકારની લાઈટ હોય છે જે અંધારું થવા પર આવે છે. જો લાઈટ બંધ કર્યા પછી તમને ક્યાંકથી નાની લાલ લાઈટ આવતી દેખાય તો સમજવું કે તે જગ્યાએ છુપાયેલ કેમેરા લગાવવામાં આવ્યો છે. તમે છુપાયેલા કેમેરાને તપાસવા માટે લાઈટ બંધ કર્યા પછી ટોર્ચનો પણ ઉપયોગ કરી શકો છો. જો ટોર્ચના પ્રકાશમાં કંઈક ચમકતું હોય તો સમજવું કે તે જગ્યાએ છુપાયેલ કેમેરા લગાવવામાં આવ્યો છે.

# વેલેન્ટાઇન ડે



- રુપાલી દવે

आते जाते हसते गाते,
सोचा था मन में कई बार,
वो पहली नजर हल्का सा असर,
करता है क्यू इस दिल को बेकरार?
यही सच है तुमसे मैंने प्यार किया

પ્રેમ એટલે શું? પ્રેમ એટલે સ્ત્રી ની સુંદરતા નિહાળતા થતી લાગણીઓ નથી.સુંદરતા એ ઈશ્વર ની કૃપા અથવા તો માતાપિતા ને લીધે મળતી ભેટ હોય છે.સુંદરતાના બહારી આવરણ ના આકર્ષણ માં "પ્રેમ" લાંબો સમય સુધી ટકતો નથી. પ્રશ્ન એ થાય કે તો એવું શું કારણ હશે કે સ્ત્રી પુરુષ એકબીજાની સાથે લગ્ન બાદ લાઈફ ટાઈમ જીવે છે. આ સૃષ્ટી માં ઈશ્વર એના સર્જન ની અંદર "રેડ કલર નું નાનકડું દિલ" મૂક્યું છે.આ દિલ નક્કી કરે છે કે એને એની સામે ઉપસ્થિત વ્યક્તિ સાથે પ્રેમ થયો છે કે માત્ર આકર્ષણ છે. દિલ લાગણીઓથી ભરેલું હોય છે એમાં નાનકડી પણ ક્રેક પડી તો વિશ્વ નો મોટા માં મોટો હાર્ટ સર્જન પણ એને રિપેર કરી શકતો નથી.પ્રેમ સબંધ માં પ્રેમી પ્રેમિકા સ્વાર્થ ના સબંધ માં એકબીજા સાથે જોડાયેલા હશે તો એમાં પ્રેમ કદાપી થશે નહી. શારીરિક આકર્ષણ અને પ્રેમ સબંધ વચ્ચે જમીન આસમાન નો ફર્ક સમજો. ઈશ્વર ના સર્જનમાં આનું ઉદાહરણ જોવા મળી જશે. ક્યારેક પ્રાણીઓ,પક્ષીઓ અને વૃક્ષો ને ધ્યાન થી નિહાળજો.યુગો ના યુગોથી એક જગ્યા એ ઉભેલ ઝાડ ને અન્ય ઝાડ સાથે પ્રેમ નથી થતો.એના ઓથે વળગેલી લતાઓ કે ફૂલોની વેલ સાથે પ્રેમ થાય છે.લતાઓના નાજુક શરીરને ઝાડ ઠંડી,ગરમી અને વરસાદની આંધીઓથી ઝાડ રક્ષા કરે છે.એની પ્રેમિકા નું વતી ઝાડ પોતે બધું સહન કરે છે. આ કારણોસર અન્ય ટેકા સાથે રાખેલી લતાઓનું આયુષ્ય લાંબુ નથી હોતું જ્યારે ઝાડ ની ઓથે વળગેલી લતાઓ ક્યારેય સુકાતી નથી. ઝાડ અને લતાઓનો પ્રેમ સાચા અર્થમાં "પ્રેમ સબંધ" બન્નેના પ્રેમ ને ઉતમ પ્રતીક માનવામાં આવ્યું છે.તમે જેને પ્રેમ કરો છો એના પ્રેમ ભરી લાગણીઓની કદર ઝાડની જેમ રાખશો તો તમારા દિલ માંનો પ્રેમ નો ધબકાર લાઈફ ટાઈમ ધબકશે.

વસંત ઋતુ ના આગમન સાથે જ સવાર સવાર માં સુંદર રંગ બેરંગી પક્ષીઓના મધુર ધ્વનિનો અવાજ ચારેબાજુની સાંભળી ને થાય છે કે ઋતુ પ્રેમની આવી ગઈ છે. સાહિત્ય એ પક્ષીઓને પ્રેમ ના સંદેશા વાહક મતલબ મેસેન્જર માન્યા છે. કવિ કાલિદાસ એ એની રચનાઓ માં "પક્ષીઓ" નો પ્રેમ ને માનવીય પ્રેમ સબંધ સાથે સરખામણી કરી છે.આ વિષય પર અનેક દેશી વિદેશી કવિઓ એ અનેક રચનાઓ લખી છે ને મોટાભાગ ની રચનાઓ ખૂબ ફેમસ પણ થઈ છે. સાચું કહું રંગ બેરંગી પક્ષીઓને આકાશ માં ઉડતા નિહાળું છું ત્યારે એને નિહાળવા નો આનંદ અનેરો છે એના અવાજ થી વાતાવરણ સંગીતમય બની જતું હોય છે પરંતુ પક્ષીઓની "પ્રેમ સબંધ" સાથે સરખામણી કરવી એ નિર્દયતા સમજું છું.પક્ષીઓનો પ્રેમ એ સમય અનુકુળતા મુજબ કે ઋતુઓ અનુસાર એક જ નર પક્ષીનો માદા પક્ષી સાથે અને માદા નો નર પક્ષી સાથે પ્રેમ લાંબા સમય સુધી ટકતો નથી.આ સબંધ ઋતુ અનુસાર બદલતો રહેતો હોય છે.પ્રાણીઓ અને પક્ષીઓ માં બહારી આકર્ષણ કરતા પણ વિજાતીય આકર્ષણ વધારે મહત્વ રાખતું હોય છે. એની પાછળ નું મુખ્ય કારણ દ્રષ્ટિ દ્વારા પ્રાણીઓ અને પક્ષીઓ બ્લેક & વાઈટ દ્રશ્યો નિહાળી શકતા હોવાના લીધે "પ્રેમ" ની રંગીન અભિવ્યક્તિ સમજવી મુશ્કેલ છે.સામન્ય જીવન માં એટલે તો અમાનવીય કૃત્ય કરનાર ને "તદન પ્રાણી જેવો નિર્દય" મતલબ પ્રાણી સાથે સરખાવવા માં આવતા હોય છે.

### ગુજરાતી માં બોલું તને પ્રેમ કરું છું...

વેલેન્ટાઈન ડે ઉજવવા પાછળ નું રહસ્ય શું? લાઈફ નો એક દિવસ એવો હોવો જોઈએ જેમાં "પ્રેમ" નું આદાન પ્રદાન જરૂરી હોય છે.આધુનિક ફાસ્ટ લાઈફ ને બ્રેક ની જરૂર હોય છે જેના લીધે પ્રેમ કરનારા પ્રેમી પ્રેમિકા કે પતિ પત્ની ની લાઈફ ખાસ m ખાસ બની જતી હોય છે.મોટાભાગની સ્ત્રીઓને એના પતિ કે પ્રેમી એના માટે ખાસ સ્પેશિયલ કંઈક ફીલ કરાવે એ ગમતું હોય છે. શાસ્ત્ર કહે છે કે જ્યારે સ્ત્રીઓ ખુશ થાય છે ત્યારે ખુદ પ્રકૃતિ આશીર્વાદ આપવા તત્પર થાય છે.જે પરિવાર માં સ્ત્રીઓ ખુશ ખુશાલ ત્યાં ખુદ ભગવાન આવીને વસે છે. જેને તમે ખરેખર "તમારી જાન" માનો છો એની નાની મોટી બધી જ ચીજ વસ્તુઓ અને ખુશીઓ નું ધ્યાન રાખશો તો એટલું નક્કી કે નિષ્ફળતા તમારી લાઈફ ને સ્પર્શ સુધા કરી શકશે નહી. સબંધ ને નિભાવશો તો સબંધ ફળશે.

### વેલેન્ટાઇન ડે ઉજવવા પાછળ નું રહસ્ય શું?

આ રહસ્ય ની જાણકારી મોટાભાગ ના લોકો હશે નહી. ઈ.સ ૨૬૯ માં રૂઢિચુસ્ત રોમન રાજા ક્લાઉડિયસ એ યુવકો ની લગ્ન બાદ લશ્કર અનિચ્છા વધતા એણે લગ્ન પ્રથા પર રોક લગાવી દીધી હતી.રાજા ક્લાઉડિયસ ની ક્રૂર રીતિ નીતિ ને અવગણી ને પ્રેમ ના પ્રતિક સંત વેલેન્ટાઈન એ એકબીજા ને પ્રેમ કરતા પ્રેમી યુગલો ના લગ્ન ચોરી છુપી થી કરાવ્યા હતા.રોમન રાજા ક્લાઉડિયસ ને સંત વેલેન્ટાઈન ની કરતૂત અંગે ની જાણકારી મળતા વાર માં એને તુરંત સંત વેલેન્ટાઈન ને મોત ની સજા સંભળાવી દીધી હતી. ૧૪ ફેબ્રુઆરી એ રોમન રાજા ક્લાઉડિયસ એ સંત વેલેન્ટાઈન ને ફાંસી ની સજા આપી હતી.સંત વેલેન્ટાઈન એ મૃત્યુ ની પૂર્વ સંધ્યા એ ખુદ પર પ્રેમ પત્ર લખ્યો હતો. સંત વેલેન્ટાઈન ના ચમત્કાર થી જેલર ની પુત્રી ને દેખાતી થયા બાદ એ સંત વેલેન્ટાઈન ને પોતાના પ્રેમી અને મિત્ર સમજતી હતી.ફાંસી ની આગલી રાતે સંત વેલેન્ટાઈન એ એની પ્રેયસી અને મિત્ર ને પ્રેમ પત્ર લખ્યો હતો.. પ્રેમ પત્ર ના અંત માં જેલરની પુત્રી ના નામનો ઉલ્લેખ કર્યા બાદ "તારા વેલેન્ટાઈન તરફથી" લખ્યું હતું.સંત વેલેન્ટાઈન ની ફાંસી ની કલાકો બાદ એ સમયની રોમન ની પ્રજા એ રાજા ક્લાઉડિયસ સામે બળવો પોકાર્યો અને સંત વેલેન્ટાઈન ના પ્રેમ અંગેના વિચારો ને સન્માન આપી ને મોટાપાયે લગ્ન સબંધ માં જોડાયા હતા. પશ્ચિમ ના દેશો સાથે વર્તમાન માં ભારત માં પણ ૧૪મી ફેબ્રુઆરીને વેલેન્ટાઈન ડે ની પ્રેમી પ્રેમિકા અને પતિ પત્ની હર્ષભેર ઉજવણી કરતા હોય છે.

### યે બંધન તો પ્રેમ કા બંધન હૈ...

માન્યતા અનુસાર શુક્ર ને ભૌતિક સુખ ભોગ વિલાસ ના ના દેવ માનવામાં છે.સંત વેલેન્ટાઈન ને રોમન પ્રેમ ના દેવતા માનવામાં આવે છે.વેલેન્ટાઈન ડે ના આધુનિક પ્રતીક રેડ હદય,કબૂતર અને પાંખ વાળા રોમન કામદેવ ના કાર્ડસ નું પ્રેમનું આદાન પ્રદાન કરવા માટે વધારે મહત્વ ધરાવે છે. આ ઉપરાંત રોઝ ડે,પ્રોમિસ ડે, ચોકલેટ ડે,ટેડી ડે, હગ ડે વગેરે વગેરે ડે પણ વેલેન્ટાઈન ડે નો જ હિસ્સો છે. પ્રેમિકા કે પત્ની સમક્ષ પોતાના પ્રેમ નો એકરાર કરવાની રીત છે. એટલે જેને તમે પ્રેમ કરતા હો એ બધા લોકોને વિશ કરવાનો ડે નથી પ્રેમી પ્રેમિકા કે પતિ પત્નીના પવિત્ર પ્રેમ સબંધ ને લઈને જ વેલેન્ટાઈન ડે ધામધૂમ થી ઉજવાય છે.

### જાણુ છું કે તારા વગર મારું બધું અધૂરું, છતાંય તને નારાજ કરવાના મોકા શોધીને, તને મનાવવાની તરકીબ શોધ્યા કરું છું..

૧૪મી ફેબ્રુઆરી ૨૦૨૫ ના શુક્રવાર એ વેલેન્ટાઈન ડેના દિવસે રેસ્ટોરન્ટ હોટલ ખાસ દિવસ એન્જોય કરવા પાર્ટીઓના આયોજનો માં ફુલ ફ્લેઝ હશે. પ્રેમના દિવસ ને ખાસ બનાવવા ઠેર ઠેર મુશાયરા અને કવિ સંમેલનો ના પણ આયોજન થયા હશે જ.કાવ્ય અને કલા ક્ષેત્ર નો સીધો સંબંધ લાગણીઓ સાથે છે લાગણીઓ વગર સુર સંગીત કે કાવ્ય ગઝલ વગેરે નું સર્જન થવું અશક્ય છે.

એ રાતે ચંદ્ર ને પૂછ્યું કે આજ તું અલગ દેખાય,
ચંદ્ર ની શરમમાં લાલીમાં અધિક,કેમ?
ટીમ ટીમતા તારલા બોલ્યા કે પ્રેમની લાલીમા છે,
ચાંદનીની અજવાસ એ પ્રણય નો સંદેશ.



# વિવાદ, FIR બાદ રણવીર અલ્હાબાદિયાનું બ્રેકઅપ!

## રૂમર્ડ ગર્લફ્રેન્ડે કર્યો અનફોલો, 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'ને કારણે રિલેશનશીપ તૂટ્યાં...?




(એજન્સી) મુંબઈ | તા.13

'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં રણવીર અલ્હાબાદિયાની કોમેન્ટ બાદ એક વિવાદનો વંટોળ સર્જાયો છે. હાલ રણવીર અલ્હાબાદિયા મુશ્કેલ સમયમાંથી પસાર થઈ રહ્યો છે. એક તરફ તેમની છબી ખરડાઈ છે, તો બીજી તરફ સોશિયલ મીડિયા પર ફોલોઅર્સની સંખ્યા પણ સતત ઘટી રહી છે. એટલુ જ નહીં, રણવીર અલ્હાબાદિયાને પોતાના પર્સનલ જીવનમાં બહુ મોટું નુકસાન થયું છે. 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ'ના વિવાદ પછી,રણવીર અલ્હાબાદિયાની ગર્લફ્રેન્ડ નિક્કી શર્માની એક પોસ્ટ સામે આવી છે. આ પોસ્ટે તેમના બ્રેકઅપની અટકળો વધારી છે.

રણવીર અલ્હાબાદિયાને રૂમર્ડ ગર્લફ્રેન્ડે અનફોલો કરી દીધો 'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ' વિવાદ પછી રૂમર્ડ ગર્લફ્રેન્ડ નિક્કી શર્માએ રણવીર અલ્હાબાદિયાને અનફોલો કરી દીધો છે. નિક્કી શર્માએ તાજેતરમાં તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર 'નકારાત્મક ઉર્જાને નકારવા' વિશે એક ક્રિપ્ટિક પોસ્ટ લખી. જેનાં કારણે સોશિયલ મીડિયા પર એક અફવા છે કે રણવીર અલ્હાબાદિયા અને નિક્કી શર્માના રિલેશનશિપનો અંત આવ્યો છે.

**નિક્કી શર્માએ પોતાની પોસ્ટમાં લખ્યું કે,** સાચા લોકો તમને જોવામાં, સાંભળવામાં, પ્રેમ કરવામાં ખાસ અનુભવ કરાવે છે.'ઈન્ડિયાઝ ગોટ ટેલેન્ટ' વિવાદ પછી, રણવીર પોડકાસ્ટની સાથે ઘણી બ્રાન્ડ ડિલ્સ પણ કરે છે. પરંતુ હવે તેની છબી ખરડાયા પછી, રણવીરને તે ડિલ્સ પર અસર પડી શકે છે.રણવીરે સ્પોટીફાઇ, એમેઝોન પ્રાઇમ અને ઈન્ટેલ જેવી ઘણી મોટી બ્રાન્ડ્સ સાથે ડિલ કરી છે.

વીડિયો વાઈરલ થયા બાદ રણવીરે સોશિયલ મીડિયા પર માફી માગી હતી પરંતુ વિવાદને જોતાં એવું લાગતું નથી કે જનતા રણવીર અલ્હાબાદિયાને માફ કરવાના મૂડમાં છે.

**શું છે આખો મામલો?** 'બિયર બાઈસેપ્સ' તરીકે જાણીતા સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને પોડકાસ્ટર રણવીર અલ્લાહાબાદિયા તાજેતરમાં સ્ટેન્ડ-અપ કોમેડિયન સમય રૈનાના શો 'ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ'માં દેખાયા હતા. આ શો તેના વિવાદાસ્પદ અને બોલ્ડ કોમેડી કન્ટેન્ટ માટે જાણીતો છે, પરંતુ આ વખતે શોમાં કંઈક એવું બન્યું, જેનાથી સોશિયલ મીડિયા પર લોકો ગુસ્સે થયા.

રણવીરે શોમાં એક કન્ટેસ્ટન્ટને વાંધાજનક પ્રશ્નો પૂછ્યા હતા. રણવીરે એક સ્પર્ધકને એવો ગંદો સવાલ પૂછી નાખ્યો, જેનો અર્થ એવો થતો હતો કે 'શું તમે તમારાં માતા-પિતા સાથે અંગત પળો માણશો?' આ અને આ સિવાય પણ શોમાં ભરપૂર ગંદી કમેન્ટ્સ હતી. એને લીધે ખાસ કરીને યંગસ્ટર્સમાં આ સુપરહિટ શો અત્યારે વિવાદમાં આવ્યો છે. આ શો સામે હવે મુંબઈ હાઈકોર્ટના એડવોકેટ આશિષ રાય અને પંકજ રાયે મહિલા આયોગને પણ ફરિયાદ મોકલી છે.

ગયા વર્ષે પ્રધાનમંત્રી મોદીએ ભારતના કેટલાક ડિજિટલ ક્રિએટર્સને 'નેશનલ ક્રિએટર્સ એવોર્ડ' આપીને સન્માનિત કર્યા હતા. તેમાં રણવીર અલ્લાહાબાદિયાનો પણ સમાવેશ થતો હતો.

ફિલ્મ મેકર રામ ગોપાલ વર્માએ બોલિવૂડ અને સાઉથ ઈન્ડસ્ટ્રીની સરખામણી કરી છે. તેણે કહ્યું કે બોલિવૂડ ફિલ્મ મેકર્સ 'પુષ્પા 2' જેવી ફિલ્મો ક્યારે બનાવી શકતા નથી કારણ કે તેમની પાસે આવા વિચારો જ નથી. પરંતુ સાઉથ ઈન્ડસ્ટ્રી ફિલ્મો હંમેશા દર્શકોને તેમની અનોખી વાર્તા અને સાંસ્કૃતિક શૈલીને કારણે પસંદ આવે છે જે બોલિવૂડથી તદ્દન અલગ છે.

# 'પુષ્પા' જેવી ફિલ્મો બનાવવાની બોલિવૂડની ત્રેવડ નથી': રામ ગોપાલ વર્માએ સાઉથ Vs બોલિવૂડ પર વાત કરી - સાઉથ ઇન્ડસ્ટ્રી હજુ સુધી સંસ્કૃતિ સાથે જોડાયેલી છે...

(એજન્સી) મુંબઈ | તા.13

બોલિવૂડના ડિરેક્ટરો 'પુષ્પા 2' જેવી ફિલ્મો ક્યારેય બનાવી શકતા નથી. એવું નથી કે તે સક્ષમ નથી, પરંતુ તેમની વિચારસરણી અલગ છે. વાસ્તવિક તફાવત ફિલ્મ મેકરના વિચારમાં છે, દર્શકોની પસંદગીમાં નહીં, કારણ કે પહેલા હિન્દી સિનેમા મસાલા ફિલ્મો પર આધારિત હતું જેમ કે અમિતાભ બચ્ચનની ફિલ્મોમાં જોવા મળે છે.

રામ ગોપાલ વર્માએ કહ્યું, હું અમિતાભ બચ્ચનના યુગ એટલે કે 70 અને 80 ના દાયકાની વાત કરી રહ્યો છું. તે સમયે સાઉથ ફિલ્મ ઈન્ડસ્ટ્રી હિન્દી ફિલ્મોની રિમેક બનાવતી હતી. રજનીકાંત બચ્ચનની ફિલ્મોની રિમેક બનાવતા હતા. ચિરંજીવી અને NTR જેવા સ્ટાર્સ પણ આવું જ કરી રહ્યા હતા. પણ સાઉથે હિન્દી સિનેમાની સ્કિલ શીખી લીધી. થોડા સમય પછી, મ્યૂઝિક કંપનીઓ આવી અને મ્યૂઝિક ઈન્ડસ્ટ્રીમાં મોટો ફેરફાર લાવ્યા. આ કંપનીઓએ પોતાના ગીતોને ફિલ્મોમાં મૂકવા માટે પૈસા આપવાનું શરૂ કર્યું. આની અસર એ થઈ કે એક્શન ફિલ્મોની સંખ્યા ઓછી થવા લાગી અને તે જ સમયે, અમિતાભ બચ્ચને લગભગ પાંચ વર્ષનો લાંબો વિરામ લીધો. આ ઈન્ડસ્ટ્રી 'મૈંને પ્યાર કિયા' અને 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જેવી સંગીતમય ફિલ્મો તરફ આગળ વધવા લાગી અને બોલિવૂડ તેની મસાલા ફિલ્મો ભૂલી જવા લાગ્યું. પરંતુ સાઉથ ઈન્ડસ્ટ્રી ક્યારેય બદલાણી નહીં. તેણે એક્શન અને સામૂહિક મનોરંજક ફિલ્મો બનાવવાનું ચાલુ રાખ્યું.

રામ ગોપાલ વર્માએ કહ્યું, 'લગભગ 15-20 વર્ષ પહેલાં, બોલિવૂડમાં નવા ડિરેક્ટરો આવ્યા, જે વધુ શહેરી અને પશ્ચિમી વિચારધારા ધરાવતા હતા. તેઓ અંગ્રેજી બોલતા હતા અને બાંદ્રા જેવા વિસ્તારોમાં રહેતા હતા. તેમનો વિચાર ખૂબ જ અલગ હતો. જ્યારે સાઉથના ઘણા ડિરેક્ટરો હજુ પણ તેમની સંસ્કૃતિ સાથે જોડાયેલા છે.'

તાજેતરમાં એક નવી ફિલ્મની જાહેરાત કરવામાં આવી હતી રામ ગોપાલ વર્માએ તાજેતરમાં જ તેમની નવી ફિલ્મ 'સિન્ડિકેટ'ની જાહેરાત કરી છે. તેમણે પોતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X દ્વારા આ વિશે માહિતી આપી હતી.




# અમિતાભ બચ્ચન: દર્શકો માટે કોણ છે નંબર-1 હિરો અને હિરોઇન...?

(એજન્સી) મુંબઈ | તા.13

82 વર્ષીય અમિતાભ બચ્ચન દેશના લોકો માટે નંબર વન હીરો છે. આ યાદીમાં શાહરૂખ ખાન બીજા સ્થાને છે, અલ્લુ અર્જુન ત્રીજા સ્થાને છે, સલમાન ખાન ચોથા સ્થાને છે અને અક્ષય કુમાર પાંચમા સ્થાને છે. 2 જાન્યુઆરી 2025 થી 9 ફેબ્રુઆરી 2025ની વચ્ચે કરાયેલા સર્વેમાં દર્શકોએ પોતાની પસંદ જણાવી છે. આ યાદીમાં નંબર વન હિરોઈન દીપિકા પાદુકોણ છે અને ઐશ્વર્યા રાય બચ્ચન હજુ પણ બીજા સ્થાને છે.

2 જાન્યુઆરી 2025 થી 9 ફેબ્રુઆરી 2025ની વચ્ચે કરવામાં આવેલા સર્વેમાં ભારતના તમામ લોકસભા મતવિસ્તારોમાંથી 54 હજાર 418 લોકોના ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત, સી-વોટરે છેલ્લા 24 અઠવાડિયા દરમિયાન 70 હજાર 705 લોકોના મંતવ્યો પણ લીધા હતા. આ રીતે કુલ 1 લાખ 25 હજાર 123 લોકોના મંતવ્યોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતુ. લોકોને બોલિવૂડના કેટલાક સેલિબ્રિટીઓ વિશે પણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. તેમને તેમની પસંદ અને મનપસંદ હીરો અને નાયિકા વિશે પૂછવામાં આવ્યું હતું. સર્વેમાં જાણવા મળ્યું છે કે 82 વર્ષીય અમિતાભ બચ્ચન દેશના લોકો માટે નંબર વન હીરો છે. આ યાદીમાં શાહરૂખ ખાન બીજા સ્થાને છે, અલ્લુ અર્જુન ત્રીજા સ્થાને છે, સલમાન ખાન ચોથા સ્થાને છે અને અક્ષય કુમાર પાંચમા સ્થાને છે. આ યાદીમાં નંબર વન હિરોઈન દીપિકા પાદુકોણ છે અને ઐશ્વર્યા રાય બચ્ચન હજુ પણ બીજા સ્થાને છે. લોકો અરિજીત સિંહને વર્તમાન સમયનો નંબર વન ગાયક માને છે અને આ યાદીમાં સોનુ નિગમ બીજા સ્થાને, જુબિન નૌટિયાલ ત્રીજા સ્થાને, યો યો હની સિંહ ચોથા સ્થાને અને દિલજીત દોસાંઝ પાંચમા સ્થાને છે.



**સર્વેનો ઉદ્દેશ્ય શું ?:** આજે પણ મોટાભાગના લોકો સિનેમા હોલમાં જઈને ફિલ્મો જુએ છે. અને આ પછી, ફિલ્મો OTT પ્લેટફોર્મ પર અને પછી ટીવી પર જોવામાં આવે છે. આ સર્વેનો ઉદ્દેશ્ય દેશની સામાજિક, રાજકીય અને આર્થિક સ્થિતિને સમજવાનો હતો. આ સર્વે CATI (કમ્પ્યુટર આસિસ્ટેડ ટેલિફોન ઈન્ટરવ્યુઈંગ) પદ્ધતિનો ઉપયોગ કરીને હાથ ધરવામાં આવ્યો હતો, જેમાં રેન્ડમ ડાયલિંગ (RDD) તકનીકનો ઉપયોગ કરીને દેશભરના લોકોને પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ સર્વેક્ષણમાં તમામ ટેલિકોમ વર્તુળોને આવરી લેવામાં આવ્યા છે. અને ભારતની વસ્તીનું પ્રતિનિધિત્વ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે.

### ફિલ્મમાં ભૂમિ પેડનેકર પણ મહત્વના રોલમાં

# અર્જુન-રકૂલની મેરે હસબન્ડ કી બીવીમાં આદિત્ય સીલની એન્ટ્રી




મુંબઇ : મુદસ્સર અઝીઝની ફિલ્મ મેરે 'હસબન્ડ કી બીવી'માં અર્જુન કપૂર, રકુલ પ્રીત સિંહ અને ભૂમિ પેડનેકરની ત્રિપુટી સાથે હવે આદિત્ય સીલ પણ સામેલ થઇ ગયો છે. આદિત્યએ જાતે પોતે આ ફિલ્મમાં કાસ્ટ થયો હોવાની જાહેરાત કરી હતી.

જોકે, તેણે કહ્યું હતું કે આ ફિલ્મના મારા રોલ વિશે હું જણાવી શકું એમ નથી. તેણે એટલું જ કહ્યું હતું કે આ મસાલેદાર ફિલ્મમાં વધુ મસાલો નાખવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, આદિત્ય સીલે ૨૦૦૨માં મનીષા કોઈરાલા સાથેની કામુક ફિલ્મ 'એક છોટી સી લવ સ્ટોરી'થી કારકિર્દીની શરૂઆત કરી હતી. તેણે 'સ્ટુડન્ટ ઓફ ધી યર ટૂ'માં પણ સહાયક ભૂમિકા ભજવી હતી.





# કાર્તિકની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીને સ્થાને શ્રીલીલા: બોલીવૂડમાં બીજી ફિલ્મ મળી

### અનુરાગ બસુ દ્વારા દિગ્દર્શિત રોમાન્ટિક ફિલ્મને આશિકી થ્રી ટાઈટલ નહિ અપાય


મુંબઇ : કાર્તિક આર્યનની રોમેન્ટિક ફિલ્મમાં તૃપ્તિ ડિમરીની જગ્યાએ શ્રીલીલા ગોઠવાઈ ગઈ હોવાનું જાણવા મળે છે. 'પુષ્પા ટૂ 'ના આઈટમ સોંગ 'કિસિક'થી જાણીતી શ્રીલીલાને બોલીવૂડમાં આ બીજો પ્રોજેક્ટ મળ્યો છે.

અનુરાગ બસુ દિગ્દર્શિત આ ફિલ્મને અગાઉ 'આશિકી થ્રી' તરીકે ઓળખાવાતી હતી. જોકે, કાનૂની વિવાદને કારણે હવે ફિલ્મનું ટાઈટલ બદલાશે. અનુરાગ બસુ આવતા મહિનેથી ફિલ્મનું શૂટિંગ શરુ કરશે.

શ્રીલીલા મેડોક ફિલ્મસ દ્વારા નિર્મિત એક પ્રોજેક્ટમાં ઈબ્રાહિમ અલી ખાન સાથે હિંદી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરી રહી છે. આ વરસની શરૂઆતમાં ફિલ્મના સ્ક્રિપ્ટ-રીડિંગ સેશન દરમિયાન બન્ને મુંબઈમાં સાથે જોવા મળ્યા હતા.

# SAMAY RAINA: વીડિયો હટાવ્યા બાદ પણ મુશ્કેલી વધી, 18 એપિસોડની થશે તપાસ...

(એજન્સી) મુંબઈ | તા.13 indias got latent શૉનો વિવાદ વધતો જ જાય છે. સમય રૈનાની મુશ્કેલી વધી રહી છે. ગઈકાલે મહારાષ્ટ્ર સાયબર સેલ દ્વારા યુ ટ્યૂબને વિવાદિત એપિસોડ ડીલીટ કરવાનો પત્ર લખ્યો હતો. જે બાદ ગઇ કાલે રાત્રે જ સમય રૈનાની પ્રતિક્રિયા સામે આવી હતી. સમય રૈનાએ એક સ્ટોરી પોસ્ટ કરીને માહિતી આપી હતી કે તેણે બધા વીડિયો ડિલીટ કરી દીધા છે, પરંતુ સમય રૈનાની મુશ્કેલીઓ ઓછી થઈ રહી નથી.



## તો શું ભારતી સિંહની પણ થશે પૂછપરછ?

હાલ સમય રૈનાના બધા 18 એપિસોડ તપાસ હેઠળ છે. આ 18 એપિસોડમાં જે પણ જજ તરીકે આવ્યા હતા તેમની પણ પૂછપરછ થવાની છે. શો દરમિયાન અપશબ્દોનો ઉપયોગ કરનારાઓ સામે પણ કાર્યવાહી થઈ શકે છે. શોમાં હાજર રહેલા ઓડિયન્સનું પણ નિવેદન નોંધાશે. મહત્વનું છે કે IGL માં આવેલા 32 જજની ઓળખ કરવામાં આવી છે.

## આશિષની -અપૂર્વ માખીજાનું નિવેદન નોંધાયું


શોના છેલ્લા એપિસોડમાં દર્શાવવામાં આવેલા આશિષ ચંચલાની અને અપૂર્વ માખીજાને પોલીસે તેમના નિવેદનો નોંધવા માટે બોલાવ્યા હતા. બંનેએ ખાર પોલીસ સ્ટેશનમાં પોતાના નિવેદનો નોંધાવ્યા છે.

પોલીસે રણવીર અલ્હાબાદિયાને પણ પૂછપરછ માટે સમન્સ પાઠવ્યું છે. રૈના દેશની બહાર હોવાથી, તેને 14 દિવસની અંદર પોતાનું નિવેદન નોંધાવવા માટે પણ કહેવામાં આવ્યું છે.

## રણવીર અલ્હાબાદિયાએ માફી માંગી

રણવીર અલ્હાબાદિયાની ટિપ્પણી બાદ વિવાદ વધુ વકર્યો છે. શો દરમિયાન, રણવીરે એક સ્પર્ધકને તેના માતાપિતા વિશે અશ્લીલ પ્રશ્ન પૂછ્યો હતો, જેના પછી સોશિયલ મીડિયા પર તેના વિરુદ્ધ ગુસ્સો ફાટી નીકળ્યો હતો. જ્યારે મામલો વધુ વકર્યો ત્યારે રણવીર અલ્હાબાદિયાએ એક વીડિયો શેર કરીને માફી માંગી હતી. રણવીરે કહ્યું કે કોમેડી તેની ખાસિયત નથી અને તેણે જે કંઈ કહ્યું તે યોગ્ય કે રમુજી નહોતું. રણવીરે કહ્યું કે તે કોઈ સ્પષ્ટતા આપવા માંગતો નથી, તે ફક્ત માફી માંગવા માંગે છે.

# 'જાદુ તેરી નજર - દયાન કા મૌસમ' ની રહસ્યમય વાર્તાનું અનાવરણ કરવામાં આવ્યું, સ્ટાર પ્લસે ભવ્ય લોન્ચ કર્યું


(એજન્સી) મુંબઈ | તા.13

સ્ટાર પ્લસ ફરી એકવાર સાબિત કરી રહ્યું છે કે મનોરંજનની દુનિયામાં તેનાથી આગળ કોઈ નથી! ચેનલે તેનો બહુપ્રતીક્ષિત અલૌકિક શો 'જાદુ તેરી નજર - દયાન કા મૌસમ' તેની રમત 'જાદુ તેરી નજર -' સાથે લોન્ચ કર્યો છે. પણ લોન્ચ કરવામાં આવી છે. શોની પ્રેસ કોન્ફરન્સ 12 ફેબ્રુઆરી 2025 ના રોજ આયોજિત કરવામાં આવી હતી, જ્યાં તેના મુખ્ય કલાકારો ઝૈન ઈબાદ ખાન (વિહાન) અને ખુશી દુબે (ગૌરી) એ તેમની હાજરી સાથે આ પ્રસંગને શોભાવ્યો હતો. આ ખાસ અવસર પર માત્ર 'જાદુ તેરી નજર' 'દયાન કા મૌસમ'ની સ્ટાર કાસ્ટ જ નહીં, પરંતુ સ્ટાર પ્લસના વધુ બે લોકપ્રિય શો 'યે રિશ્તા ક્યા કહેલાતા હૈ' અને 'ઉડને કી આશા'ના મુખ્ય કલાકારોએ પણ ભાગ લીધો હતો. કંવર ધિલ્લોન (સચિન) સાથે સમૃદ્ધિ શુક્લા (અભિરા) અને રોહિત પુરોહિત (અરમાન) અને નેહા હરસોરા (સાયલી) એ પણ આ કાર્યક્રમમાં હાજરી આપી અને ઘણી મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો. મીડિયા સાથે વાતચીત કરતી વખતે, ઝૈન ઈબાદ ખાન અને ખુશી દુબેએ તેમના પાત્રો, શોની અલૌકિક થીમ અને વિહાન અને ગૌરીની રોમાંચક સફર વિશે રસપ્રદ બાબતો શેર કરી. આ શોમાં, પ્રેક્ષકોને જબરદસ્ત સસ્પેન્સ, રહસ્યમય ટ્વિસ્ટ અને કાળી શક્તિઓ સામે લડતા પાત્રોની અનોખી વાર્તા જોવા મળશે. સૌથી મહત્વની વાત એ છે કે ઝૈન અને ખુશીની જોડી ફરી એકવાર પડદા પર સાથે જોવા મળવાની છે, જેના કારણે તેમના ફેન્સ ખૂબ જ ઉત્સાહિત છે. બંનેની ઓન-સ્ક્રીન કેમેસ્ટ્રી અગાઉ પણ પ્રેક્ષકો દ્વારા પસંદ કરવામાં આવી હતી, અને આ વખતે તેઓ એક નવી, રોમાંચક દુનિયામાં એકબીજાની ભૂમિકા ભજવતા જોવા મળશે. 'જાદુ તેરી નજર - દયાન કા મૌસમ' એક એવી વાર્તા લઈને આવી રહ્યું છે જે વિહાન અને ગૌરીની રહસ્યમય અને રોમાંચક દુનિયાને દર્શકો માટે ખોલશે. ભાગ્યના આવા અનોખા ખેલ આ શોમાં જોવા મળશે, જે આ બંને પાત્રોને એકબીજાની નજીક લાવશે. જેમ જેમ વિહાન અને ગૌરીની નિયતિઓ એકબીજા સાથે જોડાયેલી હશે, તેમ તેમ તેમના જીવનમાં નવા પડકારો પણ આવશે. રહસ્યમય ટ્વિસ્ટ, જાદુઈ શક્તિઓ અને આઘાતજનક સસ્પેન્સથી ભરપૂર, 'જાદૂ તેરી નજર - દયાન કા મૌસમ' તમને એવી દુનિયામાં લઈ જશે જ્યાં દરેક જોડણી, દરેક જાદુ ભાગ્યનો માર્ગ બદલી શકે છે. 'જાદુ તેરી નજર - દયાન કા મૌસમ' દર્શકોને સસ્પેન્સ, જાદુ અને રોમાંસથી ભરેલી રોમાંચક સફર પર લઈ જવા માટે તૈયાર છે! સ્ટાર પ્લસ પર 18મી ફેબ્રુઆરી 2025થી આ શો શરૂ થઈ રહ્યો છે, જ્યાં દરેક ક્ષણમાં નવો વળાંક આવશે, દરેક જાદુમાં એક નવું રહસ્ય હશે અને દરેક સંબંધમાં એક અકથિત લાગણી છુપાયેલી હશે.



આ પહેલા વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ સામે પોતાની 73મી ODI અડધી સદી ફટકારી હતી તેને 55 બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 52 રન બનાવ્યા

# IND Vs ENG: આ સિદ્ધિ મેળવનાર પ્રથમ બન્યો ભારતીય વિરાટ કોહલી

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની ODI સિરીઝની ત્રીજી મેચ અમદાવાદમાં રમાઈ રહી છે. આ મેચમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલીએ ફોર્મમાં પરત ફરવાનો સંકેતો બતાવ્યા છે. આ મેચમાં તેને 52 રનની ઈનિંગ રમી. આ સમય દરમિયાન, તેને તેમના શાનદાર કારકિર્દીમાં વધુ એક સિદ્ધિનો ઉમેરો કર્યો છે.

**આ સિદ્ધિ મેળવનાર પ્રથમ બન્યો ભારતીય |** તે ઈંગ્લેન્ડ સામે 4,000 આંતરરાષ્ટ્રીય રન બનાવનાર પ્રથમ ભારતીય અને કુલ છઠ્ઠો ખેલાડી બન્યો. કોહલીએ ઈંગ્લિશ ટીમ સામેની તેની 87મી મેચમાં આ સિદ્ધિ મેળવી. તેને ઈંગ્લેન્ડ સામે આઠ સદી અને 23 અડધી સદી ફટકારી છે.

**વિરાટ કોહલી માટે મહત્ત્વપૂર્ણ ઈનિંગ |** આ સાથે, તે ઓસ્ટ્રેલિયન ડોન બ્રેડમેન (5,028 રન), એલન બોર્ડર (4,850), સ્ટીવ સ્મિથ (4,815), વિવ રિચાર્ડ્સ (4,488) અને રિકી પોન્ટિંગ (4,141) ની વિશિષ્ટ ક્લબમાં જોડાઈ ગયો છે. આ પહેલા વિરાટ કોહલીએ ઈંગ્લેન્ડ સામે પોતાની 73મી ODI અડધી સદી ફટકારી હતી. તેને 55 બોલમાં સાત ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી 52 રન બનાવ્યા. આ રન વિરાટ કોહલી માટે ખૂબ જ મહત્વપૂર્ણ હતો જે ખરાબ ફોર્મ સાથે સંઘર્ષ કરી રહ્યો હતો કારણ કે ટીમ ઈન્ડિયા આગામી સમયમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં ભાગ લેવાની છે.

**વિરાટ કોહલીએ બનાવ્યો આ રેકોર્ડ |** કોહલી એશિયામાં સૌથી ઝડપી 16,000 આંતરરાષ્ટ્રીય રન બનાવનાર ખેલાડી બની ગયો છે. આ સિવાય તે એશિયામાં 16,000 રનનો આંકડો પાર કરનાર માત્ર બીજો ભારતીય બેટ્સમેન બન્યો છે. કોહલીએ આ ઐતિહાસિક સિદ્ધિ માત્ર 340 ઈનિંગ્સમાં હાંસલ કરી, અને સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડી નાખ્યો, જેને આ સિદ્ધિ મેળવવા માટે 353 ઈનિંગ્સ લીધી હતી. તેને શ્રીલંકાના કુમાર સંગાકારા (360 ઈનિંગ્સ) અને મહેલા જયવર્ધને (401 ઈનિંગ્સ) ને પણ પાછળ છોડી દીધા.

## રજત પાટીદારને સોંપાઇ RCB ટીમની કમાન

(એજન્સી) મુંબઈ તા 13

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL 2025 માટે રજત પાટીદારને કેપ્ટન તરીકે નિયુક્ત કર્યા છે. છેલ્લી સીઝન એટલે કે IPL 2024માં ફાફ ડુ પ્લેસિસે ટીમનું નેતૃત્વ કર્યું હતું. અગાઉ ચર્ચા હતી કે વિરાટ કોહલીને ફરી એકવાર ટીમનો કેપ્ટન બનાવવામાં આવશે, પરંતુ એવું બન્યું નહીં. ટીમે પાટીદારને કેપ્ટનશીપ સોંપવાનો નિર્ણય કર્યો છે. રજત પાટીદાર 2021માં RCBમાં જોડાયો હતો. અને તે હવે ટીમનો મહત્ત્વનો ભાગ છે. PL 2025ની શરૂઆત પહેલા, રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે એક મોટો ફેરફાર કર્યો છે. રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે IPL ના નવા કેપ્ટનની પુષ્ટિ કરી છે. રજત પાટીદાર ટીમના નવા કેપ્ટન બન્યા છે. અગાઉ, આ પદ માટે સૌથી આગળ વિરાટ કોહલી હતા, જેમણે 2013 થી 2021 સુધી ફ્રેન્ચાઈઝીનું નેતૃત્વ કર્યું હતું. તે IPL 2023 માં ત્રણ મેચ માટે કેપ્ટન પણ હતો. રજત પાટીદાર 2021થી RCB સાથે છે અને નવેમ્બરમાં મેગા ઓક્શન પહેલા તેમના ત્રણ રિટેન ખેલાડીઓમાંના એક હતા. 31 વર્ષીય પાટીદારે 2024-25ની સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફીની સીઝનમાં તેમની રાજ્ય ટીમ મધ્યપ્રદેશનું નેતૃત્વ કર્યું હતું.



### કોહલીથી ફાફ ડુ પ્લેસિસ સુધી

વિરાટ કોહલી 2013 થી 2021 દરમિયાન RCB ના કેપ્ટન હતા. તેમના પછી, ફાફ ડુ પ્લેસિસે કમાન સંભાળી. પરંતુ RCB એ ગયા વર્ષના મેગા ઓક્શન પહેલા ડુ પ્લેસિસને રિલીઝ કરી દીધો, જે 2022 થી 2024 સુધી તેમના કેપ્ટન હતા. 40 વર્ષીય ડુ પ્લેસિસ આ સિઝનમાં દિલ્હી કેપિટલ્સ તરફથી રમશે. રજત પાટીદાર RCBના 8મા કેપ્ટન બનશે. આ પહેલા રાહુલ દ્રવિડ, કેવિન પીટરસન, અનિલ કુંબલે, ડેનિયલ વેટ્ટોરી, વિરાટ કોહલી, શેન વોટસન અને ફાફ ડુ પ્લેસિસ ટીમની કેપ્ટનશીપ કરી ચૂક્યા છે. હરાજી પહેલા RCB દ્વારા રિટેન કરાયેલા ખેલાડીઓમાં રજત પાટીદારનો સમાવેશ થાય છે. તેમને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી અને વિજય હજારે ટ્રોફીમાં મધ્યપ્રદેશનું નેતૃત્વ કરવાનો અનુભવ છે. પાટીદારે મધ્યપ્રદેશને SMT 2024/25 ફાઈનલમાં પહોંચાડ્યું હતુ. જ્યાં ટીમ મુંબઈ સામે 5 વિકેટથી હારી ગઈ હતી. તે અજિંક્ય રહાણે પછી બીજા ક્રમે સૌથી વધુ રન બનાવનાર ખેલાડી હતો, તેણે 10 મેચમાં 61.14ની સરેરાશ અને 186.08ના સ્ટ્રાઈક રેટથી 428 રન બનાવ્યા હતા.

## બાંગ્લાદેશની ક્રિકેટર શોહેલી પર મેચ ફિક્સિંગ બદલ 5 વર્ષનો પ્રતિબંધ લાગ્યો


(એજન્સી) મુંબઈ તા 13

બાંગ્લાદેશની શોહેલી અખ્તર આઈસીસી દ્વારા ભ્રષ્ટાચારના આરોપોમાં સસ્પેન્ડ થનાર પ્રથમ મહિલા ક્રિકેટર બની ગઈ છે. તે 2023ના ટી20 વર્લ્ડ કપમાં મેચ ફિક્સ કરવાના પ્રયાસમાં દોષિત સાબિત થઈ છે. 36 વર્ષીય શોહેલી ઉપર પાંચ વર્ષનો પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. ઓફ સ્પિનર શોહેલી બાંગ્લાદેશ માટે બે વન-ડે અને 13 ટી20 મેચ રમી ચૂકી છે અને સાઉથ આફ્રિકા ખાતેની ટૂર્નામેન્ટ દરમિયાન આઈસીસી એસીયૂની આચારસંહિતાનો ભંગ કરવાના આરોપોને સ્વીકારી લીધા છે. જોકે તે ટૂર્નામેન્ટ વખત બાંગ્લાદેશની ટીમની સભ્ય નહોતી. એસીયૂની 2023ની 14મી ફેબ્રુઆરીની તપાસ વખતે શોહેલી ખેલાડી-એ તરીકે ઓળખવામાં આવી હતી. તે એક મહિલા ક્રિકેટર સાથે ફેસબુક મેસેન્જર ઉપર વાતચીત કરતી હતી. તેણે પોતાની મિત્ર અને સાથી ખેલાડીનો સંપર્ક સાધ્યો હતો. જેમાં તેણે સાથી પ્લેયરને ભવિષ્યમાં બાંગ્લાદેશની મેચોમાં ફિક્સિંગ કરવા માટે રાજી કરી હતી. શોહેલીએ તેની સાથી મિત્રને મેચ ફિક્સ કરવા માટે બે મિલિયન બાંગ્લાદેશી ટકાનું પેમેન્ટ કરશે. શોહેલીએ બુકીને પોતાના પિતરાઈ ભાઈ તરીકે વર્ણવ્યો હતો. તેણે મહિલા ખેલાડીને વધારે રકમ આપવાની પણ ઓફર કરી હતી અને તમામ બાબતો ગુપ્ત રાખવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી.



## મિચેલ સ્ટાર્ક પણ ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી બહાર થઇ ગયો

(એજન્સી) મુંબઈ તા 13



સિનિયર ખેલાડી સ્ટિવ સ્મિથના નેતૃત્વ હેઠળની ઓસ્ટ્રેલિયન ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીમાં પોતાના અનુભવી પેસ બોલર મિચેલ સ્ટાર્ક વિના મેદાનમાં ઉતરશે. સ્ટાર્કે વ્યક્તિગત કારણોસર ચેમ્પિયન્સ ટ્રોફીમાંથી ખસી જવાનો નિર્ણય કર્યો છે. વન-ડે વર્લ્ડ કપ ચેમ્પિયન ઓસ્ટ્રેલિયાને 15 સભ્યની ટીમમાં ઘણા ફેરફાર કરવા પડયા છે. નિયમિત સુકાની પેટ કમિન્સ, ઓલરાઉન્ડર જોસ હેઝલવૂડ તથા મિચેલ માર્શ ઈજાગ્રસ્ત છે. સ્ટોનિસે વન-ડે ફોર્મેટમાંથી અકાળે નિવૃત્તિ લીધી છે.

મુખ્ય પસંદગીકાર જ્યોર્જ બેઈલીએ જણાવ્યું હતું કે સ્ટાર્કની પ્રતિબદ્ધતા અંગે અમને આદર છે. ગાલે ખાતે ગયા સપ્તાહે ટેસ્ટ મેચના અંતિમ તબક્કામાં તેને ઘૂંટણમાં સમસ્યા થઈ હતી. તે વન-ડે શ્રેણીમાં પણ રમી શકે તેમ નથી. સ્ટાર્કએ વ્યક્તિગત કારણોનો આદર કરવાનો આગ્રહ કર્યો છે અને તે આ અંગે કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરશે નહીં. પેસ બોલર સ્પેન્સર જોન્સન, નાથાન ઈલિસ, સીન એબોટ્ટ તથા બેન ડવારસૂઈશને ટીમમાં સામેલ કરવામાં આવ્યા છે.

ઓસ્ટ્રેલિયન ટીમ : સ્ટિવ સ્મિથ (સુકાની), સીન એબોટ્ટ, એલેક્સ કેરી, બેન ડવારસૂઈશ, નાથાન ઈલિસ, જેક ફ્રેઝર મેકગર્ક, એરોન હાર્ડી, જોશ ઈંગ્લિસ, સ્પેન્સર જોન્સન, માર્નસ લાબુશેન, ગ્લેન મેક્સવેલ, તનવી સાંઘા, મેથ્યૂ શોર્ટ, એડમ ઝમ્પા. ટ્રાવેલિંગ રિઝર્વ : કૂપર કોનોલી.

## અમેરિકાની અમાન્ડાએ સ્વિટોલિનાને હરાવીને મેજર અપસેટ સર્જ્યો



(એજન્સી) મુંબઈ તા 13

યૂક્રેનની 18 વર્ષીય એમાન્ડાએ પોતાના જ દેશની અન્ય ખેલાડી સ્વિટોલિનાને એક કલાક સુધી રમાયેલી મેચમાં 6-3, 6-3થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. એમાન્ડાએ ટોપ-10મા સામેલ ખેલાડીઓ સામે ત્રીજો વિજય હાંસલ કર્યો છે. કઝાકિસ્તાનની ઈલેના રિબાકિનાએ પ્રથમ સેટ ગુમાવ્યા બાદ રોમાનિયાની સોરેના ક્રિસ્ટિયૂને 3-6, 6-3,6-1થી, અમેરિકાની જેનિફર બાર્ટીએ અમેરિકાની અન્ય એક ખેલાડી એલિસન રિસ્કેને પ્રથમ સેટ ટાઈબ્રેકરમાં પહોંચ્યા બાદ 7-6 (12-10), 1-6, 7-6 (7-3)થી તથા ચેક રિપબ્લિકની બારબોરા સ્ટ્રાઈકોવાએ ક્રોએશિયાની પેટ્રા માર્ટિચને 4-6, 6-1, 6-2થી હરાવીને પોતાનું અભિયાન આગળ વધાર્યું હતું. વિશ્વની બીજી ક્રમાંકિત બેલારુસની આર્યના સબાલેન્કો પણ અપસેટનો શિકાર બની હતી. રશિયાની એક્ટરિના એલેકઝાન્ડ્રોવાએ સબાલેન્કોને 3-6, 6-3, 7-6 (7-5)થી હરાવીને ટૂર્નામેન્ટનો બિગેસ્ટ અપસેટ નોંધાવ્યો હતો. આ મુકાબલો લગભગ અઢી કલાક સુધી રમાયો હતો. સબાલેન્કો 2022 બાદ પ્રથમ વખત કતાર ઓપનમાં રમી રહી છે. અન્ય મેચમાં ઈગા સ્વિયાતેકે ડોના વેકિચને 6-4, 7-5થી તથા કિકી બર્ટેન્સે કેરોલિના મુચોવાને 6-2, 6-4થી પરાજય આપ્યો હતો.

## ટોરેન્ટ ગ્રુપે IPL ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સમાં 67 ટકા હિસ્સો ખરીદ્યો

(એજન્સી) મુંબઈ તા 13



ગુજરાત ટાઈટન્સ ટીમ સાથે જોડાયેલા એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. અમદાવાદના ટોરેન્ટ ગ્રુપે IPL ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સમાં 67 ટકા હિસ્સો ખરીદ્યો છે. આ કંટ્રોલિંગ ઈક્વિટી ટોરેન્ટની હોલ્ડિંગ કંપની ટોરેન્ટ ઈન્વેસ્ટમેન્ટ્સ પ્રાઈવેટ લિમિટેડ (TIPL) દ્વારા ખરીદવામાં આવી છે. તે ઈરેલિયા કંપની પ્રાઈવેટ લિમિટેડ પાસેથી હસ્તગત કરવામાં આવ્યું છે. રિપોર્ટ મુજબ આ ડિલ 7800 કરોડ રૂપિયામાં થઈ છે. ઈરેલિયા આમાં 33 ટકા હિસ્સો જાળવી રાખશે. ટોરેન્ટ ગ્રુપના ડાયરેક્ટર જીનલ મહેતાએ જણાવ્યું હતું કે અમને ગુજરાત ટાઈટન્સ અને તેના લાખો ઉત્સાહી ફેન્સનું ટોરેન્ટ ગ્રુપમાં સ્વાગત કરતા ગર્વ થાય છે. ભારતમાં રમતગમતની પોપ્યુલારિટી વધી રહી છે. ગુજરાત ટાઈટન્સમાં બહુમતી હિસ્સો મેળવીને, અમે ફેન્સના અનુભવને વધારવા અને આગામી વર્ષોમાં વૃદ્ધિ માટે નવા રસ્તા ખોલવા માટે ઉત્સાહિત છીએ. ટોરેન્ટ ગ્રુપની વાર્ષિક આવક રૂ. 41,000 કરોડ છે. તેનું કુલ માર્કેટ કેપ લગભગ 2 લાખ કરોડ રૂપિયા છે. આ જૂથ ફાર્માસ્યુટિકલ્સ, વીજ ઉત્પાદન, ટ્રાન્સમિશન અને વિતરણ અને સિટી ગેસ વિતરણ (CGD) જેવા ક્ષેત્રોમાં મજબૂત હાજરી ધરાવે છે. આ સિવાય ટોરેન્ટ ગ્રુપ આગામી સમયમાં ઈલેક્ટ્રિકલ્સ અને ડાયગ્નોસ્ટિક્સ ક્ષેત્રમાં પણ પ્રવેશવાની યોજના બનાવી રહ્યું છે. આઈપીએલની 18મી સીઝન 21 માર્ચથી 25 મે દરમિયાન રમાશે. પહેલી મેચ ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાઈ શકે છે. તેનું સંપૂર્ણ શેડ્યૂલ આવતા અઠવાડિયા સુધીમાં જાહેર થઈ શકે છે. 2008 માં શરૂ થયેલી આ લીગ દર વર્ષે એક નવો રેકોર્ડ બનાવે છે. આ લીગની આગામી સીઝન, જે લગભગ 2 મહિના સુધી ચાલશે, 21 માર્ચથી 25 મે સુધી રમાશે. આઈપીએલની પહેલી મેચ 21 માર્ચે રમાશે.

## ભારતે રચ્યો ઈતિહાસ, 14 વર્ષ પછી ODI Seriesમાં ઈંગ્લેન્ડનો વ્હાઈટવોશ

(એજન્સી) મુંબઈ તા 13

ભારતે ODI Seriesમાં ઈંગ્લેન્ડને કલીન સ્વીપ કર્યું. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ODI Seriesની ત્રીજી વન ડે રમાઈ. ODI Seriesની અંતિમ અને ત્રીજી વન ડેમાં ભારતે ઈંગ્લેન્ડને 142 રનથી હાર આપી શાનદાર જીત મેળવી. ઈંગ્લેન્ડને હરાવતા જ ભારતની ક્રિકેટ ટીમે ઈતિહાસ રચ્યો. રોહિત શર્માની કેપ્ટશાનશિપ હેઠળ ભારતે ઈંગ્લેન્ડને તમામ ત્રણ મેચમાં જોરદાર ટક્કરથી હાર આપતા શ્રેણી પર કબ્જો જમાવ્યો. ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે ચાલતી ODI Seriesમાં ટીમ ઈન્ડિયાનું સારું પ્રદર્શન રહ્યું. અંતિમ મેચમાં જે ખેલાડીઓ ઘણા સમયથી આઉટ ઓફ ફોર્મ હતા તેમણે શાનદાર પ્રદર્શન કર્યું. શુભમન ગિલે 102 બોલમાં 112 રન કર્યા જ્યારે વિરાટ કોહલીએ 55 બોલમાં 7 ચોગ્ગા અને 1 છગ્ગો ફટકારી 52 રન બનાવ્યા. શ્રેયસ



ઐય્યરે 64 બોલમાં 78 રન ફટકાર્યા. એકંદરે કહી શકાય કે આ શ્રેણીમાં બેટસમેનોએ બાજી મારી. અંતિમ મેચમાં અક્ષર પટેલ અને અર્શદીપ સિંહ જેવા બોલરોના સપોર્ટ મળતા ભારત શ્રેણી પર કબ્જો મેળવવામાં સફળ રહ્યું. ODI Seriesમાં ઈંગ્લેન્ડને કલીન સ્વીપ કરતાં ભારતે ક્રિકેટના ઈતિહાસમાં વધુ એક સિદ્ધિ નોંધાવી. 14 વર્ષ બાદ ભારતે ઘરઆંગણે ઈંગ્લેન્ડની ક્રિકેટ ટીમને ODI Seriesમાં હાર આપતા ઈતિહાસ રચ્યો. 1981થી ભારતમાં ODI Series રમવાની શરૂઆત થઈ હતી. ત્યારબાદ 2008માં રમાયેલ ODI Seriesની તમામ મેચમાં ભારતે ઈંગ્લેન્ડ હાર આપી હતી. સૌ પ્રથમ વખત ભારતે ઈંગ્લેન્ડનો ODI Seriesની તમામ પાંચ મેચમાં હાર આપી વ્હાઈટ વોશ કર્યો. 2008 બાદ 2001માં ફરી એક વખત ભારતે ચમત્કાર કર્યો હતો.

## અસાલંકાની કેપ્ટન ઈનિંગ, પ્રથમ વન-ડેમાં શ્રીલંકાએ ઓસ્ટ્રેલિયાને 49 રનથી હરાવ્યું

(એજન્સી) મુંબઈ તા 13

પ્લેયર ઓફ ધ મેચ બનેલા ચરિથ અસાલંકાની આક્રમક સદીની મદદથી શ્રીલંકાએ પ્રથમ વન-ડેમાં ઓસ્ટ્રેલિયાને 49 રનથી હરાવીને બે મેચની શ્રેણીમાં 1-0ની લીડ મેળલી લીધી હતી. શ્રીલંકાના 214 રનના જવાબમાં ઓસ્ટ્રેલિયાની પૂરી ટીમ 165 રનના સ્કોરે ઓલઆઉટ થઈ ગઈ હતી. રનચેઝ કરતી વખતે ઓસ્ટ્રેલિયાએ 31 રનના સ્કોર સુધીમાં સુકાની સ્મિથ (12), જેક ફ્રેઝર (2) સહિત ચાર વિકેટ ગુમાવી દીધી હતી. મિડલ ઓર્ડરમાં એલેક્સ કેરીએ 41 તથા એરોન હાર્ડીએ 32 રનનું યોગદાન આપ્યું હતું. શ્રીલંકા માટે મહિશ થિકશનાએ 40 રનમાં સર્વાધિક ચાર વિકેટ ઝડપી હતી. શ્રીલંકાની ઈનિંગમાં પણ ખરાબ શરૂઆત થઈ હતી અને યજમાન ટીમે પણ 31 રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. સુકાની અસાલંકાએ કેપ્ટન ઈનિંગ રમીને 126 બોલમાં 14 બાઉન્ડ્રી તથા પાંચ સિક્સર વડે 127 રન બનાવ્યા હતા. સિન એબોટ્ટે 61 રનમાં ત્રણ તથા એરોન હાર્ડીએ 13 રનમાં બે વિકેટ ઝડપી હતી



### પ્રાઈવેટ ડિનર, ટેરિફ-ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના મુદ્દે વાતચીત; આ છે PMના 36 કલાકના US પ્રવાસનું શિડ્યુલ

# મોદી 2 દિવસના અમેરિકા પ્રવાસે પહોંચ્યા: ટ્રમ્પ સાથે મુલાકાત

(એજન્સી) પેરિસ | તા 13

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગુરુવારે વહેલી સવારે બે દિવસની અમેરિકાની મુલાકાતે પહોંચ્યા. આ મુલાકાત દરમિયાન, પીએમ મોદી ભારતીય સમય મુજબ શુક્રવારે રાત્રે 2:30 વાગ્યે રાષ્ટ્રપતિ ટ્રમ્પને મળશે. આ બેઠકમાં, બંને નેતાઓ ટેરિફ અને ગેરકાયદેસર ભારતીય ઈમિગ્રન્ટ્સ સહિત ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરશે.

મોદી અને ટ્રમ્પ વચ્ચે લગભગ 45 મિનિટ સુધી વાતચીત થશે. આ પછી, ભારતીય સમય મુજબ શુક્રવારે રાત્રે 3.40 વાગ્યે સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજાઈ શકે છે. અમેરિકા પહોંચ્યા પછી, ભારતીય પીએમ સૌપ્રથમ યુએસ નેશનલ ઈન્ટેલિજન્સ ડિરેક્ટર તુલસી ગબાર્ડને મળ્યા.

ટ્રમ્પ ઉપરાંત, પીએમ મોદી ઘણા ઉદ્યોગપતિઓ અને ભારતીય સમુદાયના લોકોને પણ મળશે. અમેરિકા પહોંચતા પહેલા મોદી ફ્રાન્સની મુલાકાતે હતા. અહીં તેમણે ફ્રેન્ચ રાષ્ટ્રપતિ સાથે AI સમિટની સહ-અધ્યક્ષતા કરી અને અનેક દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી. 2 દિવસના અમેરિકા પ્રવાસ દરમિયાન ટ્રમ્પ સાથે મુલાકાત અને પ્રાઈવેટ ડિનરની સાથે ટેરિફ-ગેરકાયદે ઈમિગ્રન્ટ્સના મુદ્દે પણ વાતચીત થશે. આ ઉપરાંત, તેઓ ઘણા ઉદ્યોગપતિઓ અને ભારતીય સમુદાયના લોકોને પણ મળશે. તો આવો જાણીએ PMના 36 કલાકના US પ્રવાસનું શિડ્યુલ... પીએમ મોદી અને તુલસી ગબાર્ડે અનેક મુદ્દાઓ પર ચર્ચા કરી પીએમ મોદી અને અમેરિકન હિન્દુ સમુદાયમાંથી આવતા તુલસી ગબાર્ડ વચ્ચેની મુલાકાત ખૂબ જ મહત્વપૂર્ણ છે. ગઈકાલે જ, યુએસ સેનેટે રાષ્ટ્રીય ગુપ્તચર નિર્દેશક તરીકે તુલસી ગબાર્ડની નિમણૂકને સમર્થન આપ્યું. તુલસી હવે CIA અને NSA સહિત અમેરિકાની 18 ગુપ્તચર એજન્સીઓનો હવાલો સંભાળશે. PM મોદીએ મુલાકાત દરમિયાન તુલસી ગબાર્ડને અભિનંદન આપ્યા. બંને નેતાઓએ આતંકવાદ વિરોધી, સાયબર સુરક્ષા અને ઉભરતા જોખમો પર પરસ્પર સહયોગ વધારવા વિશે વાત કરી.

ટ્રમ્પ સાથે ડિનર કરશે પીએમ મોદી મીડિયા રિપોર્ટ્સ અનુસાર મોદીનું પ્રતિનિધિ મંડળ કુલ 6 બેઠકોમાં હાજરી આપશે. મોદીની છેલ્લી મુલાકાત ગુરુવારે સાંજે 4 વાગ્યે (ભારતીય સમય મુજબ શુક્રવારે સવારે 2:30 વાગ્યે) થશે. આ પછી મોદી અમેરિકી રાષ્ટ્રપતિ સાથે રાત્રિભોજન કરશે.

મોદી અને ટ્રમ્પ વ્હાઈટ હાઉસ ખાતે મીડિયા સાથે પણ વાતચીત કરી શકે છે. મોદીની અમેરિકા મુલાકાત એવા સમયે થઈ રહી છે જ્યારે શહેરમાં બરફવર્ષા અને કરા પડવાને કારણે ઠંડીનો પ્રકોપ છે. તેઓ પ્રેસિડેન્ટ ગેસ્ટ હાઉસ એટલે કે વૈભવી બ્લેર હાઉસમાં રહેશે. તે વ્હાઈટ હાઉસની સામે જ છે. આ ગેસ્ટ હાઉસમાં વિશ્વના નેતાઓ રોકાય છે.



**ટેરિફ અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ પર વાતચીત થઈ શકે છે** ડોનાલ્ડ ટ્રમ્પે સત્તામાં પાછા આવ્યા બાદ કેનેડા, મેક્સિકો અને ચીન પર ટેરિફ લાદવાની જાહેરાત કરી છે. જોકે, બાદમાં તેમણે કેનેડા અને મેક્સિકોને 30 દિવસ માટે ટેરિફ રાહત આપી.

ટ્રમ્પ વારંવાર ભારતના ઊંચા ટેરિફ દરોની ટીકા કરી ચૂક્યા છે. જોકે, અત્યાર સુધી તેમણે ભારત પર કોઈપણ પ્રકારનો ટેરિફ લાદ્યો નથી.

એવું માનવામાં આવે છે કે મોદી અને ટ્રમ્પ ટેરિફ અંગે ચર્ચા કરી શકે છે. આ ઉપરાંત મોદી અને ટ્રમ્પ ગેરકાયદે ભારતીય ઈમિગ્રન્ટ્સના મુદ્દા પર પણ ચર્ચા કરી શકે છે.

પ્યુ રિસર્ચ અનુસાર, અમેરિકામાં 7 લાખ 25 હજારથી વધુ ગેરકાયદેસર ઈમિગ્રન્ટ ભારતીયો રહે છે. ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) એ નવેમ્બર 2024 માં જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં તેણે માન્ય દસ્તાવેજો વિના 20,407 ભારતીયોની ઓળખ કરી છે.

### ટ્રમ્પે પુતિન-ઝેલેન્સ્કી સાથે વાત કરી: કહ્યું- યુદ્ધ રોકવા માટે ટૂંક સમયમાં ચર્ચા થશે

# અમેરિકાએ કહ્યું- યુક્રેનને નાટોમાં સામેલ નહીં કરે

વોશિંગ્ટન | અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકી સાથે યુદ્ધનો અંત લાવવા માટે ફોન પર વાત કરી હતી. ટ્રમ્પે પુતિન સાથે લગભગ દોઢ કલાક વાત કરી. બંને નેતાઓ એકબીજાના દેશોની મુલાકાત લેવા સંમત થયા. ટ્રમ્પે Xpost માં જણાવ્યું હતું કે, અમે અમારી ટીમ વચ્ચે તાત્કાલિક વાટાઘાટો શરૂ કરવા માટે પણ સંમત થયા છીએ.

બીજી તરફ, ટ્રમ્પ વહીવટીતંત્રે યુક્રેનને મોટો ઝટકો આપ્યો છે. બેલ્જિયમમાં નાટો મુખ્યાલયમાં, યુએસ સંરક્ષણ સચિવ પીટ હેગસેથે સ્પષ્ટ કર્યું કે અમેરિકા હવે યુક્રેનને પહેલાની જેમ મોટી આર્થિક અને લશ્કરી સહાય પૂરી પાડશે નહીં.

તેમણે એમ પણ કહ્યું કે ટ્રમ્પ નાટોમાં યુક્રેનના સભ્યપદને સમર્થન આપતા નથી. હેગસેથે કહ્યું કે યુક્રેન માટે હવે 2014 પહેલાની સરહદો પર પાછા ફરવું અશક્ય છે. રશિયા સાથેના કોઈપણ શાંતિ કરાર માટે અમેરિકા યુક્રેનમાં સૈનિકો મોકલશે નહીં.

પુતિને ટ્રમ્પને મોસ્કો આવવાનું આમંત્રણ આપ્યું રોઈટર્સના અહેવાલ મુજબ, ટ્રમ્પે વિદેશ સચિવ માર્કો રુબિયો, સીઆઈએના ડિરેક્ટર જોન રેટક્લિફ, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈકલ વોલ્ટ્ઝ, રાજદૂત અને ખાસ દૂત સ્ટીવ વિટકોફને વાટાઘાટોનું નેતૃત્વ કરવાનો નિર્દેશ આપ્યો છે.



**યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું-** મેં અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વાત કરી. રશિયન આક્રમણને રોકવા અને કાયમી, વિશ્વસનીય શાંતિ સુનિશ્ચિત કરવા માટે બંને દેશો તેમના આગામી પગલાંઓ નક્કી કરવા માટે સાથે મળીને કામ કરી રહ્યા છે તેના પર ભાર મૂક્યો.

ઝેલેન્સકી રશિયા સાથે જમીનની અદલાબદલી કરવા તૈયાર એક દિવસ પહેલા, 11 ફેબ્રુઆરીના રોજ, યુક્રેનિયન રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ કહ્યું હતું કે યુક્રેન યુદ્ધ અટકાવવા માટે રશિયા સાથે જમીનની આપ-લે કરવા તૈયાર છે. બ્રિટિશ અખબાર ધ ગાર્ડિયનને આપેલા ઈન્ટરવ્યૂમાં ઝેલેન્સકીએ કહ્યું હતું કે જો ટ્રમ્પ રશિયા અને યુક્રેનને એક પ્લેટફોર્મ પર લાવવામાં સફળ થાય તો આ શક્ય છે.

ઝેલેન્સકીએ એ પણ સ્વીકાર્યું કે તેઓ અમેરિકન મદદ વિના યુદ્ધ લડી શકતા ન હતા. તેમણે કહ્યું કે કેટલાક લોકો એવું કહે છે કે યુરોપ અમેરિકા વિના પણ યુક્રેનનું રક્ષણ કરી શકે છે. પણ એ સાચું નથી. યુક્રેનની સુરક્ષા અમેરિકા વિના શક્ય નથી.

યુક્રેન 7 મહિનાથી રશિયન જમીન પર કબજો કરી રહ્યું છે યુક્રેને ઓગસ્ટ 2024માં રશિયાના કુર્સ્ક પર હુમલો કર્યો અને આશરે 1,300 ચોરસ કિલોમીટરનો વિસ્તાર કબજે કર્યો. જોકે, રશિયાએ વળતો હુમલો કર્યો અને ગુમાવેલી જમીનનો લગભગ અડધો ભાગ પાછો મેળવ્યો. જોકે, ઝેલેન્સકીએ કહ્યું કે યુક્રેન હજુ પણ મોટા રશિયન પ્રદેશ પર કબજો કરે છે. તે તેનો ઉપયોગ રશિયા સાથે સોદો કરવા માટે કરશે.

ઝેલેન્સકીએ કહ્યું કે અમને તેમની જમીનના બદલામાં અમારી જમીન મળશે. જોકે, તેમણે એ જણાવ્યું ન હતું કે રશિયન કબજાના બદલામાં યુક્રેન કયા પ્રદેશની માંગ કરશે. આ પ્રશ્નના જવાબમાં ઝેલેન્સકીએ કહ્યું કે દરેક યુક્રેનિયન જમીન તેમના માટે મહત્વપૂર્ણ છે. હાલમાં, તેણે કોઈ ખાસ સ્થળ વિશે વિચાર્યું નથી.

# શું છે ટેરિફ, જેના પર ટ્રમ્પ આટલો ભાર મૂકે છે?

## ભારતને ધમકી; શું આમા રાહતના બદલ ટેસ્લાને એન્ટ્રી આપશે મોદી?

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

સ્થાન- માર-એ-લાગો, ફ્લોરિડા રાષ્ટ્રપતિની ચૂંટણી જીત્યાના માત્ર 20 દિવસ પછી ટ્રમ્પે જાહેરાત કરી કે તેઓ શપથ લેતાની સાથે જ કેનેડા-મેક્સિકો પર 25% અને ચીન પર 10% ટેરિફ લાદશે. ટ્રમ્પની આ જાહેરાતને કારણે જ આ દેશોના ચલણોમાં ઘટાડો થયો હતો.

20 જાન્યુઆરીએ શપથ લીધા પછી ટ્રમ્પે તે જ કર્યું. તેમણે આ માટે એક્ઝિક્યુટિવ ઓર્ડર જારી કર્યા. જોકે, શરતો સાથે સંમત થયા પછી ટ્રમ્પે કેનેડા અને મેક્સિકો પરના ટેરિફને 30 દિવસ માટે મુલતવી રાખ્યા. ચીન પરનો ટેરિફ 4 ફેબ્રુઆરીથી અમલમાં આવ્યો.

ટ્રમ્પ પોતાના બીજા કાર્યકાળમાં ટેરિફ અંગે પણ ખૂબ આક્રમક છે. તેઓ તેનો ઉપયોગ અન્ય દેશોને તેમની શરતો સ્વીકારવા દબાણ કરવા માટે કરી રહ્યા છે. ટ્રમ્પ દ્વારા ટેરિફની ધમકી આપવામાં આવેલા દેશોમાં ભારત, બ્રાઝિલ અને યુરોપિયન યુનિયનનો પણ સમાવેશ થાય છે.



આ કહાનીમાં જાણીશું કે વિશ્વના દેશોને ચિંતા કરાવતો ટેરિફ શું છે અને ટ્રમ્પ તેના વિશે આટલા આક્રમક કેમ છે. જો ભારત પર ટેરિફ લાદવામાં આવે તો તેની શું અસર થશે...

સરળ શબ્દોમાં કહીએ તો, ટેરિફ એ બીજા દેશમાંથી આવતા માલ પર લાદવામાં આવતો કર છે. આ કર આયાત કરતી કંપની પર લાદવામાં આવે છે.

જેમ કે કોઈ અમેરિકન કંપની 10 લાખ રૂપિયાની કાર ભારત મોકલી રહી છે. ભારતે તેના પર 25% ટેરિફ લાદ્યો છે, તેથી કંપનીએ દરેક કાર પર ભારત સરકારને 2.25 લાખ રૂપિયાનો ટેક્સ ચૂકવવો પડશે. એટલે કે ભારતમાં આવ્યા પછી તે કારની કિંમત 12.25 લાખ રૂપિયા થશે.

ટ્રમ્પ ટેરિફ પર આટલા આક્રમક કેમ છે? ટ્રમ્પ ટેરિફ અંગે આક્રમક હોવાનું સૌથી મોટું કારણ અમેરિકાની વેપાર ખાધ ઘટાડવાનું છે. ટ્રમ્પ અમેરિકન કંપનીઓના કલ્યાણ માટે અને વિશ્વભરના દેશો સાથેના વેપાર અસંતુલનને સુધારવા માટે આ પગલું ભરી રહ્યા છે.

2023માં અમેરિકાને ચીન સાથે 30.2%, મેક્સિકો સાથે 19% અને કેનેડા સાથે 14.5%ની વેપાર ખાધનો સામનો કરવો પડશે. એકંદરે આ ત્રણેય દેશો 2023માં અમેરિકાના 670 બિલિયન ડોલર એટલે કે લગભગ 40 લાખ કરોડ રૂપિયાના વેપાર ખાધ માટે જવાબદાર છે. આ જ કારણ છે કે ટ્રમ્પે પહેલા આ દેશો પર ટેરિફ લાદ્યા હતા.

ટેરિફ લાદવાના ફાયદા શું છે? ખરેખર ટેરિફના બે ફાયદા છે. પ્રથમ, તે સરકાર માટે આવક ઉત્પન્ન કરે છે. બીજું, ભારતીય કંપનીઓ વિદેશી કંપનીઓ સાથે સ્પર્ધા કરવા સક્ષમ છે. ઉદાહરણ તરીકે, ચીની કંપનીઓ મોબાઈલ ફોન બનાવે છે. આ કંપની પોતાના ફોન વેચવા માટે અમેરિકા જાય છે.


પરંતુ ઘણી કંપનીઓ અમેરિકામાં પણ ફોન બનાવે છે. જો ચીની કંપનીઓ ત્યાં તેમના સસ્તા અને આકર્ષક ફોન વેચવાનું શરૂ કરશે તો અમેરિકન કંપનીઓને નુકસાન થશે. આ સાથે સરકારની આવક પર પણ અસર પડશે.

આવી સ્થિતિમાં સરકાર આવક મેળવવા અને સ્થાનિક કંપનીઓને રક્ષણ આપવા માટે ટેરિફ લાદશે.

# પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે સોંપી મોટી જવાબદારી...!

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

ભારતીય મૂળના પોલ કપૂરને ટ્રમ્પે મોટી જવાબદારી સોંપી છે. ડોનાલ્ડ ટ્રમ્પ વહીવટીતંત્રે ભારત-પાકિસ્તાન સુરક્ષા અને પરમાણુ મુદ્દાઓના નિષ્ણાત પોલ કપૂરને દક્ષિણ અને મધ્ય એશિયા માટે સહાયક વિદેશ મંત્રી તરીકે નોમિનેટ કર્યા છે. જો આવું થશે તો કપૂર દક્ષિણ એશિયા બ્યુરોનું નિરીક્ષણ કરનારા ભારતીય મૂળના બીજા અમેરિકન રાજદ્વારી બની જશે.



પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું છે કે, ‘કેલિફોર્નિયાના પોલ કપૂર દક્ષિણ એશિયાઈ બાબતો માટે સહાયક વિદેશ મંત્રી રહેશે. તેઓ ડોનાલ્ડ લુનું સ્થાન લેશે, જેમણે જો બાઈડેન શાસન દરમિયાન દક્ષિણ એશિયા બ્યુરોનું સંચાલન કર્યું હતું.’

અમેરિકા-ભારત સંબંધોના સમર્થક અને પાકિસ્તાનના ટીકાકાર પોલ કપૂર ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન દક્ષિણ એશિયા પર અમેરિકન વિદેશ વિભાગની નીતિ આયોજન ટીમનો હિસ્સો હતા. દક્ષિણ એશિયાઈ રાજકારણ પર વિશેષતા ધરાવતા અનેક પુસ્તકો લખનારા પોલ હાલમાં યુએસ નેવલ પોસ્ટગ્રેજ્યુએટ સ્કૂલમાં પ્રોફેસર તરીકે કામ કરી રહ્યા છે. તેઓ સ્ટેનફોર્ડ યુનિવર્સિટી ખાતે હૂવર ઈન્સ્ટિટ્યુશનમાં વિઝિટિંગ ફેલો પણ છે. કપૂર દ્વારા લખવામાં આવેલા પુસ્તકોમાં ‘Jihad as Grand Strategy: Islamist Militancy, National Security and the Pakistani State’ અને ‘Dangerous Deterrent: Nuclear Weapons Proliferation and Conflict in South Asia’ સામેલ છે. ભારતીય-અમેરિકન પોલ યુએસ સંરક્ષણ વિભાગ માટે કન્સલ્ટન્સી અને એન્ગેજમેન્ટ પ્રોજેક્ટ્સ પણ મેનેજ કરે છે. તેઓ સંરક્ષણ સહયોગ પર યુએસ-ભારત ટ્રેક 1.5 વાટાઘાટોનો પણ હિસ્સો છે. અમેરિકન પ્રમુખે પોતાના વહીવટમાં ઘણા ભારતીય-અમેરિકનોને મહત્તવપૂર્ણ હોદ્દાઓ પર નિયુક્ત કર્યા છે, જેમાં એફબીઆઈ ડિરેક્ટર તરીકે કાશ પટેલ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) પર વ્હાઈટ હાઉસ પોલિસી એડવાઈઝર તરીકે તરીકે શ્રીરામ કૃષ્ણનનો સામેલ છે.

### મોટાભાગના મૃત્યુ સુરક્ષા દળોની ગોળીથી થયા; પ્રદર્શનકારી વિદ્યાર્થીઓએ નવી પાર્ટી બનાવી

# રિપોર્ટ- બાંગ્લાદેશમાં હિંસાથી 2024માં 1400નાં મોત

(એજન્સી) ઢાકા | તા 13

સંયુક્ત રાષ્ટ્ર (UN)એ બુધવારે બાંગ્લાદેશમાં ગયા વર્ષે સરકાર વિરોધી વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનો પર થયેલા કડક કાર્યવાહી અંગે એક અહેવાલ બહાર પાડ્યો. યુએનનો દાવો છે કે આ કાર્યવાહીમાં 1400 લોકો માર્યા ગયા હતા. આમાંના મોટાભાગના લોકોના મૃત્યુ માટે સુરક્ષા દળો દ્વારા કરવામાં આવેલ ગોળીબાર જવાબદાર છે.

અહેવાલ મુજબ બાંગ્લાદેશી સુરક્ષા દળોએ આંદોલનને દબાવવા માટે મોટા પાયે ગોળીબાર, ધરપકડ અને ત્રાસનો આશરો લીધો. આ કાર્યવાહી રાજકીય નેતૃત્વ અને ઉચ્ચ સુરક્ષા અધિકારીઓના આદેશ પર કરવામાં આવી હતી. યુએનએ તેને ‘માનવતા વિરુદ્ધ ગુનો’ ગણાવ્યો છે અને આંતરરાષ્ટ્રીય તપાસની માગ કરી છે.

તમને જણાવી દઈએ કે, ગયા વર્ષે બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓએ તત્કાલીન વડાપ્રધાન શેખ હસીનાને ઉથલાવી પાડવા માટે મોટા પાયે પ્રદર્શન કર્યું હતું. સુરક્ષા દળોએ તેને દબાવવા માટે હિંસાનો આશરો લીધો. બાદમાં હસીનાને દેશ છોડીને ભારતમાં આશ્રય લેવો પડ્યો. હસીનાને ઉથલાવી પાડનારા આંદોલનકારી વિદ્યાર્થીઓએ હવે એક નવી પાર્ટી (નુતન બાંગ્લાદેશ પાર્ટી)ની રચનાની જાહેરાત કરી છે. વિદ્યાર્થીઓ આ માટે મોટા પાયે આયોજન કરી રહ્યા છે.

સત્તા સંભાળવાની તૈયારી કરી રહેલા આંદોલનકારી વિદ્યાર્થીઓ આંદોલન દરમિયાન રચાયેલા સંગઠનો, ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળ અને રાષ્ટ્રીય નાગરિક સમિતિએ કહ્યું છે કે તેઓ 25 ફેબ્રુઆરી પછી એક પાર્ટી શરૂ કરશે. આ માટે વિદ્યાર્થીઓ ‘તમારી નજરમાં નવું બાંગ્લાદેશ’ નામનું અભિયાન ચલાવીને લોકોના મંતવ્યો લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓ નવા પક્ષ દ્વારા સત્તા મેળવવાની તૈયારી કરી રહ્યા છે. ભેદભાવ વિરોધી વિદ્યાર્થી ચળવળના કન્વીનર હસનત અબ્દુલ્લાએ જણાવ્યું હતું કે, અમે હસીનાની સરમુખત્યારશાહીનો અંત લાવી દીધો છે પરંતુ સરમુખત્યારશાહીના બાકીના અવશેષો હજુ પણ ખતમ કરવાના બાકી છે. વિદ્યાર્થી નેતાઓ કહે છે કે લોકશાહીને સંસ્થાકીય બનાવવા માટે યુવાનો અને વિદ્યાર્થીઓની પાર્ટીની જરૂર છે.બીએનપીનો આરોપ, નવી પાર્ટી બનાવવામાં વચગાળાની સરકારનો હાથ હતો રાજકીય પક્ષ બનાવવાની જાહેરાત બાદ વચગાળાની સરકાર અને ખાલિદા ઝિયાની પાર્ટી બીએનપી વચ્ચે મતભેદ સર્જાયા છે. પાર્ટીના સંયુક્ત મહાસચિવ રુહુલ કબીર રિઝવીએ આરોપ લગાવ્યો કે આ પાર્ટી ગુપ્તચર એજન્સીની દેખરેખ હેઠળ બનાવવામાં આવી રહી છે. બીએનપી કહે છે કે આ નવી પાર્ટી ‘રાજાનો પક્ષ’ છે, જેને બનાવવામાં વચગાળાની સરકારનો હાથ છે. બીએનપી એ પણ શંકા વ્યક્ત કરી છે કે નવો પક્ષ સ્વતંત્ર હશે કે લશ્કરની કઠપૂતળી હશે.

સરકારમાં હાજર વિદ્યાર્થી નેતાઓ તરફથી રાજીનામાની માગ તમને જણાવી દઈએ કે નાહિદ ઈસ્લામ, આસિફ મહમૂદ અને અબુ બકર મજુમદાર નવી પાર્ટીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. નાહિદ આઈટીની જવાબદારી સંભાળી રહ્યા છે જ્યારે આસિફ વચગાળાની સરકારમાં રમતગમત મંત્રી છે. બીએનપીએ કહ્યું કે, જો વચગાળાની સરકાર પોતાનું વલણ નહીં બદલે તો અમારે તેમને હટાવીને ચૂંટણીઓ બોલાવવી પડશે.

# 82% અમેરિકનના મતે ભારતીયો ‘મતલબી’, ફક્ત આર્થિક તકોનો લાભ લે છે, મેક્સિકન આપણાં કરતાં સારા...!

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

અમેરિકામાં તાજેતરમાં થયેલો સરવે ત્યાં કાયદેસર રહેતાં ભારતીયો માટે ઘણો ચોંકાવનારો છે. તેની સાથે આ સરવે અમેરિકામાં ભારતીયો માટેના ચિંતાજનક ભવિષ્યનો પણ સંકેત પાઠવે છે. તાજેતરના સરવેમાં સામેલ 82 ટકા અમેરિકનોએ જણાવ્યું છે કે તે કાયદેસર રીતે રહેતા ભારતીયો કરતાં ગેરકાયદેસર રીતે રહેતા મેક્સિકનોને વધારે પસંદ કરે છે. ભારતીયો તેમની હાઈ સ્કીલ્ડ જોબ્સ લઈ લે છે. આ દર્શાવે છે કે અમેરિકનોમાં પ્રબળ માન્યતા છે કે કાયદેસર રીતે આવતા ભારતીયો તેમની હાઈસ્કીલ્ડ જોબ્સ લઈ લે છે. તેની સામે ગેરકાયદેસર રીતે રહેતા મેક્સિકનો ઉપરથી તેમની લો-સ્કીલ્ડ વર્કફોર્સની માંગ પૂરી કરે છે.

ઘણા લોકો આની પાછળ મેક્સિકો સાથેના સાંસ્કૃતિક જોડાણને પણ કારણભૂત ગણાવે છે. મેક્સિકો અને અમેરિકન સંસ્કૃતિમાં ખાસ તફાવત નથી. તેની સાથે મેક્સિકનો અમેરિકન સમાજમાં તરત જ ભળી જાય છે. તેનાથી વિપરીત ભારતીયો પોતાના જ ગ્રુપમાં રહે છે અને અમેરિકન સંસ્કૃતિને અપનાવતા નથી.

ભારતીયો પ્રત્યે અમેરિકનોનો આ ધિક્કાર દરેક સ્થળે ઉડીને આંખે વળગે છે. બીજું એક કારણ આર્થિક હોવાનું પણ મનાય છે. આજે અમેરિકામાં કાયદેસર રીતે વસતા ભારતીય માટે દસ લાખ ડોલરનું ઘર ખરીદવું સરળ છે. તેનાથી વિપરીત અમેરિકન માટે આ વાત સ્વપ્નવત્ છે. ભારતીયોના મોંઘા ઘરો અને ટેસ્લા જેવી મોંઘી કારોની માલિકીએ પણ ભારતીયો પ્રત્યેના ધિક્કારમાં વધારો કર્યો છે. આ લાગણીમાં વધારો કરવાનું એક કારણ ભારતીયો દ્વારા કરવામાં આવતું સંપત્તિનું વરવું પ્રદર્શન તથા દરેક પ્રસંગોએ લઈને કરવામાં આવતો ઘોંઘાટ છે. પછી તે હિન્દી ફિલ્મ હોય કે તહેવારોની ઉજવણી હોય. અમેરિકનોના મતે આ બધુ અમેરિકન સંસ્કૃતિમાં ફિટ બેસતું નથી. આના લીધે અમેરિકનોના ભારતીયો સામેના આક્રોશ અને ઈર્ષાનો અહીં સમન્વય થાય છે.

# સુનિતા વિલિયમ્સ ક્યારે ધરતી પર પાછી ફરશે? નાસાએ આપી લેટેસ્ટ તારીખ: ટ્રમ્પ સતત લઈ રહ્યા છે અપડેટ...

(એજન્સી) વોશિંગ્ટન | તા 13

નાસાએ માહિતી આપી છે કે સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને નક્કી કરેલા સમય કરતાં થોડા વહેલા પૃથ્વી પર પાછા લાવવામાં આવી શકે છે.

અવકાશમાં ફસાયેલી સુનિતા વિલિયમ્સની વાપસી અંગે સારા સમાચાર સામે આવ્યા છે. નાસાએ માહિતી આપી છે કે સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને નક્કી કરેલા સમય કરતાં થોડા વહેલા પૃથ્વી પર પાછા લાવવામાં આવી શકે છે. ઉલ્લેખનીય છે બંને અવકાશયાત્રી આઠ મહિના કરતાં વધુ સમયથી આંતરરાષ્ટ્રીય અંતરિક્ષ સ્ટેશન પર ફસાયેલા છે.

સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર ગયા વર્ષે જૂનથી અવકાશમાં ફસાયેલા છે. નાસાએ મંગળવારે જણાવ્યું હતું કે સ્પેસએક્સ આગામી અવકાશયાત્રી ઉડાન માટે કેપ્સ્યુલમાં ફેરફાર કરશે જેથી બુચ વિલ્મોર અને સુનિતા વિલિયમ્સને માર્ચના અંતમાં અથવા એપ્રિલની શરૂઆતમાં નહીં, પરંતુ માર્ચના મધ્યમાં જ પૃથ્વી પર પાછા લાવી શકાય.

નાસા અને સ્પેસએક્સ એજન્સીના સ્પેસએક્સ ક્રૂ-9 અવકાશયાત્રીઓ સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોરને શક્ય તેટલી વહેલી તકે સુરક્ષિત રીતે પાછા લાવવા માટે ઝડપથી કામ કરી રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ સુનિતા વિલિયમ્સની વાપસી વિશે માહિતી લઈ રહ્યા છે.

ડોનાલ્ડ ટ્રમ્પે ‘ટ્રુથ સોશિયલ’ પર જણાવ્યું હતું કે તેમણે એલન મસ્કની કંપની સ્પેસએક્સને માર્ચના અંત સુધીમાં બંને અવકાશયાત્રીઓની વાપસીની ખાતરી કરવા કહ્યું છે.



## કોઈ ગોળીબાર થયો નથી, પરિસ્થિતિ પર નજર; સરહદ પારથી ગોળીબારના સમાચાર હતા

# સેનાએ કહ્યું- પાકિસ્તાન સરહદ પર યુદ્ધવિરામ લાગુ...

શ્રીનગર | ભારતીય સેનાએ કહ્યું કે નિયંત્રણ રેખા (LoC) પર યુદ્ધવિરામ લાગુ છે. બંને સેનાઓ (ભારત અને પાકિસ્તાન) પરસ્પર સમજણ જાળવી રહી છે. હાલમાં LoC પર કોઈ ગોળીબાર થયો નથી. કોઈ નાની ઘટના પણ નથી થઈ. આ મુદ્દા પર પાકિસ્તાની સેનાના અધિકારીઓ સાથે ચર્ચા કરવામાં આવી છે. ભારતીય સેના સતર્ક છે અને પરિસ્થિતિ પર નજર રાખી રહી છે. અગાઉ, સમાચાર આવ્યા હતા કે બુધવારે મોડી રાત્રે જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં નિયંત્રણ રેખા પર પાકિસ્તાની સૈનિકોએ યુદ્ધવિરામનો ભંગ કર્યો હતો. ભારતીય સરહદ પર પાકિસ્તાન તરફથી ગોળીબાર કરવામાં આવ્યો હતો, જોકે, કોઈ નુકસાન થયું નથી.

સમાચાર એજન્સી પીટીઆઈના અહેવાલ મુજબ, ભારતીય સેનાએ પણ પાકિસ્તાની ગોળીબારનો જવાબ આપ્યો હતો. સેનાના સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય સેનાના જવાબી હુમલામાં ઘણા પાકિસ્તાની સૈનિકોને ભારે નુકસાન થયું છે.

તે જ સમયે, પાકિસ્તાની અધિકારીઓનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે, જેમાં તેઓ તેમના સૈનિકોને શ્રદ્ધાંજલિ આપતા જોવા મળે છે. કેટલાક અહેવાલોમાં 6 લોકોના મોત થયા હોવાનું જણાવાયું છે.



### 14 ફેબ્રુઆરી 2024: 20 મિનિટ સુધી ભારત અને પાકિસ્તાન વચ્ચે ગોળીબાર

14 ફેબ્રુઆરીની સાંજે 5.50 વાગ્યે પાકિસ્તાની રેન્જર્સે જમ્મુના મકવાલમાં બીએસએફ ચોકી પર ગોળીબાર કર્યો. આ ગોળીબારનો બીએસએફે પણ જવાબ આપ્યો. બીએસએફ અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને બાજુથી લગભગ 20 મિનિટ સુધી ગોળીબાર ચાલુ રહ્યો. જોકે, ગોળીબારમાં બીએસએફનો કોઈ જવાન ઘાયલ થયો નથી.

### 8 નવેમ્બર 2023: સાંબામાં સરહદ પર ગોળીબાર, બીએસએફ જવાન શહીદ

8 નવેમ્બર 2023એ પાકિસ્તાની રેન્જર્સે જમ્મુ-કાશ્મીરના સાંબા જિલ્લામાં નયનપુર ચોકી પર ગોળીબાર કર્યો. બીએસએફના જવાનોએ પણ ગોળીબારનો જવાબ આપ્યો. ગોળીબારમાં બીએસએફ જવાન લાલ ફર્ન કીમા ઘાયલ થયા હતા. સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું. ગોળીબાર બપોરે 12:20 વાગ્યે થયો હતો.

### 26 ઓક્ટોબર 2023: પાકિસ્તાને મોર્ટાર ફાયર કર્યા, બીએસએફ જવાન અને મહિલા ઘાયલ

પાકિસ્તાને 26 ઓક્ટોબરે જમ્મુના અરનિયા અને સુચેતગઢ સેક્ટરમાં યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું હતું. પાકિસ્તાની રેન્જર્સે રાત્રે 8 વાગ્યે આંતરરાષ્ટ્રીય સરહદ પર અચાનક ગોળીબાર શરૂ કરી દીધો. આમાં એક બીએસએફ સૈનિક અને એક મહિલા ઘાયલ થયા હતા.

### 17 ઓક્ટોબર 2023: 2021ના કરાર પછી પહેલી વાર યુદ્ધવિરામનો ભંગ

17 ઓક્ટોબરે ભારત-પાકિસ્તાન સરહદ પર પાકિસ્તાની રેન્જર્સે ગોળીબાર કર્યો હતો. આમાં બે બીએસએફ જવાન ઘાયલ થયા હતા. આ ઘટના સવારે 8:15 વાગ્યે આંતરરાષ્ટ્રીય સરહદ પર બની હતી. બીએસએફે કહ્યું હતું કે જવાન લાઈટ રિપેર કરવા માટે વીજળીના થાંભલા પર ચઢી રહ્યો હતો ત્યારે તેને ગોળી વાગી હતી.

# લોઢા ફાઉન્ડેશનના સૌજન્યથી અને મુંબઈ મ્યુ. કોર્પો.ના સહયોગથી મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દ્વારા નવનિર્મિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ચોકનું ઉદ્ઘાટન

(એજન્સી) મુંબઈ | તા. 13

મહારાષ્ટ્રના કેબિનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢાના વિઝન મુજબ, મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મુંબઈ મહાનગરપાલિકાના અગ્રણી સામાજિક સંગઠન લોઢા ફાઉન્ડેશનના સૌજન્યથી નવનિર્મિત પંડિત દીનદયાળ ઉપાધ્યાય ચોકનું ઉદ્ઘાટન મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ચોક મુંબઈમાં ધર્મવીર સ્વરાજ્ય રક્ષક છત્રપતિ સંભાજી મહારાજ સાગર કોસ્ટ રોડ પર સ્થિત ટાટા ગાર્ડન પાસે બનાવવામાં આવ્યો છે. કોસ્ટલ રોડ નજીક ભુલાભાઈ દેસાઈ રોડ પર સ્થિત આ નવા બનેલા ચોક પાસેના ટ્રાફિક આઈલેન્ડનું પણ સુંદરીકરણ કરવામાં આવ્યું છે. પંડિત દીનદયાળ ઉપાધ્યાયની પુણ્યતિથિ નિમિત્તે આયોજિત આ સ્ક્વેરના ઉદ્ઘાટન સમારોહમાં, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શ્રી ફડણવીસ, કેબિનેટ મંત્રી મંગલ પ્રભાત લોઢા, મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર ભૂષણ ગગરાણી અને લોઢા ફાઉન્ડેશનના અધ્યક્ષા શ્રીમતી મંજુ લોઢા ઉપરાંત, વિનોદ શુક્લા, પંડિત ઉપાધ્યાયના પરિવારમાંથી અતુલ જૈન, જાપાન અને શ્રીલંકાના કોન્સ્યુલેટના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવો સ્ટેજ પર હાજર રહ્યા હતા. આ ચોકમાં પંડિત દીનદયાળ ઉપાધ્યાયની એક આકર્ષક સ્કેચ પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે, જે તેમના જીવનની મુખ્ય ઘટનાઓ અને યોગદાન વિશે માહિતી આપે છે. લોઢા ફાઉન્ડેશનના અધ્યક્ષા શ્રીમતી મંજુ લોઢાએ જણાવ્યું હતું કે આ ચોરસ એ મહાન નેતાને સમર્પિત છે જેમણે વિશ્વને અભિન્ન માનવતાવાદનો મહત્વપૂર્ણ સિદ્ધાંત આપ્યો અને ગરીબોના ઉત્થાન માટે પોતાનું જીવન સમર્પિત કર્યું. આ પ્રસંગે શ્રીમતી મંજુ લોઢાએ બાંધકામ પ્રક્રિયામાં સામેલ વિવિધ કામદારોને ઉપયોગી કપડાંનું વિતરણ કર્યું, જે પ્રાપ્ત થતાં દરેકના ચહેરા પર સ્મિત આવી ગયું.



## સુપ્રીમ કોર્ટે બોમ્બે હાઈકોર્ટને ફટકાર લગાવી કહ્યું,

# અનૈતિક પત્ની, વફાદાર માલકિન જેવા શબ્દો સ્ત્રી વિરોધી; આ જીવનના મૂળભૂત અધિકારનું ઉલ્લંઘન

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

સુપ્રીમ કોર્ટે બુધવારે બોમ્બે હાઈકોર્ટને ફટકાર લગાવી હતી. છૂટાછેડાના કેસમાં, હાઈકોર્ટે મહિલા માટે 'અનૈતિક પત્ની' અને 'વફાદાર માલકિન' જેવા શબ્દોનો ઉપયોગ કર્યો હતો. ન્યાયાધીશ અભય એસ ઓકા, ન્યાયાધીશ હસનુદ્દીન અમાનુલ્લાહ અને ન્યાયાધીશ ઓગસ્ટિન જ્યોર્જ મસીહની બેન્ચે જણાવ્યું હતું કે આવા શબ્દો મહિલા વિરોધી છે અને તેનો ઉપયોગ મહિલાઓના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન છે. બેન્ચે કહ્યું કે આવા શબ્દોનો ઉપયોગ બંધારણના સિદ્ધાંતો અને આદર્શોની વિરુદ્ધ છે. કમનસીબે, બોમ્બે હાઈકોર્ટે અનૈતિક પત્ની શબ્દનો ઉપયોગ કરવાની હદ સુધી જઈને આમ કર્યું. નવાઈની વાત એ છે કે ફકરા 24માં હાઈકોર્ટે આવી પત્નીને વફાદાર માલકિન તરીકે પણ વર્ણવી છે. બેન્ચે કહ્યું કે બંધારણની કલમ 21 હેઠળ, દરેક વ્યક્તિને ગૌરવપૂર્ણ જીવન જીવવાનો મૂળભૂત અધિકાર છે. કોઈ મહિલાને ગેરકાયદેસર પત્ની અથવા બેવફા રખાત કહેવાથી ભારતીય બંધારણની કલમ 21 હેઠળ તે મહિલાના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન થશે. **બેન્ચે કહ્યું:** જે જીવનસાથીના લગ્ન 1955ના કાયદાની કલમ 11 હેઠળ રદબાતલ જાહેર કરવામાં આવ્યા છે, તે 1955ના કાયદાની કલમ 25 ટાંકીને બીજા જીવનસાથી પાસેથી કાયમી ભરણપોષણ અથવા ભરણપોષણ મેળવવાનો હકદાર છે. તેમાં કહેવામાં આવ્યું છે કે કાયમી ભરણપોષણની આવી રાહત આપી શકાય છે કે નહીં તે હંમેશા દરેક કેસના પુરાવા અને પક્ષકારોના વર્તન પર આધાર રાખે છે. કલમ 25 હેઠળ રાહત આપવી એ હંમેશા વિચારપૂર્વકનો નિર્ણય રહેશે. કલમ 24 માં દર્શાવેલ શરતો પૂર્ણ કરવી આવશ્યક બેન્ચે કહ્યું – જો કોર્ટ એવા નિષ્કર્ષ પર પહોંચે કે પક્ષકારો વચ્ચેના લગ્ન રદબાતલ છે. તેથી, કલમ 24માં ઉલ્લેખિત શરતો પૂર્ણ થાય ત્યાં સુધી કાયદા હેઠળની કાર્યવાહીનો અંતિમ નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટને ભરણપોષણ આપવાથી રોકી શકાય નહીં. કોર્ટે કહ્યું કે કલમ 24 હેઠળ પ્રાર્થનાનો નિર્ણય લેતી વખતે, કોર્ટે હંમેશા પક્ષકારના વર્તનને ધ્યાનમાં લેવું જોઈએ કારણ કે તેના હેઠળ રાહત આપવી એ હંમેશા વિચારણાનો વિષય છે.

**પશ્ચિમ રેલવે - અમદાવાદ ડિવિઝન**

**વ્યાપક વાર્ષિક જાળવણી કરારની જોગવાઈ**

**ટેન્ડર આમંત્રણ સૂચના નં : Sr.DEE/ADI/64 (24-25) તારીખ 07.02.2025 ટેન્ડર નંબર :** EL-50-1-ADI-T-83-2024-25 **કામનું નામ :** 03 વર્ષ માટે અમદાવાદ ડિવિઝન વિવિધ સ્થાન પર વિવિધ ક્ષમતાઓના એસી યુનિટના વ્યાપક વાર્ષિક જાળવણી કરારની જોગવાઈ, મંડલ રેલવે હોસ્પિટલ સાબરમતીમાં એસી પ્લાન્ટના સંચાલન અને જાળવણીની જોગવાઈ તથા QAG રિલે રૂમ ડીઝલ લોકો શેડ સાબરમતીમાં એસી યુનિટ્સ પૂરા પાડવાના સંબંધિત ઇલેક્ટ્રિકલ કાર્યો. **અંદાજિત કિંમત :** ₹40,07,391.05/- **અર્નેસ્ટ મની :** ₹80,200/- **ટેન્ડર ફોર્મ જમા કરાવવાની છેલ્લી તારીખ અને સમય:** 11.03.2025 ના રોજ 15:00 કલાક સુધીમાં. **ટેન્ડર ફોર્મ ખોલવાની તારીખ અને સમય :** 11.03.2025 ના રોજ 15.30 કલાકે. **ઓફિસનું સરનામું :** સિનિયર. વિભાગીય વિદ્યુત ઇજનેર ડી.આર. એમ. ઓફિસ, ચામુંડા પુલ પાસે, જી. સી. એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ - 382345 **વેબસાઇટ સરનામું:** www.ireps.gov.in 320

અમને લાઇક કરો: facebook.com/WesternRly

## ભાજપે કહ્યું- ગૌરવ ગોગોઈની પત્નીનો ISI સાથે સંબંધ...

# કોંગ્રેસના સાંસદે કહ્યું- ...તો પછી હું RAW એજન્ટ છું; આસામના મુખ્યમંત્રીએ તપાસની માગ કરી...

(એજન્સી) નવી દિલ્હી/ગુવાહાટી | તા. 13

ભાજપના પ્રવક્તા ગૌરવ ભાટિયાએ કોંગ્રેસના સાંસદ ગૌરવ ગોગોઈ પર આરોપ લગાવ્યો કે ગોગોઈની પત્નીના પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI સાથે સંબંધો છે. ભાટિયાએ કહ્યું- રાહુલ ગાંધીએ થોડા દિવસો પહેલા કહ્યું હતું કે તેમની લડાઈ ભારતીય રાજ્ય સાથે છે. હવે ગોગોઈની પત્નીના પાકિસ્તાનની ISI સાથેના સંબંધો પ્રકાશમાં આવ્યા છે.

તેમણે કહ્યું કે ગોગોઈની પત્ની એલિઝાબેથ કોલબર્ન પાકિસ્તાન પ્લાનિંગ કમિશનના સલાહકાર અલી તૌકીર શેખ સાથે કામ કરતી હતી. રાહુલ ગાંધી અને ગોગોઈ ભારતને નબળું પાડી રહ્યા છે. તે જ સમયે, આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ સરકાર પાસેથી તપાસની માંગ કરી છે.

લોકસભામાં વિપક્ષના નાયબ નેતા ગોગોઈએ આરોપોને ખોટા ગણાવ્યા. તેમણે કહ્યું- જો મારી પત્ની પર ISI એજન્ટ હોવાનો આરોપ છે, તો મને પણ RAW એજન્ટ કહી શકાય.

તેમણે કહ્યું કે ભાજપ પાસે કોઈ મુદ્દો નથી તેથી તે આવા પાયાવિહોણા આરોપો લગાવી રહી છે. લોકસભા ચૂંટણી પહેલા પણ ભાજપે તેમને અને તેમના પરિવારને બદનામ કરવા માટે આવી જ ઝુંબેશ ચલાવી હતી.



ગોગોઈએ કહ્યું કે આસામ વિધાનસભા ચૂંટણી માટે હજુ એક વર્ષ બાકી છે, પરંતુ એવું લાગે છે કે ભાજપ નબળો પડી ગયો છે. લોકો ભાજપમાંથી વિશ્વાસ ગુમાવી રહ્યા છે, તેથી જ તેમણે મારા પર આ આરોપો લગાવ્યા છે. મને આરોપો સામે કોઈ વાંધો નથી. ગોગોઈએ કહ્યું- જો મારી પત્ની પાકિસ્તાનની ISI એજન્ટ છે, તો હું ભારતનો RAW એજન્ટ છું. જે પરિવાર પર અનેક કેસ અને અનેક આરોપો છે, તે મારા પર આરોપો લગાવે તો મને કોઈ વાંધો નથી.

આસામના મુખ્યમંત્રી ફક્ત તેમના પરના આરોપો પરથી ધ્યાન હટાવવા માટે આ આરોપો લગાવી રહ્યા છે.

આસામના સીએમ શર્માની માગ- પાકિસ્તાન કનેક્શનની તપાસ થવી જોઈએ સીએમ શર્માએ કહ્યું કે ગોગોઈ જવાબ આપ્યા વિના રહી શકે નહીં. મુખ્યમંત્રીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું કે પાકિસ્તાન દૂતાવાસ દ્વારા ભારતીય યુવાનોના કટ્ટરપંથીકરણ અને બ્રેઇન વોશના આરોપોની સંપૂર્ણ તપાસ થવી જોઈએ. તેમણે કહ્યું કે ગોગોઈએ ISI સાથેના તેમના સંબંધો, યુવાનોને બ્રેઈનવોશ કરવા અને કટ્ટરપંથીકરણ માટે પાકિસ્તાન દૂતાવાસમાં લઈ જવા અને છેલ્લા 12 વર્ષથી ભારતીય નાગરિકતા સ્વીકારવાનો ઈનકાર કરવાના આરોપો અંગેના ગંભીર પ્રશ્નોના જવાબ આપવા જોઈએ.

હકીકતમાં, તાજેતરમાં કેટલાક મીડિયા અહેવાલોમાં ગૌરવ ગોગોઈ અને તેમની પત્નીના પાકિસ્તાની એજન્સી સાથેના સંભવિત સંબંધો અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકતી તેમની પ્રવૃત્તિઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આ અહેવાલોએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવી દીધો છે.

# 'પંજાબમાં હારશે તો AAPનું ભવિષ્ય જોખમમાં મૂકાશે...', દિગ્ગજ રાજકીય નિષ્ણાતની ભવિષ્યવાણી

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ ફરી એકવાર તેના ભવિષ્યને લઈને સવાલ ઊભા થઈ રહ્યાં છે. આશરે એક દાયકા પહેલાં ભ્રષ્ટાચાર વિરોધી આંદોલનના ખોળે જન્મેલી પાર્ટી પોતાના ગઢમાં 22 બેઠકો પર સમેટાઈ ગઈ છે. આ સિવાય પાર્ટીના પ્રમુખ અરવિંદ કેજરીવાલ સહિત તમામ મોટા નેતા પણ પોતાની બેઠક બચાવી નથી શક્યાં. દિલ્હીમાં આવી કારમી હાર બાદ પંજાબમાં પાર્ટી તૂટવાના જોખમ વિશે વાત કરવામાં આવી તો પાર્ટીના ભવિષ્યને લઈને ચર્ચા શરૂ થઈ ગઈ. આ દરમિયાન પાર્ટીના સંસ્થાપક સભ્યોમાં સામેલ યોગેન્દ્ર યાદવે પણ આશંકા વ્યક્ત કરી છે. જાણીતા રાજકીય વિશ્લેષક અને સ્વરાજ ઈન્ડિયા પાર્ટીના સહ સંસ્થાપક યોગેન્દ્ર યાદવે એક ઈન્ટરવ્યુ દરમિયાન પંજાબમાં પણ આમ આદમી પાર્ટીની હારની સંભાવના વ્યક્ત કરી છે 2015માં આમ આદમી પાર્ટીમાંથી નિષ્કાષિત કરવામાં આવેલાં યોગેન્દ્ર યાદવને કહ્યું કે, તે કારણ પણ જણાવે જેને લઈને તેમના મનમાં અરવિંદ કેજરીવાલની પાર્ટીને લઈને આશંકાઓ છે.

# દિલ્હીમાં RSS કાર્યાલય કેશવ કુંજનું નવું બિલ્ડિંગ તૈયાર : 150 કરોડનો ખર્ચ

(એજન્સી) નવી દિલ્હી | તા. 13

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ના દિલ્હી કાર્યાલય 'કેશવ કુંજ' નું નવું બિલ્ડિંગ તૈયાર છે. આ સંસ્થા 1962 થી અહીં કાર્યરત છે. નવું બાંધકામ 2018માં શરૂ થયું હતું અને 8 વર્ષ પછી પૂર્ણ થવાનું છે.તેને ગુજરાતના આર્કિટેક્ટ અનુપ દવેએ ડિઝાઈન કર્યું છે. આ ઈમારતને આધુનિક અને જૂનો દેખાવ આપવામાં આવ્યો છે. 150કરોડ રૂપિયાના ખર્ચે બનેલ, 3.75 એકરમાં ફેલાયેલ, નવી ઓફિસમાં ત્રણ 12 માળના ટાવર છે - સાધના, પ્રેરણા અને અર્ચના. આમાં 300 રૂમ-ઓફિસો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ રકમ 75 હજાર લોકોએ દાનમાં આપી હતી. મુખ્ય સભાગૃહ વિશ્વ હિન્દુ પરિષદ (VHP)ના નેતા અશોક સિંઘલની યાદમાં બનાવવામાં આવ્યું છે, જેઓ અયોધ્યામાં રામ મંદિરના મુખ્ય સમર્થકોમાંના એક હતા. તેમાં 463 લોકો બેસી શકે છે, જ્યારે બીજા હોલમાં 650 સભ્યો બેસી શકે છે. આ ઈમારતમાં એક પુસ્તકાલય, આરોગ્ય ક્લિનિક (5 બેડ) અને ગટર શુદ્ધિકરણ પ્લાન્ટ પણ છે. આ હોસ્પિટલમાં વિસ્તારના ગરીબ લોકો સારવાર મેળવી શકશે. અને બહારના લોકો પણ પુસ્તકાલયનો ઉપયોગ કરી શકશે. 19 ફેબ્રુઆરીના રોજ કાર્યકર્તા સંમેલનનું આયોજન મીડિયા રિપોર્ટ્સ અનુસાર, RSS વડા મોહન ભાગવત અને મહાસચિવ દત્તાત્રેય હોસાબલે 19 ફેબ્રુઆરીએ આ કાર્યાલયથી પોતાનું કાર્ય શરૂ કરશે. RSSની વાર્ષિક અખિલ ભારતીય પ્રતિનિધિ સભા 21 થી 23 માર્ચ દરમિયાન બેંગલુરુમાં યોજાશે.

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**પે એન્ડ યુઝના કરાર માટે ઈ-હરાજી**

ઉપરોક્ત સંદર્ભમાં, પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી 27.02.2025 ના રોજ યોજાશે. ઈ-હરાજી 27.02.2025 ના રોજ સવારે 11:00 વાગ્યે શરૂ થશે. આ કેટલોગ પહેલાથી જ www.ireps.gov.in વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવ્યો છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:

| કેટલોગ નં | કરારના પ્રકારો | લોટ નં. | કરારનો સમયગાળો |
|---|---|---|---|
| C331-PnU-270225 | પે એન્ડ યુઝ | PnU-BRC-AKV-Toi-4-25-1 (પે એન્ડ યુઝ ટોયલેટ) અંકલેશ્વર રેલવે સ્ટેશન | 03 વર્ષ |
| | | PnU-BRC-KIM-Toi-2-25-1 (પે એન્ડ યુઝ ટોયલેટ) કિમ રેલવે સ્ટેશન | 03 વર્ષ |

304

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન**

**એન્જિનિયરિંગ કાર્ય**

**ટેન્ડર આમંત્રણ સૂચના: DRM-BRC 128 to 129 OF 2024-25** ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના વતી ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 390 004 દ્વારા નીચેના કામો માટે સીલબંધ ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે. **ટેન્ડર સંખ્યા :** DRM BRC 128 વર્ષ 2024-25 **કામનું નામ :** પ્રતાપનગર :- સ્વિમિંગ પૂલ અને તેના પરિસરની સફાઈ અને જાળવણી, જેમાં ૨૪ મહિના માટે નિર્ધારિત સમયપત્રક મુજબ લાઇફગાર્ડ સેવાઓ પૂરી પાડવાનો સમાવેશ થાય છે. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹21,11,760.00 **જમા કરવાની બિડ સિક્યોરિટી (રૂ.માં) :** ₹42,200.00 **ટેન્ડર નંબર :** DRM BRC 129 વર્ષ 2024-25 **કામનું નામ :** વડોદરા (P) - હાલની વેઇટિંગ રૂમ ડ્રેનેજ લાઇનને VMC ડ્રેનેજ લાઇન સાથે ફરીથી જોડવાનું અને અન્ય સંબંધિત કામો. **કામનો અંદાજિત ખર્ચ (રૂ.માં) :** ₹58,09,024.74 **જમા કરવાની બિડ સિક્યોરિટી :** ₹1,16,200.00 **ટેન્ડર જમા અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય :** ટેન્ડર 05.03.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાના રહેશે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવામાં આવશે. **વેબસાઇટની વિગતો અને સંપૂર્ણ વિગતો જોઈ શકાય તેવા સ્થાન અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તેવા કાર્યાલયનું સરનામું :** ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા - 4 **વેબસાઇટ @ www.ireps.gov.in** 305

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**JANA SMALL FINANCE BANK** (એક સુનિશ્ચિત વ્યાપારી બેંક)

મુખ્ય ઓફિસ :- ધ ફેયરવે, ભોંયતળિયે અને પ્રથમ માળ, સર્વે નં. :- 10/1,11/2 & 12/2B, ડોમલૂર બહાર, કોરમંગલા આંતરિક રિંગ રોડ, EGL બિઝનેસ પાર્કની બાજુમાં, ચલ્લાઘટ્ટા, બેંગલોર -560071.

**સોનાના દાગીનાની હરાજી માટે જાહેર સૂચના**

આ નીચે દર્શાવેલ ઉધાર લેનારાઓ અનેક રીમાઈન્ડર છતાં નિર્ધારિત સમયમાં લોનની ચુકવણી કરવામાં અને સોનાના દાગીના રિડીમ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નીચે સૂચિબદ્ધ ઉધાર લેનારાઓ દ્વારા ઉપરોક્ત લોન ખાતાઓ હેઠળ ગીરવે મૂકેલ સોનાના દાગીના/આભૂષણો 27-02-2025 ના રોજ સવારે 10:30 વાગ્યે અમારી શાખા પરિસરમાં જાહેર/ઓનલાઈન/ખાનગી હરાજીમાં વેચવામાં આવશે. ભાગ લેવા ઈચ્છુકોએ શાખાનો સંપર્ક કરવા વિનંતી છે. બેંક કોઈપણ કારણ આપ્યા વગર કોઈપણ બિડ સ્વીકારવા કે નકારવાનો અધિકાર અનામત રાખે છે. મહેરબાની કરીને નોંધ કરો કે જો હરાજી તે જ દિવસે પૂર્ણ ન થાય, તો તે જ નિયમો અને શરતો પર તે પછીના દિવસોને અનુસરશે. જો ગ્રાહકનું અવસાન થયું હોય તો હરાજીને લગતી તમામ શરતો નોમિની/કાનૂની વારસદારને લાગુ પડશે. ઋણ લેનાર આથી હરાજીની તારીખ પહેલાં અદ્યતન વ્યાજ અને આનુષંગિક ખર્ચ ચૂકવે છે, જેમાં નિષ્ફળ થવા પર ગીરવે રાખેલા સોનાના ઘરેણાં વેચવામાં આવશે અને બાકી લેણાં જો કોઈ હોય તો વ્યાજ અને કિંમત સાથે વસૂલ કરવામાં આવશે. કોઈપણ પ્રશ્નો અને નિયમો અને શરતો માટે શાખાનો સંપર્ક કરો. શાખા સરનામાની વિગતો માટે www.janabank.com ની મુલાકાત લો.

| ક્રમ નં. | લોન એકાઉન્ટ નંબર | ઉધાર લેનાર /સહ-ઉધાર લેનાર નું નામ | ગીરવે મૂકેલા સોનાના દાગીનાનું કુલ વજન |
|---|---|---|---|
| 1 | 32118160000520 | મનીષકુમાર કનૈયાલાલ બારોટ | 10.25 |
| 2 | 32118160000661 | સચિનસિંહ કાનસિંહ રાજપૂત | 6.96 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 2જો માળ, મેઘદર્શન કોમ્પલેક્ષ, ઓફિસ નં 3 અને 4, મેહલ પાર્ક, સર્કિટ હાઉસ સામે, પાલનપુર હાઈવે, 385001 ભારત | |
| 3 | 32140670000018 | મહેબૂબભાઈ મુલતાની | 156.9 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ 3જો માળ, હોલ નં 4, પ્લોટ નં 24, 25, 26, સર્વે નં 63, હેત બિલ્ડ કેર, નાલંદા આર્કેડ, પૈકીમ, મોજે ખેકપુર, મોડાસા, 383315, ડિસ્ટ્રીક્ટ અરાવલી ભારત | |
| 4 | 32108730005562 | ઠાકોર હિતૈન્દ્રજી | 8.1 |
| 5 | 32108730005536 | ભરવાડ સંજય બાબુભાઈ | 8.2 |
| 6 | 32108160000471 | ઠાકોર તખાજી | 16.7 |
| 7 | 32108730005727 | જોષી જયેશ ભીખાલાલ | 3.76 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 3 જો માળ, કૃષ્ણમ્ પ્લાઝા, ઓફિસ નં ટી 11-12-13-14, આર એસ નં 1040, ડિસ્ટ્રીક્ટ કોર્ટ સામે, પાટણ 384265 ભારત. | |
| 8 | 36498730011969 | કાર્તિક નિતીનભાઈ ભલારા | 6.07 |
| 9 | 36498730012896 | રવિકૂમાર ભીમ પાસવાન | 29.94 |
| 10 | 36498730012985 | મકવાણા જયદીપ ભાનુભાઈ | 3.84 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ પહેલા માળે, નં 113, 114, 115 અને 116, લોટસ આર્કેડ, ભક્તિધગર સ્ટેશન પ્લોટ, સત્ય વિજય આઈસ્ક્રીમ સામે, ગોંડલ રોડ, રાજકોટ 360002 ભારત | |
| 11 | 33998740002041 | પાર્થકુમાર ડોબરીયા | 43.7 |
| 12 | 33998730018795 | વાસંતી દરબાર | 10.1 |
| 13 | 33998740002203 | ડોડીયા નટુભાઈ નાનજીભાઈ | 25.36 |
| 14 | 33998730017803 | કુશવાહ ઉમેશભાઈ | 4.7 |
| 15 | 33998740002271 | જીતેન્દ્રસિંહ અજમેરસિંહ રાઠોડ | 16.11 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે, સર્વે નં 421, વેદ બંગલો, એરપોર્ટ રોડ, નાના ચિલોડા, અમદાવાદ નરોડા 382361 ભારત | |
| 16 | 31998160001321 | પગી અનુપસિંહ | 11.93 |
| 17 | 31998730006885 | ભાવનાબેન રાકેશ | 7.97 |
| 18 | 31998160001229 | નરેન્દ્રકુમાર પટેલ | 26.63 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે 312, શ્રી નિવાસ, અયોધ્યા પુરી સોસાયટી, નંદ કોમ્પલેક્ષ પાસે, બમરોલી રોડ, ગોધરા 389001 | |
| 19 | 30718730004960 | શેખ શહનાઝ બાનુ | 5.53 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1લો માળ,/શોપ નં120-121, શ્રીજી આર્કેડ, આસપાસ તીન રસ્તા પાસે, ગોડાદરા ડિંડોલી રોડ, સુરત ગુજરાત 394210 | |
| 20 | 33468740000780 | ગુપ્તા મીના | 11.74 |
| 21 | 33468740000840 | પટેલ પ્રતીક મહેન્દ્રભાઈ | 71.02 |
| 22 | 33468740001221 | રાજપુત સંજીત | 37.38 |
| 23 | 33460670000059 | ચૌહાણ તીર્થરાજ કિશોરસિંહ | 190.3 |
| 24 | 48070670000010 | પટેલ ભરતકુમાર બાબુલાલ | 139.9 |
| 25 | 33468740000751 | જયશ્રીબેન કિર્તીભાઈ | 51.93 |
| 26 | 33468740000741 | જયશ્રીબેન કિર્તીભાઈ | 28.66 |
| 27 | 33468740001283 | પટણી રાહુલ | 24.44 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1લો માળ, શોપ ન 115 અને 116, નમસ્કાર સર્કલ પાસે, સ્વામી નારાયણ મંદિર સામે, શાહિબાગ અમદાવાદ ગુજરાત 380004 ભારત | |
| 28 | 33548160000441 | ભરવાડ નારાયણભાઈ | 27.75 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, 1લો માળ, શોપ નં 1, એ ટાવર, સિગ્નેટ પ્લાઝા, કૃણાલ ચાર રસ્તા, ગોત્રી રોડ વડોદરા 390021 ભારત | |
| 29 | 31808730015301 | પટેલ અરવિંદભાઈ શિવાભાઈ | 16.64 |
| 30 | 31808730015340 | સાહિલકુમાર વાઘેલા | 5.03 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ દત્ત આર્કેડ, 1લો માળ, શોપ નં 6 અને 7, નડીયાદ સિટી, લાખાવાડ પાર્ટી, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયા રિજનલ ઓફિસ પાસે, નડીયાદ પેટલાદ રોડ, તાલુકા નડિયાદ નડીયાદ 387002 | |
| 31 | 31498740000411 | પટેલ કૌશિક મુલજીભાઈ | 53.38 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે શાંતિ હાઈટ્સ, શોપ નં 4, વડોદરીયા પાર્ક, વાઘવાડી રોડ, ભાવનગર ગુજરાત 364001 | |
| 32 | 30978740000838 | સંગીતાબેન જાધવ | 79.69 |
| 33 | 30978740000775 | પરમાર પ્રતીક | 39.65 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે નં 2 એ અને પહેલા માળે શોપ નં એફએફ 2એ, સાત્વેદ કોમ્પલેક્ષ, સરદાર પટેલ બાવળા પાસે, સરદાર પટેલ રોડ, નવરંગપુરા અમદાવાદ 380013 | |
| 34 | 31798160000602 | હરેશકુમાર પ્રભાતભાઈ રબારી | 16.03 |
| 35 | 31798730006461 | નટવરસિંહ કાલુસિંહ પરમાર | 10.07 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ આર એસ નં 871/11, પ્રોટ નં 51 થી 73, રત્નસાગર કોમ્પલેક્ષ, 2 જો માળ, શોપ નં 51 થી 55, સહકાર જીન રોડ, કંકોલ ગામ, હિમ્મતનગર 383001 ભારત | |
| 36 | 33368730022666 | રોહિત વણઝારા | 6.04 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ શોપ નં 101 અને 102, ગણેશ પ્લાઝા અજીત મિલ ચાર રસ્તા, રખીયાલ, અમદાવાદ 380023 ભારત | |
| 37 | 32408730004911 | હલપતિ મનીષાબેન | 4 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે, શોપ નં 1, રુદ્ર આર્કેડ, વિનય મેડિકલ ખાતે, ફોનવાલે સામે, હાલાર રોડ વલસાડ 396001 ભારત | |
| 38 | 30748730007350 | કમલા જાડેજા | 28.93 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ, રિદ્ધિસિદ્ધિ કોમ્પલેક્ષ, 101-102, 1લો માળ, મહિલા કોલેજ રોડ, સ્ત્રી વિકાસ ગૃહની સામે, પટેલ કોલોની જામનગર 361008 | |
| 39 | 33028730015515 | નિતાબેન મદ્રાસી | 3.54 |
| 40 | 33028730014907 | પાર્વતીબેન સુરેશભાઈ | 3.75 |
| 41 | 33028730016518 | રેણુ દેવી ગૌડ | 4.95 |
| 42 | 33028730017764 | જ્યોતિ બબલુ | 5.25 |
| 43 | 33028730017215 | સોનલબેન પ્રવિણભાઈ | 2.5 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ શોપ નં21, 22, 23, પહેલાં માળ, રુદ્ર ગ્રીન, જુના નારોલ કોર્ટ સામે, નારોલ અમદાવાદ 382405 | |
| 44 | 48348160000764 | ઝાલા અશ્વિધકુમાર ઈશ્વરભાઈ | 23.76 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ ભોંયતળિયે જનમંગલ કોમ્પલેક્ષ, શોપ નં 4, 5, 6, , રિલાયન્સ પેટ્રોલ પંપ સામે, બાયડ પિનકોડ 383325 | |
| 45 | 45168740000430 | રૂદાજી મેઘવાલ | 45.44 |
| 46 | 45168740000686 | ચારપોટ કિરણકુમાર | 54.62 |
| 47 | 45168730001736 | કૌશલ જીગ્નેશ જીગ્નેશ | 4.75 |
| 48 | 45168740000634 | પ્રજ્ઞાબેન સોલંકી | 17.25 |
| 49 | 45168730001890 | પરમાર પ્રભુદાસ | 8.76 |
| 50 | 45168740000597 | પ્રફુલકુમાર પરમાર | 42.98 |
| 51 | 45168740000545 | મનીષ મકવાણા | 14.79 |
| | | જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ રૂમ નં 101, 1 લો માળ, સિગ્મા આર્કેડ, વિજય સેલ્સ ઉપર, વિસત પેટ્રોલ પંપ પાસે, સર્વે નં 224એ+બી, ટીપી નં.21, ફાઈનલ પ્લોટ નં 141/04, અમદાવાદ ગુજરાત 382424 | |

સ્થળ :- ગુજરાત
તારીખ :-14-02-2025

Sd/-, અધિકૃત અધિકારી
જના સ્મોલ ફાઈનાન્સ બેંક લિમિટેડ

## બનાસકાંઠામાં ભૂકંપના આંચકા અનુભવાયા

રાજ્યમાં બનાસકાંઠા જિલ્લામાં 3.8ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા. જેનું કેન્દ્રબિંદુ પાલનપુર શહેરથી 34 કિલોમીટર દૂર નોંધાયું હતું. બનાસકાંઠા જિલ્લામાં આજે ગુરુવાર સાંજે 5:28 કલાકે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપના આંચકાને કારણે દાંતીવાડા, ઈકબાલગઢ અને આસપાસના વિસ્તારોમાં લોકોમાં ગભરાટ ફેલાયો. જ્યારે રાજસ્થાનમાં પણ ભૂકંપ આવ્યો હોવાના અહેવાલ મળી રહ્યા છે. બનાસકાંઠા સાંજે જિલ્લામાં 3.8ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ડરનો માહોલ છવાયો હતો.


# સિટી એક્સપ્રેસ

FRIDAY 14 FEBRUARY-2025

AHMEDABAD


## અમદાવાદ CBI કોર્ટે ડોક્ટરને ત્રણ વર્ષની કેદની સજા કરી

અમદાવાદ CBI કોર્ટે એર ઈન્ડિયા, મુંબઈના તત્કાલીન ડૉક્ટર સુરેશ ભગતકરને લાંચના કેસમાં દોષી ઠરાવી ત્રણ વર્ષની કઠોર કેદ તથા એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે. CBIએ 3 જાન્યુઆરી, 2011ના રોજ આ કેસ નોંધ્યો હતો. આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર અને લાંચ લેવા સંબંધિત આક્ષેપો કરવામાં આવ્યા હતા. આરોપીએ એક વ્યક્તિની એર ઈન્ડિયા એયર ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન લિમિટેડ, જે એર ઈન્ડિયા લિમિટેડની એક પેટાકંપની છે. તેમાં સિક્યુરિટી એજન્ટ તરીકે નિમણૂક માટે મેડિકલ તપાસ કરી હતી.



### 15મીથી સેક્ટર 1 અને ગિફ્ટ સિટી સુધી દોડશે મેટ્રો

# અમદાવાદ-ગાંધીનગરના મુસાફરો માટે ખુશખબર

(એજન્સી) અમદાવાદ । તા. 13

અમદાવાદ અને ગાંધીનગર વચ્ચેના અંતરને જોડવા માટે અને દરરોજ ગાંધીનગરથી અમદાવાદ અવર જવર કરનારા માટે મેટ્રો ટ્રેનની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ત્યારે અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ડાયરેક્ટ કનેક્ટિવિટી અને ટ્રેન ફ્રિકવન્સી વધારવાને લઈને મેટ્રો રેલ સેફ્ટી કમિશનરે મંજૂરી આપી છે. જેમાં આગામી 15 ફેબ્રુઆરીથી APMCથી સેક્ટર 1 અને ગિફ્ટ સિટી સુધીની ટ્રેન શરુ થશે. આમ થવાથી હવે મુસાફરોને સેક્ટર 1 અને ગિફ્ટ સિટી જવા માટે મોટેરા સ્ટેડિયમ અથવા GNLUથી ટ્રેન નહી બદલવી પડે. જ્યારે GNLU અને ગિફ્ટ સિટી ઓફીસો વચ્ચે બસ સેવાઓ પણ દર અડધા કલાકે ઉપલબ્ધ રહેશે. અમદાવાદ-ગાંધીનગર મેટ્રો ડાયરેક્ટ કનેક્ટિવિટી અને ટ્રેન ફ્રિકવન્સી વધારવાને લઈને મેટ્રો રેલ સેફ્ટી કમિશનરે મંજૂરી આપી છે. જેમાં આગામી 15 ફેબ્રુઆરીથી APMCથી સેક્ટર 1 અને ગિફ્ટ સિટી સુધીની ટ્રેન શરુ થશે. આમ થવાથી હવે મુસાફરોને સેક્ટર 1 અને ગિફ્ટ સિટી જવા માટે મોટેરા સ્ટેડિયમ અથવા GNLUથી ટ્રેન નહી બદલવી પડે. જ્યારે GNLU અને ગિફ્ટ સિટી ઓફીસો વચ્ચે બસ સેવાઓ પણ દર અડધા કલાકે ઉપલબ્ધ રહેશે.

### મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-1થી સીધી સેવા શરૂ થશે

હવેથી મોટેરા સ્ટેડિયમ અને ગાંધીનગર સેક્ટર 1થી ગિફ્ટ સિટી સુધી જવા માટે મેટ્રો ટ્રેન મુસાફરોને બદલવી નહીં પડે. મોટેરા સ્ટેડિયમ અને સેક્ટર-1થી ગિફ્ટ સિટી સુધી જવા માટે સીધી મેટ્રો સેવા શરૂ કરવામાં આવશે. જેના કારણે મુસાફરોને મોટી રાહત મળશે અને મુસાફરોનો સમય પણ બચી જશે અને દરરોજ મેટ્રોમાં મુસાફરી કરનારા લોકોને મોટા અંશે રાહત મળશે.

### સરકારને થઈ મોટી આવક

ઉલ્લેખનીય છે કે મેટ્રો સેવા અમદાવાદ શહેરમાં અને ગાંધીનગરમાં શરૂ કરવામાં આવતા અનેક મુસાફરો તેનો લાભ લઈ રહ્યા છે. અત્યાર સુધીમાં કરોડો મુસાફરોએ મેટ્રો ટ્રેનમાં સવારી કરી છે તો બીજી તરફ તંત્રને પણ મેટ્રોથી કમાણીમાં લાભ થઈ રહ્યો છે અને કરોડો રૂપિયાની આવક સરકારે પણ મેટ્રો દ્વારા કરી છે.




### 9 જાન્યુઆરીએ મોટેરાથી ગાંધીનગર મેટ્રો રૂટ સ્થગિત કરાયો હતો

તમને જણાવી દઈએ કે ગુજરાતની રાજકીય રાજધાનીને આર્થિક રાજધાની સાથે મેટ્રોથી જોડવામાં આવી છે. જેમાં મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 અને 5.42 કિમીનો GNLU-Gift City કોરિડોરનો સમાવેશ થાય છે. આ સમગ્ર રૂટ ફેઝ-2 માં આવે છે. આ ફેઝ-2ના મોટેરા ગાંધીનગર રૂટના મેટ્રો સ્ટેશન નિરીક્ષણના અનુસંધાને કેટલાક ફેરફાર કરવામાં આવ્યા હતા. જેમાં એક દિવસ માટે રૂટ સવારથી સાંજ સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો. કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (CMRS) દ્વારા તારીખ 9મી જાન્યુઆરી 2025ના દિવસે ફેઝ-2 કોરિડોરના મોટેરા સ્ટેડિયમથી સેક્ટર-1 અને GNLUથી ગિફ્ટ સિટી મેટ્રો સ્ટેશન સુધીના નિરીક્ષણને ધ્યાનમાં રાખીને મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર સેક્શન વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ સવારે 10.40 કલાકથી સાંજના 4 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવ્યો હતો.

### સગીરાને કેટલાક નબીરાઓ સાથે મિત્રતા કરવી ભારે પડી

# સગીરા સાથે તેના મિત્રોએ આચર્યું દુષ્કર્મ

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદની એક સગીરાને કેટલાક નબીરાઓ સાથે મિત્રતા કરવી ભારે પડી છે. આ સગીરા નબીરાઓ સાથે ફરવા ગઈ હતી. ત્યાં નબીરાઓએ સગીરાને ત્રણ દિવસ સુધી દારૂ પીવડાવીને નશામાં રાખી હતી. તેમજ સગીરા સાથે બળાત્કારના વીડિયો પણ બનાવ્યા હતા. જે વીડિયોના આધારે બ્લેકમેઈલ કરી પૈસા પણ પડાવ્યા છે.જો કે અંતે સગીરાએ પરિવારને જાણ કરતા આ મામલે ખાડિયા પોલીસે ગુનો દાખલ કર્યો છે. આ કેસમાં સગીર સહિત બે આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અને તેની સાથેના સગીર મિત્રોએ ભેગા મળી 15 વર્ષીય સગીરાને પહેલા પ્રેમજાળમાં ફસાવી અને બાદમાં હવસનો શિકાર બનાવી હતી. 15 વર્ષીય સગીરા ગત 2 ફેબ્રુઆરીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેતી બહેનપણીને મહેંદી મૂકવાના નામે નીકળી અને 7મીએ સગીરાને એક યુવક અને યુવતી નશાની હાલતમાં ઘરે મૂકી ગયા હતા. જે બાદ સગીરા ભાનમાં આવતા તેણે પરિવારજનો સમક્ષ પોતાની આપવિતી જણાવી હતી. જેમાં સગીરા સાથે બળાત્કાર થયો હોવાની હકીકત સામે આવતા ખાડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. જેની તપાસ એસટીએસસી સેલને સોંપાતા પોલીસે આરોપીઓની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી છે.


### સગીરાને બ્લેકમેઈલ કરી પૈસા પણ પડાવ્યા, સગીર સહિત બે આરોપીઓની ધરપકડ



### સતત દારૂ પીવડાવી 3 દિવસ સુધી નશામાં રાખવામાં આવી

2 ફેબ્રુઆરીએ સગીરા તેની મિત્ર પાસે હોસ્ટેલમાં ગઈ હતી અને ત્યાં તેના પ્રેમી સહિતના મિત્રો આવ્યા હતા. ત્યાંથી ક્રિષ્ના પટેલ અને મેહુલ ચુનારા સહિતના મિત્રો રાયપુર ખાતે લઈ ગયા હતા. જ્યાં ત્રણેય નબીરાઓએ સગીરાને વીડિયો વાયરલ કરવાની ધમકી આપી દારૂ પીવાનું દબાણ કરી સગીરાને સતત દારૂ પીવડાવી ત્રણ દિવસ સુધી નશામાં રાખવામાં આવી હતી. જે દરમિયાન ક્રિષ્ના પટેલે સગીરાને લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પોલીસે સગીરાના સગીર પ્રેમી તેમજ ક્રિષ્ના પટેલ અને મેહુલ ચુનારા નામના આરોપીની ધરપકડ કરી છે. જોકે આ ગુનામાં અન્ય પુષ્પક નામના ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

## ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહાકુંભમાં લગાવી આસ્થાની ડૂબકી



(એજન્સી) પ્રયાગરાજ | તા.13

પ્રયાગરાજમાં ચાલતા મહાકુંભ મેળામાં કરોડો ભક્તોએ પવિત્ર ડૂબકી લગાવી છે, ત્યારે હવે ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ પ્રયાગરાજના મહાકુંભમાં સ્નાન કર્યું છે. ગુજરાતના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ પ્રયાગરાજના મહાકુંભમાં સ્નાન કર્યું છે. હર્ષ સંઘવીએ સંત, સેવા અને સ્નાનનો મહિમા ધરાવતા સત્તુઆ બાબા સેવા શિબિરની મુલાકાત લીધી હતી.

### હર્ષ સંઘવીએ ટ્વીટ કરી લખ્યું

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ટ્વીટ કરી લખ્યું છે કે, 'શ્રદ્ધા, ભક્તિ અને સનાતનનો સંગમ - મહાકુંભ! પવિત્ર પ્રયાગરાજ મહાકુંભમાં સંત, સેવા અને સ્નાનનો મહિમા ધરાવતા શ્રી સત્તુઆ બાબા સેવા શિબિરની મુલાકાત લઈને શ્રીમદ્ જગતગુરુ વિષ્ણુ સ્વામી શ્રી સંતોષદાસજી મહારાજ 'સત્તુઆ બાબા' ના આશીર્વાદ પ્રાપ્ત કર્યા'.


### માતા-પુત્રનું મોત, બે બાળકીઓ સારવાર હેઠળ

# અમદાવાદની પરણિતાએ ત્રણ સંતાનો સાથે ઝેરી દવા ગટગટાવી

(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદના ઓઢવ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં એક પરણિતાએ પોતાના ત્રણ સંતાનો સાથે સામૂહિક આપઘાતનો પ્રયાસ કર્યો છે. ત્રણ સંતાનોને ઝેરી દવા પીવડાવ્યા બાદ પોતે ઝેરી દવા ગટગટાવી જતાં માતા અને પુત્રનું મોત નીપજ્યું છે. જ્યારે બાળકીને તબિયત ખરાબ થતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. મહિલા પાસેથી સ્યુસાઈડ નોટ પણ મળી આવી છે. પોલીસે હાલમાં આપઘાતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી અનુસાર અમદાવાદના ઓઢવ વિસ્તારમાં રહેતી પરણિતાએ ઘઉં નાખવાની દવા ચોકલેટમાં મિક્સ કરીને બાળકોને આપી હતી. ત્યારબાદ તેણે પણ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ઝેરી દવાની અસરથી માતા અને પુત્રનું મોત નીપજ્યું હતું. જ્યારે બે બાળકીને તબિયત લથડતાં તેમને સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. પરણિતા પાસેથી એક ચિઠ્ઠી લખી હતી તે મળી આવી છે, પરંતુ તેમાં કોઈને જવાબદાર ગણાવવામાં આવ્યા નથી. મારે અને મારા છોકરાને નથી જીવવું. મારા ગયા પછી તમે રડતા નહી. મને અને મારા છોકારાને તમે અગ્નિ આપજો.તમાઈ દિકરી તરીકે મને વિદાય આપજો, મારે કોઈ વહુ બનીને મને વિદાય ન આપતા અને હા એના હાથે મને સિંદુર પણ ના પુરાવતા.

### મહિલા પાસેથી સ્યુસાઈડ નોટ મળી



**ઉલ્લેખીય છે કે પોલીસે પોલીસે પુત્રની હત્યા બદલ મૃતક માતા વિરુદ્ધ ફરિયાદ નોંધી છે. જ્યારે પરિણીતાની આત્મહત્યા પાછળના કારણ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે**

આ ચિઠ્ઠીમાં પરણિતાએ લખ્યું હતું કે મમ્મી પપ્પા હું ખૂબ થાકી ગઈ છું. મારે અને મારા છોકરાને નથી જીવવું. મારા ગયા પછી તમે રડતા નહી. મને અને મારા છોકારાને તમે અગ્નિ આપજો. તમાઈ દિકરી તરીકે મને વિદાય આપજો, મારે કોઈ વહુ બનીને મને વિદાય ન આપતા અને હા એના હાથે મને સિંદુર પણ ના પુરાવતા. મારે તમારા ઘરે પાછું નથી આવવું. હું કોઈના પર બોજ બનવા નથી માંગતી. બસ હવે હું જાવ છું. પપ્પા મમ્મી અને ભાઈ તમે લોકો બહુ રડતા નહી અને અમને લોકોને યાદ કરીને રડતા નહી.

# યુવકે પૂર્વ પ્રેમિકાના કાકાની છરીના ઘા ઝીંકી હત્યા કરી

### પ્રેમિકાના ઘર પાસેથી અવારનવાર બુલેટ લઈને નીકળતા મામલો બીચક્યો : કાકાએ ઠપકો આપતા ચપ્પુથી રહેંસી નાખ્યા



(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદના સરખેજ વિસ્તારમાં મોડીરાતે યુવકની ઘાતકી હત્યા કરવામાં આવી હોવાનો બનાવ સામે આવ્યો છે. યુવકે પૂર્વ પ્રેમિકાના કાકાની છરીના ઘા ઝીંકીને હત્યા કરી હતી. યુવક તેના સાળાના ઘરે પ્રસંગમાં આવ્યો ત્યારે તે પૂર્વ પ્રેમિકાના ઘરે બુલેટ લઈને અવારનવાર પસાર થતો હતો અને હોર્ન મારતો હતો. પ્રેમિકાના કાકાએ યુવકને ઠપકો આપ્યો ત્યારે મામલો બીચક્યો હતો અને છરીના ઘા ઝીંકી દીધા હતા. શહેરમાં બે દિવસમાં ત્રણ હત્યાના બનાવ બન્યા છે.

#### હસનનો ભાઈ ઈલીયાસ ગલ્લા પાસે બેઠા હતા

સરખેજ વિસ્તારમાં આવેલી મસ્તાન બવાની દરગાહ સામે કુંભારવાસમાં રહેતા હસન સુમરાએ સરખેજ પોલીસ સ્ટેશનમાં મુસ્તાક સુમરા (રહે, કુંભાર વાસ, સરખેજ) વિરૂદ્ધ હત્યાની ફરિયાદ કરી છે. હસન સુમરા સંયુક્ત પરિવારમાં રહે છે અને વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલા જય બજરંગ કાર સ્પા નામથી કાર વોંશીગનો ધંધો કરે છે. હસન સાથે તેના પિતા ઈસ્માલ, માતા જુબેદા, ભાઈ ઈલીયાસ અને પત્નિ મુસ્કાન રહે છે. ગઈકાલે રાતે હસન પોતાનું કામ પતાવીને ઘરે આવ્યો હતો અને જમી પરવાનીને ઘરની બહાર આવેલા પાનના ગલ્લા પાસે બેઠો હતો. આ સમયે હસનનો ભાઈ ઈલીયાસ તેમજ પડોશમાં રહેતી સાબીરના ગલ્લા પાસે બેઠા હતા.

#### મુસ્તાકે બુલેટ ઉભા રાખતા ઈલીયાસે ઠપકો આપ્યો

દરમિયાનમાં મુસ્તાક સુમરા આવ્યો હતો. મુસ્તાક સુમરા અને હસનના પરિવાર વચ્ચે મનદુખ ચાલતુ હતું. મુસ્તાક સુમરાને ઈલીયાસની નજીકની સંબંધીની દીકરી સાથે અનૈતિક સંબંધ હતા જેને લઈને દુશ્મનાવટ ચાલુ હતું. મોડીરાતે મુસ્તાક ત્રણ ચાર વખત બુલેટ લઈને હસનના ઘર પાસેથી નીકળ્યો હતો અને હોર્ન મારવા લાગ્યો હતો. દરમિયાનમાં ઈલીયાસે બુમ પાડીને મુસ્તાકને ઉભા રહેવાનું કહ્યું હતું. મુસ્તાકે બુલેટ ઉભા રાખતા ઈલીયાસે ઠપકો આપ્યો હતો કે, અમારા ઘર પાસેથી બુલેટ લઈને નીકળવું નહીં અને હોર્ન મારવો નહીં. ઈલીયાસની વાતથી મુસ્તાક એકાએક ગુસ્સે ભરાયો હતો અને બુલેટ પાર્ક કરીને ઉતર્યો હતો. મુસ્તાકે ઈલીયાસને ગાળો આપવાની શરૂ કરી દીધી હતી. ઈલીયાસે ગાળો નહીં બોલવાનું કહ્યું હતું અને નજીક આવી રહેલા મુસ્તાકને ધક્કો મારી દીધો હતો.

#### ઉશ્કેરાઈ જઈ મુસ્તાકે ઉપરાછાપરી ચપ્પુ ઝીંકી દીધું

બન્ને વચ્ચે બબાલ થતાં અડોશ પડોશના ઝઘડો શાંત કરાવવા માટે વચ્ચે પડ્યા હતા. દરમિયાનમા મુસ્તાકે તેની પાસે રહેલી છરી કાઢી હતી અને ઈલીયાસના છાતીમાં મારી દીધી હતી. ઈલીયાસ લોહીલુહાણ હાલતમાં જમીન પર ઢળી પડ્યો હતો ત્યારે હસન સહિતનો પરિવાર દોડી આવ્યો હતો. ઈજાગ્રસ્ત ઈલીયાસને સારવાર માટે નજીકની હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યા તબીબોએ તેને સોલા સિવિલ હોસ્પિટલમાં લઈ જવાનું કહ્યું હતું. ઈલીયાસને 108 એમ્બ્યુલન્સ મારફતે સોલા સિવિલ હોસ્પિટલમાં લઈ ગયા હતા જ્યાં તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની જાણ સરખેજ પોલીસને થતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવ્યા હતા જ્યારે ઉચ્ચ અધિકારીઓ પણ આવી પહોંચ્યા હતા. સરખેજ પોલીસે મુસ્તાક સુમરા વિરૂદ્ધ હત્યાનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી છે.

**યુવતી સાથેનો સંબંધ તૂટી જવાના અદાવતે ખાર રાખી :** ઈલીયાસના પડોશમાં અરમાન સુમરા રહે છે અને મુસ્તાક તેનો બનેવી થાય છે. મુસ્તાકને ઈલિયાસની નજીકની સંબંધીની દીકરી સાથે અનૈતિક સંબંધ હતા. જેને લઈને બન્ને પરિવાર વચ્ચે વિવાદ થયો હતો. અરમાનના ઘરે પ્રસંગ હોવાથી તેની બહેન નાજુ અને બનેવી મુસ્તાક પણ આવ્યા હતા. યુવતી સાથેનો સંબંધ તૂટી જવાના કારણે મુસ્તાક ઈલીયાસ તેમજ હસન સાથે અદાવત રાખીને બેઠો હતો. ગઈકાલે જાણી જોઈને મુસ્તાક બુલેટ લઈને ઈલીયાસના ઘર પાસેથી નીકળ્યો હતો અને હોર્ન મારી રહ્યો હતો. ઘવાયેલા ઈલીયાસે મુસ્તાકને ઠપકો આપતા અંતે મામલો બીચક્યો હતો.

## ડમ્પરે એક્ટિવા અડફેટે લઈ ચાલકને કચડ્યો, સ્થળ પર જ યુવકનું મોત નિપજ્યું



(એજન્સી) અમદાવાદ | તા.13

અમદાવાદ શહેરમાં ફરી એકવાર અકસ્માતના બનાવમાં નિર્દોષ વ્યક્તિએ પોતાનો જીવ ગુમાવ્યો છે. શહેરના વટવા વિસ્તારમાં એક્ટિવા પર જતા યુવકને ડમ્પરે કચડી નાખ્યો હતો. જેમાં યુવકનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ સમગ્ર બનાવની જાણ થતા ટ્રાફિક પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. હાલ ટ્રાફિક પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસ પાસેથી મળતી માહિતી પ્રમાણે આજે સવારે એક્ટિવા લઈને એક યુવક વટવા કેનાલ તરફ પસાર થઈ રહ્યો હતો. તે સમયે ડમ્પરે એક્ટિવા ચાલકને અડફેટે લીધો હતો.

અકસ્માતમાં ડમ્પરના ટાયર ફરી વળતા એક્ટિવા ચાલકનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવ થયા બાદ આસપાસના લોકો ભેગા થવા લાગ્યા હતા અને 108ને જાણ કરી હતી. પરંતુ યુવકનું મોત થયા બાદ ટ્રાફિક પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી. આ બનાવો અંગે ટ્રાફિક પોલીસે અકસ્માતે મોતનો બનાવ નોંધી તપાસ શરૂ કરી છે. જ્યારે ડમ્પરના ચાલકની ધરપકડ કરવા માટે પ્રયાસો શરૂ કર્યા છે. ઉલ્લેખનીય છે કે, અનેક વખત ડમ્પરની અડફેટે નિર્દોષ લોકોના મોત નીપજે છે. તે સમયે શહેરમાં ડમ્પરના અવરજવરને લઈને અનેક વિવાદો અગાઉ ઊભા થયા છે.

## ગુજરાતના મહાનગરોમાં ગરમીનો પારો 30ને પાર : બેવડી ઋતુનો અનુભવ થશે

(એજન્સી) અમદાવાદ | તા.13

ગુજરાતમાં સતત લઘુતમ અને મહત્તમ તાપમાન વધી રહ્યું છે. તેવામાં લઘુતમ અને મહત્તમ તાપમાન વચ્ચે 17થી 18 ડિગ્રી સેલ્સિયસનો ફેરફાર હોવાથી બેવડી ઋતુનો અનુભવ થાય છે. જ્યારે ચારેય મહાનગરોમાં ગરમીનો પારો 30 ડિગ્રીને પાર પહોંચતા ગુજરાતવાસીઓ ગરમીમાં શેકાશે. ફેબ્રુઆરી માસમાં હજુ પણ આ પ્રકારનું વાતાવરણ યથાવત્ રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

લઘુતમ અને મહત્તમ તાપમાન રાઈઝીંગ ટેન્ડેન્સીમાં રહેવાની શક્યતાઓ છે એટલે કે હજુ પણ આગામી પાંચથી સાત દિવસ દરમિયાન લઘુતમ અને મહત્તમ તાપમાનમાં એકથી બે ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. બેવડી ઋતુનો અનુભવ થતાં ગુજરાતમાં વાઈરલ ઈન્ફેક્શનના કેસમાં પણ વધારો થવાની શક્યતાઓ છે. અગાઉ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર 14 ફેબ્રુઆરી બાદ રોગિષ્ટ ઋતુ શરૂ થશે જે સતત બે મહિના સુધી યથાવત્ રહેશે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં સૌથી ઓછું લઘુતમ તાપમાન નલિયામાં 13.2 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું તથા સૌથી વધુ મહત્તમ તાપમાન રાજકોટમાં 34.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં લઘુતમ અને મહત્તમ તાપમાન સામાન્યથી વધુ નોંધાઈ રહ્યું છે. તેવામાં અમદાવાદ શહેરમાં છેલ્લા 24 કલાક દરમિયાન લઘુતમ તાપમાન 17.4 ડિગ્રી સેલ્સિયસ જ્યારે મહત્તમ તાપમાન 32.5 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ ઉપરાંત વડોદરામાં લઘુતમ તાપમાન 16.4 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 31.8 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં લઘુતમ તાપમાન 15.4 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 34.4 ડિગ્રી સેલ્સિયસ તથા સુરતમાં લઘુતમ તાપમાન 19.8 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 32 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

### ત્રણ દિવસ બાદ ગરમીમાં થશે વધારો

હવામાન વિભાગના ડાયરેક્ટર એ.કે.દાસના જણાવ્યા અનુસાર હાલમાં ગુજરાત ઉપર ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવનો આવી રહ્યા છે, પરંતુ ઉત્તર ભારતમાં હાલમાં કોઈપણ વેસ્ટન ડિસ્ટર્બન્સની અસર નથી જેને પગલે તાપમાનનો પારો વધી રહ્યો છે. તથા ઉત્તર અને ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન આવી રહ્યા છે જે પણ મેદાની પ્રદેશમાં થઈને ગુજરાત તરફ આવી રહ્યા છે. જેને કારણે તાપમાનનો પારો સતત વધી રહ્યો છે. આગામી ત્રણ દિવસ લઘુતમ અને મહત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફારની શક્યતાઓ નહિવત છે, પરંતુ તાપમાન રાઈઝિંગ ટેન્ડેન્સીમાં રહેશે તથા ત્રણ દિવસ બાદ લઘુત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનું વધારો થવાની શક્યતાઓ છે તથા મહત્તમ તાપમાન પણ આગામી એક સપ્તાહ સુધીમાં 35 ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી શક્યતાઓ છે. ફેબ્રુઆરી માસમાં જ વધતા જતા તાપમાનને કારણે ગુજરાતવાસીઓ હેરાન થઈ રહ્યા છે. ત્યારે અમદાવાદમાં પણ આગામી 24 કલાક દરમિયાન વાતાવરણ શુષ્ક રહેવાની સાથે લઘુતમ તાપમાન 17 ડિગ્રી સેલ્સિયસ અને મહત્તમ તાપમાન 33 ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની શક્યતાઓ છે.